કુમાર

અંક ૫૮

· ઉગતી · પ્રજાનું · માસિક ·

તંત્રી : રવિશંકર રાવળ

પુસ્તક પાંચમું

અંક ૧૦

આસો   દીપોત્સવી અંક   ૧૯૮૪



કલ્પક : કૃષ્ણલાલ ભટ્ટ

કુમાર

આસો ૧૯૮૪

અંક ૫૮

તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી—કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટઃ સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ.

ગ્રાહકો વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવા-નો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી.

લેખકોઃ જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



ઉમા

(ચિત્રકાર : શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર)

કુમાર

વર્ષ પાંચમું
અંક દસમો

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

મહાકાળ

कालोऽस्मि लोकक्षयकृत् प्रवृद्धः

: વસંતતિલક :

૧

બ્રહ્માંડનો અટલ ચાલક એકનાથ,
સર્જું હણું ક્ષણિક શાશ્વત કૈંક સૃષ્ટિ;
વર્ષો યુગો ઋતુ રચી જગચક્ર સાથ,
જાગે સદા કરુણ ઘોર ત્રિકાલદૃષ્ટિ.

૨

ઇચ્છું,—અને ચઢત સાગરપ્રાણ છોળે;
સ્પર્શું,—અને પ્રલય વાયુ પ્રચંડ રોળે,
ઉચ્ચારમાં ગરજતો ઘન મેઘરાજ,
ને લોચને ક્ષલિત સાન્ધ્ય ઉષાસુહાગ.

૩

છું વેદિએ પ્રજળતો મધુ યજ્ઞધૂપ,
જ્વાળામુખે જડ સહસ્ર વિલાસ શોધું;
સંસારનું સરળ જીવનસૂત્ર પોઉં,
ધારૂં અઘોર રમણીય અનંત રૂપ.

૪

સૌંદર્યનો અધિક હું વિકરાળ પ્રાણ,
વજ્રો વિશે મૃદુલ ફુલકળી સરીખો;
અંગાર શોકભર ભવ્ય સુધીર આત્મ,
ક્રોધાનલે તદન અમૃત ભાવભીનો.

૫

સમ્રાટ છું વરદ વિશ્વવિકાસ કેરો,
તંત્રો મહાન મુજ સન્મુખ અલ્પ ગ્રાસ;
પ્રારબ્ધ છું પરમ શાશ્વત કર્મભોગી,
મારો વિશાળ રસધર્મ-વિધિ અનેરો.

૬

છું સત્યકામ સહુ મોહક અનૃતોમાં,
છું પૂર્ણપ્રાણ મુજ આંતર શક્તિઓમાં;
ને આ અગાધ સચરાચર નૃત્ય-ઝોલે
મારો વિરાટ સ્થિર ભૈરવ આત્મ ડોલે.

૭

હું એકલો સકલ સર્જન ને વિનાશ,
બ્રહ્માંડનો અટલ ચાલક એકનાથ.

હરાળજી પરમાર



એક વખત એક રાજા સવારના પહોરમાં પોતાના બગીચામાં ફરવા ગયો. પણ ત્યાં બધાં વૃક્ષો અને ફુલઝાડોની પ્રફુલ્લતા જોવાને બદલે સૌને વિલાપ કરતાં ને અશ્રુ સારતાં જોયાં. રાજા તેનું કારણ વિચારવા લાગ્યો અને ધ્યાનમાં ચડી ગયો. તે વેળા તેને દરેક ઝાડ પોતાની કથા કહેતું હોય એમ લાગ્યું. એક મોટું લીમડાનું ઝાડ કહે, 'અરે, મારો જન્મ વૃથા છે. હું આટલી સુંદર તંદુરસ્ત હવા આપી શકું છું, ઉનાળામાં ઘટા ધરૂં છું, પણ ઈશ્વરે મને કડવાશ જ આપી. મારાં પાન કડવાં, મારાં ફુલ કડવાં, ફળ પણ કડવાં અને સાવ ઝીણાં. ત્યાં આંબો ગણગણ્યો, 'અરે રે, મારૂં દુઃખ કોણ જુએ છે ? મારાં ફળોની મધુરતા સૌ વખાણે, પણ મારાં ફુલ તો એમ ને એમ ખરી પડે છે. પેલાં નાનાં ડોલર ને ગુલાબનાં ફુલો શાં માન પામે છે!' ત્યાં તો ગુલાબની ઝીણી ચીસ પડી, 'અહહ! પ્રભુએ સુંદર ફુલ તો આપ્યાં, પણ આટલી સુંદરતાની સાથે તેણે કાંઇ નહિ ને કાંટા આપ્યા!' ત્યાં આમલી કકળી ઉઠી, 'મારા વિશાળ દેહ પર જુઓ તો કેવાં ઝીણાં પાન છે? મારાં ફળોનો ઉપયોગ જુઓ તો લોકો કેવો કરે છે! આ ટચુકડી બોરડીનાં ફળ લોકો આનંદે ઉડાવે છે.' બોરડીને દુઃખ હતું તેના ફુલરહિતપણાનું; કેળને સુંદર કેળાંની લુમો લાગી હતી તો ય દુબળી દેહથી દયામણી થઇ ઉભી હતી. આમ ચારેકોર દરેકને કંઇ ને કંઇ રૂદન કરતાં સાંભળતો રાજા ફરતો ફરતો એક નાના ક્યારા પાસે આવ્યો. ત્યાં એક રાતું ગલનું ફુલ ખિલખિલાટ હસી રહ્યું હતું. રાજા તો આશ્ચર્ય પામ્યો અને તેને પુછ્યું, 'અરે ગલ! તું શા કારણથી હસે છે? નથી તારા ફુલના હાર થવાના; નથી તને ફળ; નથી તારી મજબુત દેહ અને બે દિવસની તેજી ભોગવી તું તરત કરમાઇ ખરી પડવાનું. છતાં આટલો આનંદ શો ?' ગલ કહે, 'રાજા, એમાં શું પુછો છો? ઇશ્વરે મને એવું સર્જ્યું માટે મારે એવા થઇ જવી બતાવવું. એ માટે વળી શોક શો કરવો ? શોક કરવાથી કંઇ પ્રકૃતિ બદલી શકાવાની હતી? તે આપણા હાથની વાત નથી; પણ ખુશમિજાજ રહેવું તો આપણાથી બને જ.'

આપણે બધા મોટે ભાગે આ બગીચાનાં વૃક્ષોની જેમ આપણી પરિસ્થિતિ પર કકળ્યા કરીએ છીએ. આપણને શું નથી મળ્યું તેની ચિંતા અને વિચારમાં, મળેલી તક અને સાધનોથી કામ કરી લેતા નથી અથવા નભી રહેવા યત્ન કરતા નથી. કેટલા યે લોકોમાં એકાદું કામ સારી રીતે કરી આપવાની શક્તિ રહેલી હોય છે; છતાં વકીલોને મન્દ છે, ડાક્ટરોને લ્હેર છે, અમારા ધંધામાં જરાયે કસ નથી, એમ કહી પોતાના કામ પર કસાણું મોં કર્યાં કરે છે અને તેને સફળતાથી બનવી આપવામાં શિથિલતા રાખે છે. એને પરિણામે તે કામની અધષ્ઠાતા ભાવના તેના દિલમાં કોપ પામે છે અને તેને વધુ ને વધુ દુઃખની લાગણીઓથી હેરાન કરે છે. દુનિયામાં જોશો તો ચોમેર અસંખ્ય દાખલા એવા મળી આવશે કે કચરાપટ્ટી જેવું લાગતું કામ લઇ બેઠેલા માણસો એકધારી મહેનતથી લાંબી મુદતે તેમાંથી ઘણી જ આબાદ જીંદગી પામ્યા છે, જ્યારે તડાકાબંધ પૈસા ખેંચનારાઓ પોતાની જીંદગીમાં કોઇ એક જ પ્રસંગની ચપટીમાં આવતાં સાવ પાયમાલ ને લાચાર બની ગયા હોય છે. પ્રામાણિક એકધારી મહેનતની ફીલસુફી એ ખાલી દિલાસો નથી, પણ પૃથ્વીના ઇતિહાસને પાને પાને તેની સાબિતી આપનાર કિસ્સાઓએ ઘડેલી નરી હકીકત છે.

તમે તમારા હાથ પરનાં રોજનાં કામ બરોબર ઉકેલતા જાઓ, આસપાસ ભુલો કે વિસ્મૃતિનાં જાળાં થવા ન દ્યો અને તમારી શક્તિ બહારનો વહીવટ કે જવાબદારી વહોરવામાંથી બચી રહો તો તમારો જીવનપ્રવાહ ધીરી પણ મક્કમ ગતિએ સુખ, શક્તિ અને શાંતિની સ્થિતિમાં વળશે. એમાં સંદેહ ન જ હોઇ શકે. પ્રતિભા અને કિસ્મતનાં ભુતો તમને વારંવાર અકળાવતાં રહેશે, પણ જરા આસપાસ બનતા બનાવો જોઇ વિચાર કરશો તો તમને લાગશે કે પ્રતિભા અને કિસ્મતની મહેરબાનીવાળાં મનુષ્યો આકસ્મિક બનાવટો નથી હોતા. તમે કોઇ પ્રસિદ્ધ લેખક જુઓ, કોઇ બાહોશ પત્રકાર જુઓ કે કોઇ સમર્થ દેશનેતા જુઓ, કોઈ પ્રતિભાશાળી કવિ કે અનેક સુખસાધનો વાળો શ્રીમાન મિત્ર જુઓ ત્યારે તમને અસંતોષની લાગણીઓ ઘેરી તમારી સામાન્ય રંક કારકીર્દિ પર ઉપહાસ કરતી લાગતી હશે. તમને એમ થતું હશે કે હું કંઇ જ નથી. મને નામના મળી નહિ, પૈસા કે સત્તા મળ્યાં નહિ, યા ગૃહસંસારનાં કોઈ સુખ મળ્યાં નહિ.

મિત્રો! આવી પળોનો અનુભવ કર્યા વિના કોઈક જ બાકી હશે એમ હું ખાતરીથી માનું છું. એ વખતે તમે દરેક બાહોશ નરને, દરેક શ્રીમાનને, દરેક પ્રસિદ્ધ માણસને જરા દ્વેષની આંખે પણ જોતા હો તો નવાઇ નથી. પણ એ સ્થિતિમાં વધુ વખત રહેનાર માણસ જાતને જ નુકસાન પહોંચાડે છે. તેની વિલાપ કરતી સ્થિતિ પર દુનિયા તો બેદરકાર જ રહેશે. દુનિયાને ત્રાજવે જેઓ પોતાને જોઇતી સ્થિતિની કીમત

ધરે છે તેને જ દુનિયા નવાજે છે.

કવિ ટાગોરે કેટલાં વર્ષો અપ્રસિદ્ધ જીવનની દીવાલો વેઠી હતી એ જુવાન કવિલેખકો વિચારે તો? ૫૦મે વર્ષે કવિને તેમના પોતાના પ્રાંત બંગાળે સન્માન્યા. આવી કોઇ વિશ્વ-પ્રતિભાની પૂજા કરતાં યે દુનિયા વાર લગાડે છે, તો પોતાની જાત અને શક્તિ વિષે બીજા કોઈ આંક મુકે તે પહેલાં જાતે જ તે પર અસંતોષી નજર કરવી યોગ્ય ગણાય ? ગુજરાતના રાજકીય જીવનમાં શ્રી વલ્લભભાઇ પટેલની યોગ્યતા વિષે જેઓ થોડાં વર્ષો પહેલાં મત બાંધી બેઠા હતા તેમણે આજ તેમને જુદી જ આંખે જોયા હશે. પોતાના હાથમાં આવેલું કામ એકનિષ્ઠા અને પાકી નજરથી કરી બતાવનારમાં કેવી સચોટ પ્રતિભા અને નવી જીવન-દૃષ્ટિ હોય છે તેનો ખ્યાલ એમના દૃષ્ટાંતથી પ્રત્યક્ષ નથી થતો ? ગુજરાતે જ નહિ બલ્કે સમગ્ર ભારતે એમને અદ્વિતીય નર તરીકે ઓળખ્યા તે પહેલાં એમણે કેટલું મૌન, કેટલો ભાર અને કેટલી ક્ષમતા વેઠ્યાં હશે તે ઉતાવળે કારકીર્દિ બતાવવાની ચિંતા રાખનારાઓ વિચારે તો લગાર આશ્વાસન મેળવે ખરા.

માત્ર પુસ્તકો વાંચીને કે પરદેશોમાં સફળતા મેળવનારા નરવરોની નામાવલિ જોઇને પોતાના જીવનને વલોવી નાખવા કરતાં બીજા અસંખ્ય સહન કરી રહેલા, ખાણોને તળીએ જઈ કામ કરી જીવતા માણસોથી છેક પોતા સુધી દૃષ્ટિ ફેરવવાથી માણસ પોતાના પક્ષમાં ઘણી સગવડ ને સાધનો મળેલાં જોઈ શકશે.

આગળ જવાની ધગશ કમી ન કરો; પણ તે સાથે, છે તે બાબતનો અસંતોષ ધરી જીવનને નિરાશામય ન કરી બેસો. સ્પર્ધાને ખાતર આગળ જવાની વાત ન કરતા. તમારૂં જીવન અને ઊર્મિઓ એકધારા ઉત્સાહથી ભરેલાં રાખશો તો કોઇ મુશ્કેલીઓ ટકવાની નથી.

સૌને નવું વર્ષ સુખરૂપ થાઓ.

બાલરાજાની આ અંકમાંની વાર્તા હસ્તલિખિત ' મુકુલ 'માંથી લીધેલી છે.

સંસ્કૃતિનાં પ્રેરણાબળ [અનુસંધાન પાછલે પાનેથી]

જાણવા પરવા પણ કરતા નથી; જેઓ મોટે ભાગે વિચારોમાં, માનસમાં, (રૂઢિ પરત્વે પડતા જુજ ફેરફાર સિવાય) વર્તનમાં તથા જીવન પ્રત્યેનું દૃષ્ટિબિંદુ લેવામાં પશ્ચિમનાં સંતાનો છે; જેઓની રસવૃત્તિ અન્ય સાહિત્યોથી પોષાય છે; જેઓના અભિપ્રાયો સ્વતંત્ર નથી પરંતુ પરદેશી વિદ્વાનોની વિચારણા વડે દોરાય છે; જેઓનાં વેદનાં પ્રમાણો યૂરોપમાંથી ટાંકવામાં આવે છે; જેઓ રાષ્ટ્રીય સંગઠનના એકેએક પ્રદેશમાં પશ્ચિમનો પડઘો પાડી ' અમે નવજીવન લાવીએ છીએ ' એવી ભ્રમણામાં પડ્યા છે. એમાં પશ્ચિમનો દોષ શો ? આપણને પોતાને ક્યાં આપણી વસ્તુઓ જોવાની પરવા છે?

એ તો કોઇ નરસિંહ મહેતો પાક્યો અને જેમ ગુર્જર સાહિત્યની કવિપ્રતિભા જાગ્રત થઇ, જેમ તુકારામ ને રામદાસ પાક્યા ને મહારાષ્ટ્રની રચના થઈ, જેમ ગોવિંદસિંહ ને નાનક વડે શીખ–સર્જન થયું, તેમ જ, સેંકડોની સંખ્યામાં, જીવનના એકેએક ક્ષેત્રમાં શાંત સાધના કરનારા સમર્થ પુરુષવરો નીકળશે ને પોતાના રક્ત વડે તેમને પુનરૂજ્જીવિત કરશે ત્યારે જ થશે.

બાપદાદાઓનો વારસો—તેમની મુડી તમારે હાથ કરો એ મારા કહેવાનો આશય છે. તમે ભલે નવીન સાહસો ખેડો, વર્તમાનનાં સર્વ બળોનું ભક્ષણ કરી જાઓ; પરંતુ તેમને પચાવો, તેમને તમારાં બનવો. સંસ્કૃતિનાં મૌલિક તત્ત્વો કાયમ રાખી પછી સારા યે જગતને ભલે આપણા જીવાનો પચાવી જાય. જે ખાશે તે તેમના ખમીરમાં વધશે. પણ પોતાનું ખમીર ખોઇને આખી દુનિયાની મહત્તા પ્રાપ્ત કરવામાં, મને કોણ જાણે કેમ, પણ હિણપત લાગે છે.

ગ્રાહકો ! આજથી ચેતો

કુમારના આ વર્ષના હવે બે જ અંક બાકી છે: કારતક ને માગશર. માગશર અંક એ આ વર્ષનો છેલ્લો અંક. ઘણાખરા ગ્રાહકોનાં લવાજમ એ માગશર અંક સાથે પુરાં થાય છે. તેમણે, આવતા વર્ષમાં પોતાને ગ્રાહક ચાલુ રહેવું છે કે નહિ તેના ખબર અમને માગશરની પુનમ (૨૫મી ડિસેમ્બર) પહેલાં આપી દેવા. કેમકે

ગયા વર્ષની પેઠે આ વખતે પણ માગશરનો અંક વી. પી. થશે. માટે

- જો ગ્રાહક ન રહેવું હોય તો લખી જણાવો એટલે એ અંક તમને સાદી પોસ્ટથી મોકલીશું.
- જો ગ્રાહક ચાલુ રહેવું હોય તો તેવા ખબર આપો એટલે એ અંક વી. પી. કરીએ. (મની ઑર્ડરથી લવાજમ મોકલો તો સૌથી સારૂં. એ રીતે બે આના અને તકલિફ બચશે.)
- જો કશા ખબર નહિ આપો તો, આવતે વર્ષે તમે ગ્રાહક રહેવા ઇચ્છો છો એમ સમજી માગશર અંક તમને વી. પી. થશે.

અને એ વી. પી. જો પાછું વાળશો તો

એના પોસ્ટેજની નુકસાનીના સવા બે આના ભરીને જ તમે તમારો એ લેણો અંક મેળવી શકશો. નહિતર એ અંક ખોશો.

માટે અત્યારથી ચેતીને તા. ૨૫મી ડિસેમ્બર–માગશરની પુનમ—પહેલાં અમને તમારો નિર્ણય લખી જણાવો.

સંસ્કૃતિનાં પ્રેરણાબળ

[અંબાલાલ પુરાણી]

આર્ય સંસ્કૃતિનો એક લાક્ષણિક દૃષ્ટિકોણ છે; તેનું જીવન પ્રત્યે એક દૃષ્ટિબિંદુ છે; અને તે કેવળ દૃષ્ટિબિંદુ જ નહિ, પરંતુ પ્રાણવાન કેન્દ્ર છે. રાષ્ટ્રના-જાતિના આત્માનું તે કેન્દ્ર છે. આર્ય પ્રજાની બધી યે પ્રવૃત્તિઓ તે કેન્દ્રમાંથી પ્રેરાએલી જણાય છે,—ભૂત ઇતિહાસ, સામાજિક જીવન, શિક્ષાપ્રણાલિ, રાજનીતિ, સર્વે. યૂરોપે આપણું તે કેન્દ્ર જીતવા, તેની શક્તિને શિથિલ કરવા સૌથી વધારે પ્રયત્નો કર્યા છે—હજી પણ કરે છે. બીજી પ્રજાઓ તો યૂરોપથી હારી ચુકી. તુર્કીને તો એવું કેન્દ્ર હતું નહિ. આરબોએ આપેલું કેન્દ્ર છોડીને તેણે સીધો યૂરોપનો રસ્તો લીધો છે. તે મહાન પ્રજા થાય એ સંભવિત છે. હું તો કહું છું કે ગુલામીમાં સડે તેના કરતાં તો તે વધારે ઈષ્ટ છે.

પરંતુ મારી ફરિયાદ એ રહે છે કે એ નૂતન તુર્કી એટલે કોણ? એ નવજન્મ પામેલા તુર્કીનું વ્યક્તિત્વ શું? એ તો હશે યૂરોપનું છેલ્લું પ્રતિબિંબ. એ હશે ખુદ યૂરોપમાં પરવારી જવા આવેલી, યૂરોપીય સંસ્કૃતિની વિજયધ્વજા. તેવું જ કાંઇક અફઘાનિસ્તાનનું પણ નથી? પરંતુ એ પ્રજાઓને તેમ કરવામાં ખાસ્સું કારણ છે. તેમની પાસે 'પોતાની' એવી સંસ્કૃતિ ક્યાં ? તેઓ જેને માટે મરી ફીટે એવા સંસ્કાર ક્યાં? તેઓ જેને માટે ગૌરવ ધારણ કરે એવો, ઈતિહાસ, એવું તત્ત્વજ્ઞાન, સાહિત્ય કે રાજતંત્ર તેમણે ક્યારે જોએલાં? તેમણે ઇતિહાસમાં વહન કરેલું, પરંતુ ઇતિહાસમાં અને રાજતંત્રમાં ભાવનાઓ લાવવાને તેઓ ક્યારે મથેલા? હા, તેમણે મહમ્મદ પયગમ્બર સાહેબનો સંદેશ ઝીલીને સર્વેને તે કબુલ કરાવવા માટે તલવાર ને આગ ચલાવી; તેમણે કુરાનનો સંદેશ જગતભરમાં-તેના મોટા ભાગમાં પાઠવ્યો. પણ એ તો અરેબિક-સેમેટિક સંસ્કૃતિનો વિસ્તાર હતો; અને તેની ઝળહળતી કારકીર્દિ ધર્માંધતાના—કહો કે અતિશ્રદ્ધાના બળ પર રચાએલી હતી. એ કારકીર્દિ ચાર કે પાંચ સદીઓમાં પરવારી જવા આવી; કારણકે કુરાનમાં કેવળ પ્રેરણાબળ હશે; પરંતુ તેમાં વિચારસ્વાતંત્ર્ય કે તત્ત્વજ્ઞાનની પદ્ધતિઓ, કળાઓનાં શાસ્ત્રો ને પ્રયોગો, રાજતંત્રના અભ્યાસ, સાહિત્યનાં સર્જન વગેરે ક્યાં હતાં, કે તે લાંબું ટકે?

યૂરોપની હકીકત જરા જુદી છે. તેમની સંસ્કૃતિ ખ્રિસ્તી (આરંભમાં હતી તેવી) કહી શકાય જ નહિ; એટલે ધાર્મિક સંસ્કૃતિનાં લક્ષણો તેનામાં મળે નહિ એ સ્વાભાવિક છે. યૂરોપ—વર્તમાન યૂરોપ એટલે ગ્રીક સંસ્કૃતિ અને રોમન કાળના સંસ્કારોનો વિજયકળશ.

ગ્રીક સંસ્કૃતિ એટલે બુદ્ધિપ્રધાન, મોહક, સુંદર, સશક્ત માનવતાનાં સ્વપ્નાં સદેહે સેવતી સંસ્કૃતિ. ગ્રીક સંસ્કાર એટલે માનવબુદ્ધિની પરિસીમાનો માનવતાની ઉત્તમોત્તમ ને અંતિમ શક્યતા તરીકે સ્વીકાર. (બુદ્ધિથી પર એવા પોતાના દૃષ્ટાઓને ગ્રીકે પોતે જ સ્વીકાર્યા નથી: દાખલા તરીકે હેરેક્લિટસ, પ્લેટો વગેરે.) પ્રમાણ, તર્ક, અવલોકન, સંવાદિત્વ વગેરે તેમની બુદ્ધિનું ખાસ લક્ષણ ગણાય. ખ્રિસ્તી (રોમન કૅથોલિક) ધર્મની સત્તા તોડવામાં બુદ્ધિ-તર્કની પદ્ધતિ પ્રધાન હતી. અને ભૌતિકશાસ્ત્રોની શોધખોળમાં માનવજાતિ પ્રગતિ કરતી હોવાથી છેવટે પ્રત્યક્ષ પ્રમાણ વડે આગળ વધતી ભૌતિક વિદ્યાઓ જીવનના સર્વે અંતિમ પ્રશ્નોના ઉકેલ લાવવામાં નિયામક મનાવા લાગી. સાથેસાથે યૂરોપના સામાજીક જીવનમાં સહકાર, વ્યક્તિ ને પ્રજાસ્વાતંત્ર્ય, પ્રજાકીય ભાવનાનો ઉદય તથા તેનું સબળ રાજ્યતંત્રના રૂપમાં સંગઠન વગેરે પણ, ધર્મનો અને ધર્મને અંગે સ્થપાએલી સામાજીક અને રાજકીય રચનાનો નાશ (ફ્રેન્ચ રેવોલ્યુશન અને રીફૉર્મેશન) થયા પછી સહેલાઈથી ઉદય પામ્યાં. સંઘબળ, વ્યવસ્થા, નિયંત્રિતતા, નિયમિતતા વગેરે અનેક વ્યવહારૂ ગુણો તેમણે ચીવટથી કેળવ્યા; તેમણે સાહસો ખેડ્યાં; તેમણે જાન કુરબાન કર્યા; તેઓ (અસલના અસુરોની પેઠે) જગતને જીત્યા.

પરંતુ, તેમણે જગતની પ્રજાઓના આત્માને પણ જીતવાનો પ્રયત્ન કર્યો ને તેમાં ઘણી ફતેહ પણ મેળવી છે. હવે જોવાનું એ છે કે આપણા રાષ્ટ્રજીવનની પુનર્ઘટનામાં પણ શું આર્યાવર્ત મરવાનું છે? હું પ્રાચીનનો ઉપાસક નથી. ભૂત તો મૃત્યુ પામ્યો છે એવું માનનારો છું; ભાવિમાં શ્રદ્ધાવાળો પણ છું. પરંતુ જે સંસ્કૃતિમાં વેદ, ઉપનિષદ, ગીતા, ષડદર્શનો, નાટકો, મહાકાવ્યો, ચંપુઓ, વાર્તાઓ, પુરાણો અને પ્રાકૃત ભાષાનાં આટઆટલાં સાહિત્યો ને ધર્મજીવનો પાક્યાં તે શું વંધ્યા થઈ ગઈ છે? શું ભાવિના સર્જન માટે તેણે યૂરોપનાં એઠાં સ્વપ્નાં જ જોવાનાં રહ્યાં છે? શું તેણે ભૌતિક શાસ્ત્રોની દયા ઉપર જ જીવવાનું રહ્યું છે? તેનું પોતાનું હોય તેવું ભાવિનું દર્શન જ તેને નથી કે તેણે રશિયાના સમાજસત્તાવાદ (બોલ્શેવિઝમ)ને લાવીને, હિંદમાં તેનાં પુસ્તકોનો પ્રચાર કરીને પોતાનું જીવન ટકાવવાનું હોય? જવાહરલાલ નેહરૂનાં ભાષણોમાં પણ માત્ર નિરાશા છે તે આ જ.

તમારી સંસ્કૃતિ વર્તમાન પ્રશ્નોનો વિચાર કરીને તેનો પોતાનો રાષ્ટ્રીય કે સાંસ્કારિક ઉકેલ આપવાને શક્તિમાન છે જ નહિ? જો એમ જ હોય તો ભલે તે મૃત્યુ પામે. જગતને કે આપણે તેમાં શોક કરવા જેવું શું હોય? ભાવિ સૃજનને માટે જે નાલાયક હોય તેનો તો વિનાશ જ યોગ્ય ગણાય.

પરંતુ આર્ય સંસ્કૃતિ એવી વંધ્યા છે એમ કોણ કહે છે? ઘણુંખરૂં તેઓ જ જેઓ તેના વિષે કશું જાણતા નથી—

[અનુસંધાન પાછલે પાને મિજલસને છેડે]

જેણે ભારતને તેની પ્રાચીન કલાની શુદ્ધ પરંપરાનો તાર શોધી બતાવી પોતીકા સંસ્કારને માર્ગે વાળ્યો; પ્રકાશમાન ચારિત્ર્યની દીપ્તિથી જ્વલંત ચિત્રો વડે જેણે દેશની કળાલક્ષ્મીની પુનઃ પ્રતિષ્ઠા કરી; જેણે ભારતીય શિલ્પના પુનર્વિધાન તથા વિકાસના કર્ણધાર બની દેશને એ પ્રાચીન સંસ્કારની પ્રેરણાના નવા પાશથી રંગી દીધો.

શિલ્પાચાર્ય

શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર

અંગ્રેજ સરકારે હિંદુસ્તાનને કેળવણી આપવાના ઇરાદાથી મોટીમોટી યૂનિવર્સિટીઓ ઉભી કરી તે વખતે એમ જ માની લીધેલું કે આ દેશને પોતાની જુની સંસ્કૃતિ જેવું કશું છે જ નહિ. પરિણામે એ યૂનિવર્સિટીઓમાં કેળવાઇને બહાર પડેલા માણસો પારકા બીબાની છાપ જેવા, પોપટિયા ને સંસ્કૃતિશૂન્ય નીકળ્યા. તમે એને રામાયણ મહાભારતનું પુછો તો શેક્સપિયર કે ઇલિયડના પુરાવા આપવા માંડે; તત્ત્વજ્ઞાનની વાતો માંડો તો યૂરોપનું સૈકા પહેલાં જે જ્ઞાન હતું તેનો પટપટારો કરે; ધર્મ-પ્રેરણા કે સંસ્કાર જેવી કોઈ ચીજ નથી એ તેની દૃઢ માન્યતા; હિંદી સંગીત ગ્રામોફોન અને હાર-મોનિયમમાં સમાઈ જાય છે એ તેનો અનુભવ; હિંદના પોષાકો અને અલંકારો તો જંગલી અને બીન કેળવાએલી જાતિના નમુના છે એ તેનો અભિપ્રાય; અને તમે હિંદી કળાની વાત પર આવો ત્યારે તો તેને એ કેવળ નવો જ વિષય લાગે.

ગયા સૈકાની અધવચમાં ઇંગ્લંડને કળાશિક્ષણની જરૂરિયાત સમજાઇ અને ત્યાં ઠારોઠાર કળાશાળાઓ સ્થપાઇ, એ અસરથી પ્રેરાઇને હિંદુસ્તાનની સરકારે પણ એક ઠરાવ કરી દરેક ઇલાકાના મુખ્ય શહેરમાં એક એક આર્ટ સ્કુલ સ્થાપી. એ શાળાઓમાં મોટે ભાગે દેશમાં ચાલતા ઉદ્યોગો માટે કારીગરો ઉત્પન્ન કરવાનું કામ થતું; પણ તેમનામાં નવી પ્રેરણા ને સંસ્કાર જગાડનાર બળોની ખોટ પડવાથી દેશમાં તેની જોઇએ એવી અસર થતી નહોતી. સર જ્યૉર્જ બર્ડવુડ જેવા ઇન્ડિયા ઑફિસના રુખીની પણ માન્યતા એવી હતી કે હિંદુસ્તાનમાં પહેલાં કદિ લલિતકળા હતી જ નહિ, અને સરકારની એવી માન્યતાને લીધે અહીં ઉઘાડેલી કળાશાળામાં યૂરોપનાં કળા ને સંસ્કાર વિદ્યાર્થીઓમાં ઉતારવાને ત્યાંના જ ધોરણ પર અભ્યાસક્રમ રચાયો હતો. એવી એકાદ આર્ટ સ્કુલમાં જાઓ તો પ્રથમ તમને યૂરોપની બાંધણીનું મકાન પહેલું નજરે પડે. અંદરના મુખ્ય ખંડમાં યૂરોપનાં ચિત્રોની સાધારણ નકલો લટકાવેલી હોય. શિક્ષણના વર્ગોમાં નાનામાં નાના આકારથી માંડી દરેક નમુનો વિલાયતી જ હોય, અને ચિત્ર માટે ગ્રીસ તથા રોમનાં પુતળાંનું ટોળું આંખે ચડે. જેની તવારીખ કે ચેષ્ટા હિંદી વિદ્યાર્થીના ચિત્તમાં ઉતરતાં યુગ લાગે તેવાં ઍપોલો, વીનસ અને હરક્યુલિસ કે લેકૂન જેવાં પુતળાંની વચ્ચે પુરી, તેના જન્મથી પરિચિત પાત્રો અને કલ્પનાઓનું ખૂન કરી, યૂરોપની કળાનો પ્રભાવ તેની આંખ સામે તગતગતો કરવો એ જ આ શાળાઓનું મુખ્ય કાર્ય બન્યું હતું. પરિણામ એ આવ્યું કે માઇકલ ઍન્જેલો ને રાફેલ હિંદી વિદ્યાર્થીને કલાદેવતા લાગવા માંડ્યા; દૃશ્ય વસ્તુઓની કે જીવસૃષ્ટિની આબેહૂબ નકલ લેવાની શક્તિમાં જ કલાની સીમા આવી જતી ગણાવા લાગી; કલ્પના અને પ્રેરણા કે આંતરદર્શનને એ કળામાં કોઇ અવકાશ રહ્યો નહિ.

કેવળ આર્ટ સ્કુલોમાં જ નહિ, પણ ધીરેધીરે સમગ્ર દેશપર પરદેશી કલાનો પાસ બેસવા લાગ્યો. હિંદુસ્તાનના રાજા-મહારાજાઓ, વિદ્વાનો અને અધિકારીઓ આ નવી કળાની તાદૃશતા પર મોહિત થયા હતા. અને બીજી બાજુએ જ્યારે હિંદની પોતીકી કળાસમૃદ્ધિ છિન્નભિન્ન થઇને દેશપરદેશનાં સંગ્રહાલયોમાં મોંઘા આદર પામી રહી હતી, ત્યારે હિંદી પોતાની કળાલક્ષ્મીનો અનાદર કરી પરદેશી રાચરચીલાં, તથા પોતાના સંસ્કારો ને રહેણીકરણીમાં અનુકુળ કે અનુરૂપ ન લાગે એવો બીજો ખેરીચો ખરીદી રહ્યો હતો. કેળવાએલો ગણાતો વર્ગ ખુરશી ટેબલો વસાવી તથા યૂરોપની હલકી છાપો ઘરમાં ચોડી આનંદ લેતો હતો. હિંદુસ્તાનના આદર્શ ચિત્રકાર તરીકે રાજા રવિવર્માનું નામ સૌને મોંએ હતું. અજંતા, ઈલોરા કે સાંચીની કલાપ્રતિભા ઉપર કાળની ધુળના પોપડા જામી રહ્યા હતા. રજપુત ને મુગલ સમયનાં ચિત્રો ગામઠી મનાતાં. કળા-શાળાનો વિદ્યાર્થી પોતાની માતૃભૂમિના અમૂલ્ય વારસાથી સાવ અજાણ, બેપરવા બની 'શેડલાઇટ' અને 'પરર્સ્પેક્ટિવ' જેવા શબ્દો વાણી ફુટે એમ બોલ્યા કરતો હતો અને દર સાલ જાડા થેપડા જેવા રંગે કેનવાસો ચોપડીચોપડી પ્રદર્શનોમાં

કળાનું ગાડાઉન વધારે જતો હતો. તેનાં ચિત્રોમાં જુઓ તો કોઇ ભાડુતી મજૂર, જલદી ચોપડી કાઢેલાં દૃશ્યોના ઢાંચા, કે સીગારેટના ડબા અને ગોઠવી રાખેલાં ફળોનો ઢગલો ! આવા સામાન્ય વિષયથી પર તે કદિ જઇ શકતો નહિ. બહુ કરે તો રવિવર્માનાં ચિત્રોના જ પ્રસંગો ફરીફરી વધારે કદરૂપા બનાવી તે રજુ કરતો. ઇતિહાસદૃષ્ટિ, માનવ ચારિત્ર્યનું નિરૂપણ કે કોઇ લાક્ષણિક ભાવ અથવા તરતી ઊર્મિઓ અંતરમાં જ ઝીલવાને સમર્થ ન હોય તે આલેખી તો ક્યાંથી જ શકે?

આવી અંધેર ભરેલી મનોદશામાંથી આખા ભારતવર્ષને તેના પોતીકા સંસ્કારને માર્ગે વાળનાર એક સમર્થ નર બંગાળમાં પાક્યો. તેણે હિંદને તેની પ્રાચીન કલાની શુદ્ધ પરંપરાનો તાર શોધી બતાવ્યો, પ્રકાશમાન ચારિત્ર્યથી દીપતાં ચિત્રો વડે દેશની કળાલક્ષ્મીની પુનઃ પ્રતિષ્ઠા કરી અને મહાન ભારતીય શિલ્પની * દીક્ષા પામેલા નવયુવાન ચિત્રકારોનું દળ ઉભું કરી એ પ્રાચીન સંસ્કારની પ્રેરણાના નવા પાશથી દેશને રંગી દીધો. એ સમર્થ કલાવિભૂતિ શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરનું જીવનવૃત્ત ભારતના પ્રત્યેક યુવાનના જીવનને પ્રસાદ અને પ્રેરણા આપે એવું છે.

બંગાળમાં ઠાકુર કુટુંબનું નામ સંસ્કાર અને વિદ્યાવ્યાસંગમાં ઘણા કાળથી જાણીતું થએલું છે. એ કુટુંબનાં બાળકો સંગીત, શિલ્પ અને સાહિત્યના અભ્યાસ તથા ચર્ચામાં મોટાં થતાં અને શુદ્ધ ભારતીય સંસ્કારનાં ઓજસ ઝીલતાં. આજથી અરધા સૈકા પહેલાં એ વિશાળ કુટુંબમાં તેજસ્વી બાળકોનું એક જુથ ઉછરી રહ્યું હતું. તેમાંના કોઈ કલા–શિલ્પમાં, કોઇ કાવ્ય–સાહિત્યમાં તો કોઇ સંગીત–વિદ્યામાં બુદ્ધિનાં તેજ દર્શાવી રહ્યા હતા. પાછળથી કવિશિરોમણિનું જગત-બિરુદ મેળવનાર રવીન્દ્રનાથ આ સમયે જુવાનીમાં પગ માંડતા હતા અને પ્રથમ મેઘની સૌદામિની જેવા પોતાની પ્રતિભાના ચમકારથી સૌને દિગ્મૂઢ કરી રહ્યા હતા. આ બધા બાળકોમાં તેમનું લક્ષ બે જણ તરફ વિશેષ પક્ષપાત ધરતું. એક તો વાણીકવિ શ્રી બલીન્દ્રનાથ ને બીજા તેમના ભત્રીજા શિલ્પી શ્રી અવનીન્દ્રનાથ. રવીન્દ્રનાથે અવનીન્દ્રને બાલ્યકાળથી જ શિલ્પકળામાં પ્રોત્સાહન આપ્યાં કર્યું અને એને જ પરિણામે અવનીન્દ્રનાથ પાછળથી ભારતીય શિલ્પના પુનર્વિધાન તથા વિકાસના કર્ણધાર થયા એ નિસ્સંદેહ છે.

અવનીન્દ્રનાથનો જન્મ ઈ. સ. ૧૮૭૧માં થયો હતો. એમના પિતા શાહબાદપુરના જાગીરદાર હતા અને તેમનાં વૈભવ અને પ્રતિષ્ઠા મોટા રાજકુટુંબ જેવાં હતાં; પણ વૈભવ કરતાં યે એ કુટુંબમાં ઉત્તમ કેળવણી, ઉચ્ચ સંસ્કારનું વાતાવરણ અને અસાધારણ જ્ઞાન-જિજ્ઞાસા વધુ મોટી સંપત્તિ હતાં. એને જ લીધે એ કુટુંબમાં વારંવાર એકેક મહાન નર પાકતો આવ્યો છે.

જેમ રવિબાબુની કાવ્યપ્રતિભા હાલની કોઇ પણ યૂનિવર્સિટીના ઉપકાર વિનાની—સ્વયંભૂ છે, તે જ પ્રમાણે અવનીન્દ્રનાથની પ્રતિભા માટે પણ કોઇ વિદ્યાલય ગર્વ લઇ શકે એવું નથી. એમની પ્રતિભા સર્વથા નૈસર્ગિક છે અને એમનો વિકાસ પોતાની જાતની અખંડ ને અદમ્ય ઉપાસના દ્વારા જ થયો છે. ઇશ્વરદત્ત પ્રતિભાનું લક્ષણ પણ એ જ છે કે એ પોતાના આત્માના અનંત જ્ઞાનઝરણમાંથી પ્રેરણા મેળવી લે છે. બીજાના આધારે ચાલવાનો એનો સ્વભાવ જ નથી. તેને વળી વિદ્યાલયની શી પરવા ? એવાને તો વિદ્યાલયોનું શિક્ષણ ઘાતક નીવડે છે.

બાળપણમાં જે થોડો વખત અવનીન્દ્રનાથને શાળાને પીંજરે રહેવું પડ્યું હતું તે વિષે પોતે એક ઠેકાણે લખે છે કે 'સવારે જ્યાં દસ વાગવાનો વખત થાય કે છોકરાં રોવા કકળવા માંડે. નાનપણમાં રોવું એ તો મારૂં નિત્યકર્મ હતું. હું હઠ કરીને જમીન ઉપર લોટી પડતો અને નોકર મને ઉઠાવીને ગાડીમાં મુકી જતો. નિશાળે જનારી ગાડીમાં હું કદિ રાજી થઇને બેઠો જ નથી. નૉર્મલ સ્કુલ (જ્યાં હું ભણતો) એ નામની જ મને ચીડ હતી. અમારા સુભાગ્યે ઘરથી એ બહુ દૂર નહોતી. એ સ્કુલની જો મને અરૂચી ન થઈ હોત તો ઘર કે સ્કુલમાં કંઈ જ અંતર નહોતું. એની ઓસરીમાં અમારા ગુરુ પંડિત લક્ષ્મીનાથ બેઠા રહેતા. એમના મેજ આગળ શીખામણોનો કોઇ પાર નહોતો. ખુરશી પર બેઠાંબેઠાં ઝોકાં ખાવાં એ પંડિતજીનો નિત્યક્રમ. પરંતુ અમારે તો કેદીઓની પેઠે દિવસ આખો ગુપચુપ ચોપડી લઇ લખતા બેસવાનું. છેલ્લા અર્ધા કલાકનો ઘંટ થાય ત્યારે જીવમાં જીવ આવે. પાણીબાણી પી અહીંતહીં રખડીએ એટલે ડ્રિલનો વખત થાય અને થોડી વારે મહારાણી વિક્ટોરિયાની જય પોકારી છોકરા ઘરનો રસ્તો લે. આ

* શિલ્પ શબ્દનો અર્થ કલા થાય છે અને આ લેખમાં એ શબ્દ એ જ અર્થમાં બધે વપરાયો છે.

રીતે આખો દિવસ અંધારા ઓરડામાં કેદ રહેવાથી મારૂં મન બહુ ગભરાતું. જેમજેમ દહાડો વીતતો જાય તેમતેમ ઘેર જવાની લગની વધતી. જીવને એમ જ થતું કે ક્યારે છુટી મળે ને ક્યારે મારા બાગમાં સહેલ કરવા જાઉં. ત્યાં કાબરો મોજથી અહીંતહીં ઉડતી કિલકિલતી હશે ને ચકલીઓ આનંદથી ગાતી હશે. ખીસકોલીઓ ઝાડની બખોલમાંથી બીતીબીતી ડોકાં કાઢતી હશે કે કોઈ આવતું તો નથી? ઘેરથી ગાડી આવતાં વાર લાગે તો હું અધીર બની જતો, નોકર ઉપર ખુબ ખીજાતો ને ચાલતો જ ઘેર પહોંચી જતો.

જેમતેમ કરીને એ સ્કુલથી તો છુટકારો થયો. એનાં બધાં ધોરણ પુરાં કર્યાં અને મને વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ કરવાનો અધિકાર મળી ગયો. મારૂં હૃદય ગભરાવા લાગ્યું; પણ સુભાગ્યે મેં એને સલામ કરીને તેના તરફ પીઠ ફેરવી લીધી. આથી હું કહેવા માગું છું કે હું મારા એ કૃત્ય માટે જરાયે શરમાતો નથી.'

ઓગણીસથી ઓગણત્રીસ વર્ષ સુધીનો દસ વર્ષનો સમય અવનીન્દ્રનાથે સંગીતમાં જ વીતાવ્યો અને તેમાં અતિ નિપુણતા પ્રાપ્ત કરી. એ પછી પીંછી હાથ લીધી. બાલ્યકાળથી જ પોતાનાં સગાંઓમાંથી જે જણ ચિત્રશિલ્પી હતા તેમના સંસર્ગમાં એ આવેલા. એક તો રવીન્દ્રનાથના ભાણેજ શ્રી સત્યપ્રકાશ ગંગોપાધ્યાય અને બીજા તેમના ભત્રીજા સ્વ. હીતેન્દ્રનાથ ઠાકુર. એ સિવાય રવીન્દ્રનાથના મોટા ભાઇ સ્વ. દ્વિજેન્દ્રનાથ (બડાદાદા) અને સ્વ. જ્યોતીન્દ્રનાથ પણ પેન્સિલથી ચિત્રો દોરતા એ વાત ઘણા કહે છે. અવનીન્દ્ર ચિત્રકામ કરે છે એ વાતની ઘણા વખત સુધી કોઇને ખબર પણ પડી નહોતી.



શિલ્પાચાર્ય શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર
સ્કેચ : રવિશંકર રાવળ

પહેલવહેલા એ ચિત્રકળાની દીક્ષા પામવા એક યૂરોપીઅન ચિત્રકળાપ્રવીણ સાહેબ પાસે ગયા. એમની ઈચ્છા તેની પાસેથી પશ્ચિમની સર્વ પદ્ધતિઓ ને ભેદો સમજી લેવાની હતી. એ ઉસ્તાદે અવનીબાબુને જેજે શીખવ્યું તે બાબત તેના એ ઉપકૃત થયા ખરા; પણ સાથેસાથે તેણે એક એવી બાબત એમને શીખવી જેને લીધે એકલા અવનીન્દ્રનાથ નહિ પણ સમસ્ત ભારત તેના ઉપકાર તળે છે. તેણે અવની બાબુને સિદ્ધ કરી બતાવ્યું કે પશ્ચિમી ચિત્રકળા પર પરિશ્રમ કરવો સર્વથા નિરર્થક છે. પ્રમાણો અને દલીલોની પરંપરા વડે તેણે સમજાવ્યું કે જે કળા પ્રાચીન પરંપરાથી તેની નસનસમાં વહી રહી છે તે જ કળાશૈલી શીખવા તેણે યત્ન કરવો જોઇએ; એટલેકે

કેવળ પોતાના દેશની કળામાં જ તે સંપૂર્ણ સિદ્ધિ મેળવી શકશે. એણે કહ્યું કે જે શૈલી તમારા સ્વભાવ, સંસ્કાર ને પરિસ્થિતિથી સેંકડો યોજન દૂર છે તેના પર પ્રભુતા મેળવવી એ જેટલું દુષ્કર છે તેટલું જ નિરર્થક છે. તમારા અંતરમાં વહેતા ઝરણાને રૂંધી બહારની પ્રેરણાનાં પાણી સીંચવા કાં જાઓ છો?

બસ; એટલો ટકોરો એ મહાન સર્ગશક્તિના નાયકને બસ હતો. તેના અંતરમાંથી ભારતીય કલાનો નાદ પ્રગટ્યો અને કોઇપણ ગુરુ પાસે શીખ્યા વિના નિર્ભય ચિત્તે ભારત શિલ્પના પુરાતન મંદિરને બારણે તે ધુણી લગાવી બેઠા.

ભારતીય કલાના સર્વ ભંડારો એમણે ઢુંઢી કાઢ્યા. અજંતાની પ્રેરણા લીધી, રાજપુત કલમનું લાલિત્ય પકડ્યું, મુગલ કળાની સુકુમારતા હાથ કરી, બૌદ્ધ સાધુના જેવી ભાવસૃષ્ટિ કેળવી ને યુરોપીય કળાના સંવિધાનની તેમાં મિલાવટ કરી પોતાની કળામાં એ સર્વેનો અદ્ભુત સુમેળ પ્રકટાવ્યો અને ચિત્રકળાનાં નવાંનવાં ક્ષેત્રોમાં સિદ્ધની પેઠે પોતાની કલમ ચલાવવા માંડી.

આ લેખના પ્રવેશકમાં જણાવ્યા પ્રમાણે આ વખતે કલકત્તાની સરકારી કળાશાળામા હિંદી વિદ્યાર્થીના ચિત્ત પર યૂરોપની કળાનું પ્રાધાન્ય સ્થાપવાની ક્રિયાઓ રીતસર ચાલુ હતી. પણ ભારતીય કળાલક્ષ્મીના સુભાગ્યે એ અરસામાં એ શાળાના અધ્યક્ષ તરીકે એક યૂરોપીઅન આવ્યો. એનામાં સાચા કલાકારની દૃષ્ટિ હતી, ઋષિના જેવું અંતર્જ્ઞાન હતું અને મહારથી જેવી દક્ષતા હતી. એનું નામ ઈ. બી. હાવેલ.

એણે આવતાં વેંત જ કળાશિક્ષણનો પાયો હિંદી કળાના નમુનાઓ ઉપર તદ્દન નવેસરથી રચ્યો. એ હેતુથી તેણે શાળામાં ખરીદાએલાં યૂરોપી ચિત્રોનો સંગ્રહ હરરાજ કરી નાખ્યો, ગ્રીક પુતળાંઓને પાસેના તળાવમાં પધરાવી દીધાં અને તેને બદલે મુગલ, રાજપુત અને બીજા પ્રાંતોનાં હિંદી ચિત્રોનો સંગ્રહ વસાવ્યો. સુભાગ્યે તેને ખુદ શાહજહાંના ખાસ બાદશાહી ચિતારાનાં ચિત્રો પણ મળી આવ્યાં. હિંદમાં એ

અક્ષરવંદના

[દેશળજી પરમાર]

[ચિત્રકાર : રવિશંકર રાવળ]

અનુષ્ટુપ

વધાવ્યો કૃષ્ણચંદ્રે જે સોહંતા રસરાજ શો,
નમું તે પૂર્વજો કેરા પૂજ્ય ગુર્જર રાષ્ટ્ર હો!




ગરવો, સૌમ્યમૂર્તિ શો ધન્ય **નૃસિંહ** વૈષ્ણવ;
પ્રભાતે નૃત્યની ધૂને ગાતો કૃષ્ણ તણાં પદ.



મધુરી બીજલેખા શી કૃષ્ણચંદ્રની આરતી
મીરાંની પ્રાણરંગેલી આર્ત જીવનની રતિ.



સંસારાનુભવે ચોખ્ખા સીધા શબ્દ **અખો** વદે;
ચરેલું હેમવેદાન્ત કસોટી માંહ્ય સો ટચે.



જીવતો પાઘવિહોણો જ્યાં સાહિત્યજગદ્ગુરુ;
ગુર્જરીગૌરવે ઘેલો **પ્રેમાનંદ** રસેશ્વર.

વખતે વાઇસરૉય તરીકે લૉર્ડ કર્ઝન હતો. એ ખુબ કળાપ્રેમી હતો, અને એણે હિંદની કળાના રક્ષણ અર્થે કાયદા કરાવી જે પ્રયત્નો કર્યા છે, તે એની કડવી થઇ પડેલી રાજકીય કારકીર્દિમાં સુકૃત્ય તરીકે તરી આવે છે. હાવેલના પ્રયત્નો પર તેનો સારો હાથ હતો. પણ તે પોતાની રાજકીય નીતિથી દેશમાં અપ્રિય થઇ પડ્યો હોવાથી આ નવા ફેરફારને કારણે દેશભરમાં એવી ગપ ઉડી કે હિંદુસ્તાનીઓને સાચી કળા નહિ શીખવા દેવાને તથા હિંદી લોકો યૂરોપની હરીફાઇ ન કરી શકે તેટલા માટે આ ફેરફાર એ રાજકીય તરકીબ છે. દેશના દરેક આગેવાન પત્રે એ ચર્ચા જોશભેર ઉપાડી લીધી અને ભારતીય કલાના સમુદ્ધારના કાર્યમાં ખુદ ભારતીઓ જ સામા પડ્યા.



જોમના ધોધવા પેઠે ગર્જે **વલ્લભ** ફાંકડો;
ડંખતો શબ્દના મર્મે મારી કટ્ટર આંકડો.




વધુ શા સોળ શૃંગારે રંગીલો રળિયામણો;
સખીભાવે **દયારામ** ગાતો કૃષ્ણ સુહામણો.



સ્વામીનારાયણી સાધુ શોભે **પ્રીતમદાસ** આ;
ત્યાગવૈરાગ મંદિરે પમરાવેલ પવિત્રતા.



સ્વભાવે સૌમ્ય ને શાળા સંસારે મનરંજની;
સુધારે હાલકા ધીરા વત્સલ **દલપતજી**.



પ્રેમ ને શૌર્યનો સંગી સ્વતંત્રી ને ઉચ્છૃંખલ;
પ્રાન્તનો ધ્વજધારી તે તેજસ્વી વીર **નર્મદ**.

એ વખતે અવનીન્દ્રનાથની ઉમર ૩૦–૩૨ વર્ષની હશે. કોઇપણ શાળાના શિક્ષણ વિના તે પોતાના ઘરને ખુણે ભારતીય સંસ્કારના વાતાવરણમાં આપમેળે ચિત્રો કર્યે જતા હતા. સ્વયંભૂ પ્રેરણાથી વૈશ્ણવ પદાવલિના આધારે તેમણે હિંદી શૈલીમાં એક આખી ચિત્રમાળા તૈયાર કરી હતી. હાવેલ સાહેબે પોતાની સ્કુલના સ્વ. હરિનારાયણ બસુ મારફત અવનીબાબુનો પરિચય સાધ્યો. એ ચિત્રો જોઇ મિ. હાવેલ મુગ્ધ થઇ ગયા અને પોતાના સહકારી તરીકે જોડાવાને ખુબ આતુરતાપૂર્વક એમણે અવનીબાબુને આમંત્રણ કર્યું. અવનીન્દ્રનાથ નાનપણથી ઐશ્વર્યમાં જ ઉછરેલા હતા, એટલે સરકારી નોકરી લેવાની વાત એમને માટે અસહ્ય હતી. પણ ગુણગ્રાહી હાવેલ સાહેબની મૈત્રીના લોભે તેના સહકારી તરીકે કામ કરવા તૈયાર થયા ને કલકત્તા કળાશાળાના ઉપાચાર્ય (વાઇસ પ્રિન્સિપાલ)નો હોદ્દો સ્વીકાર્યો. એ કાળે બીજા પ્રાંતોની કળાશાળામા હિંદીવાનને એ હોદ્દો ભાગ્યે જ મળતો. હાવેલ સાહેબ હિંદ છોડીને ગયા ત્યારે કેટલોક વખત તેમણે કળાશાળાના મુખ્ય આચાર્ય તરીકે પણ કામ કરેલું.

મિ. હાવેલ સાથે મૈત્રી થઇ ત્યારથી અવનીન્દ્રનાથે ઉત્તરોત્તર કળાનાં શાસ્ત્રો વિષે અખંડ શોધ જારી રાખી હતી. પો-

તાનું સંસ્કૃત જ્ઞાન સારૂં હોવાથી ભારતીય કળાના નમુનાઓ વિષે પ્રમાણભૂત સંસ્કૃત સાહિત્ય શોધી તે પર બહુ ઉપયોગી નિરૂપણ એમણે કરી બતાવ્યું છે. 'કળાનાં છ અંગ' પરનું તેમનું નાનુંશું પુસ્તક આજે પ્રાચીન ભારતીય કલાના સમર્થનમાં અમૂલ્ય ને મહત્ત્વનું સાધન છે. એ ઉપરાંત કલકત્તાની યુનિવર્સિટીએ તેમને કલા-વ્યાખ્યાતાનું સ્થાન આપ્યું હતું. તે પ્રસંગે એમણે કરેલાં પ્રવચનો પણ એટલાં જ સમર્થ છે. 'ભારત–શિલ્પ' નામના નાનકડા ગ્રંથમાં એ સંગ્રહાયાં છે અને તેનો ગુજરાતી અનુવાદ પણ બહાર પડ્યો છે.

ઈસવી સનના ૧૪મા સૈકામાં જેમ ઈટાલિયન કળાકારો રાફેલ, માઇકલ ઍન્જેલો વગેરેએ યૂરોપની કળાનું પરિવર્તન કર્યું, ૧૯મી સદીના અંત ભાગમાં ઇંગ્લંડની કલામાં પ્રા-રાફેલાઈટ ચિત્રકાળ મંડળે જેમ કળાની વિશુદ્ધિ પ્રગટાવી, તેવી જ રીતે ભારતવર્ષમાં શ્રી અવનીન્દ્રનાથે પણ નવયુગને ઉચિત આદર્શોથી હિંદી કળાને સમૃદ્ધ કરી છે. તેમણે કલાનિષ્પત્તિ માટે જે 'સ્વ-પ્રેરણાનો' મુળ મંત્ર ધારણ કર્યો છે તે આ દેશનાં સ્વભાવ ને આબોહવામાંથી જ ધ્વનિત થયો છે. જે આદ્ય પ્રેરણાએ હિંદને વેદ, ઉપનિષદ્ અને મહાકાવ્યો આપ્યાં તે પ્રેરણા મેળવવાથી હિંદની કળા સચેતન બની વિસ્તરશે. સ્મૃતિ અને ધ્યાન વડે સમાધિમાં જે દર્શન થાય તે જ સ્વયંભૂ અને મૌલિક ચિત્રદર્શન ગણાય એ હિંદી કલાનું સૂત્ર છે. એ જ મુળ સૂત્ર પર ભારતની નવ-કલાનું મંડાણ અવનીન્દ્રનાથે કર્યું.

કલકત્તા કળાશાળાના અધ્યક્ષ નીમાયા પછી અવનીન્દ્રનાથે ભારતીય શિક્ષણપ્રણાલિને અનુરૂપ એ કળાશાળાની પુનર્ઘટના કરી અને એક ખાસ 'ભારત ચિત્રકલા વિભાગ' નવો સ્થાપી તેને 'ઍડવાન્સ્ડ ડિઝાઇન્સ કલાસ' એવું નામ આપ્યું. તેના એક ભાગમાં દેશી આભૂષણો, લાકડકામ, કોતરકામ વગેરે શીખવવાની પણ વ્યવસ્થા હતી. એ વર્ગો માટે કોઇ જાતની ફી નહોતી; ઉલટું વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપી નિભાવવામાં આવતા. પણ આગળ જણાવી



સમાજ–રાજનીતિના શાસ્ત્રે સૂક્ષ્મ મીમાંસક;
નવલ ભાવ-સૃષ્ટિનો એ **ગોવર્ધન** સાક્ષર.



અભેદ યોગનો પંથી ગદ્યકાર જહીં વસ્યો;
આત્મનિમજ્જને રક્ત **મણિલાલ** સુરી લસ્યો.



કરુણાની કળા જેવી **કાન્ત** શી કવિતા વહે;
અને શી શાન્ત વિશ્રામે પોઢે સ્વામીતણા પદે.





કલાપી પ્રીતથી નર્તે પ્રેમમંદિરના ધ્વજે;
દીનતા સેવતો **દામોદરે** પૂજે છ પ્રેમને:
હતા ને છે સદાજીવી સેવીઓ શબ્દબ્રહ્મના;
હજો સૌ ગુર્જરીપુત્રો વાસી અક્ષરધામના;
મ્હેકશે પ્રેમભાવોની રંગકોમલ ભાવના;
રાજશે જ્ઞાનદૃષ્ટિની શુભ્ર જીવનસાધના.
જ્ઞાનના, ભક્તિના યોગે સોહંતા રસરાજ શો
નમું છું પૂર્વજો કેરા પૂજ્ય ગુર્જર રાષ્ટ્ર હો!



કવિવર રવીન્દ્રનાથ : યુવાવસ્થામાં (પશ્ચિમી ઢબનું તૈલચિત્ર)



બુદ્ધ અને સુજાતા (ભારતીય ઢબે કરેલું ચિત્ર)

(ચિત્રકાર : શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર)

ગયા તે પ્રમાણે આ નવી હીલચાલથી લોકોમાં એવી ગેરસમજુત ઉભી થઇ કે સરકાર વૈજ્ઞાનિક દૃષ્ટિથી પશ્ચિમનું કળાશિક્ષણ આપવાનો માર્ગ બંધ કરી દે છે અને હિંદુસ્તાનના લોકોને તેમની જુની વસ્તુઓમાં ગોંધી રાખી નવી પ્રગતિથી વંચિત રાખવા માગે છે. બંગાળનાં વર્તમાનપત્રોએ વિરોધનો શોર મચાવી મુકયો એટલું જ નહિ, પણ ખુદ કળાશાળાના શિક્ષકો ને વિદ્યાર્થીઓએ પણ હડતાલ પાડી. પરંતુ હાવેલ સાહેબે અવનીન્દ્રનાથની સાથે રહી બમણા ઉત્સાહ ને ધીરજથી ભારતીય કલાપ્રચારનો પ્રવાહ અખંડિત જારી રાખ્યો ને ચોમેરથી તેમાં નવાં બળ ઉમેરતા રહ્યા.

એ વખતે અવનીન્દ્રનાથના મોટા ભાઇ શ્રી ગગનેન્દ્રનાથ ઠાકુર પ્રાચીન ચિત્રકળાનો ખાનગી સંગ્રહ કરી રહ્યા હતા. તેમનો પણ આ પ્રચારકાર્યમાં સાથ હતો. એ ઉપરાંત જાપાનના નવયુગના સુધારક અને જાતીય શિલ્પના પ્રવર્તક સ્વ. ઓકાકુરાને પણ તેઓ મિત્ર બનાવી શકયા હતા અને તેમની સહાયથી આ મહા અનુષ્ઠાનમાં ઘણું સામર્થ્ય મેળવી શકયા. ઓકાકુરા તેમને ભાટની જેમ વખાણતા નહિ, પણ ખુબ સખત ટીકાઓથી સિદ્ધ કરતા કે તેમણે લીધેલો માર્ગ સમગ્ર ભારતના કલાભક્તોનો સત્ય માર્ગ છે.

કળાશાળામાં અવનીબાબુની પાસે સ્વેચ્છાથી આવનારા વિદ્યાર્થીઓમાં સૌથી પ્રથમ શ્રી નંદલાલ બસુ હતા. એ જ વર્ષે પ્રતિભાવાન શિલ્પી સ્વ. સુરેન્દ્રનાથ ગાંગુલી જોડાયા. બીજે વર્ષે શ્રી અસીતકુમાર હલધર શિષ્ય બન્યા. તે પછી તરત જ મ્હૈસુર રાજ્ય તરફથી શ્રી વ્યંકટપ્પા આવ્યા; સમરેન્દ્રનાથ ગુપ્ત, શૈલેન્દ્રનાથ દે વગેરે બીજા પણ પાછળથી આવ્યા. છેક લંકાદ્વીપમાંથી પણ નાગાહાવાન્ના કરીને એક જણ હતા.

શિષ્યો સાથેનો તેમનો સંબંધ ઘણો જ મધુર હતો. ભારત શિલ્પનુ શિક્ષણ આપતાં તેઓ શરૂઆતમાં જ કહેતા, 'જુઓ, તમને હું ઍનેટમી શીખવતો નથી, શેડ-લાઇટ શીખવતો નથી, એટલે ખોટે માર્ગે લઈ જાઉં છું એમ તો તમે ધારતા નથી ને ?' શિષ્યોની શ્રદ્ધાની પરીક્ષા માટે જ તેઓ આ બોલતા. શિષ્યો ઉપર તેઓ કદિ પોતાના વ્યક્તિત્વનો ભાર લાદતા નહિ અથવા ગુરુ તરીકે કઠોર શાસન દર્શાવતા નહિ. શિષ્યની કૃતિમાં પોતાને હાથે વધુપડતું સુધારી પણ





ઉપર: શ્રી ગગનેન્દ્રનાથ ઠાકુર. ડાબી બાજુએ: શ્રી અવનીન્દ્રનાથના મકાનનો દાદર

આપતા નહિ. માત્ર જરૂર પુરતું માર્ગદર્શન કરી તેમને પોતાને માર્ગે જવા દઈ એમના સ્વતંત્ર વ્યક્તિત્વને ખીલવા દેતા. શિષ્યો કામ કરતા હોય ત્યાં તેમની પંક્તિમાં જ ચીતરવાને બેસી જાય અને મિત્રભાવે વાતોચીતો કર્યે જાય. પણ એ વાતચીતમાં જ શિષ્યોને એવી અનેક બાબતો મળી રહે, જે કોઇ કૉલેજના લેક્ચરમાંથી મળવાનો સંભવ નથી. ભારત, જાપાન, ઇજિપ્ત, યૂરોપ કે અમેરિકાના શિલ્પ સંબંધે બહુ જ સરળતાથી, તેનો સંપૂર્ણ પરિચય હોય એમ, ચર્ચા કરતા. જુદીજુદી નાનીનાની વાતોમાં તેઓ શિષ્યોને મોટા બનાવતા જતા. પોતે શીખવેલા નિયમો ઘુંટાવ્યા કરતા નહિ, પણ શિષ્યના વ્યક્તિત્વ ને સ્વાતંત્ર્યનું રક્ષણ કરીને તેને આગળ વધારતા. પરિણામે તેમના બધા શિષ્યોએ દરેકે અવનવું જ વ્યક્તિત્વ ખીલવ્યું અને કળામાં પોતાનો સ્વતંત્ર માર્ગ લીધો.

વળી તેઓ સારી પેઠે જાણતા કે દેશના ઇતિહાસના અભ્યાસથી જ શિષ્યોનું વ્યક્તિત્વ ને વિશેષત્વ પ્રગટ થશે. એટલે, ૧૯૦૯–૧૦માં લેડી હૅરિંગહામે અજંતાનાં ચિત્રોની નકલ ઉતારવા કલાકારોનો જે સંઘ ઉપાડ્યો તેમાં તેમણે પોતાની જાતને ખર્ચે શ્રી નંદલાલ બસુ તથા અસીતકુમાર હલધરને મોકલ્યા. ત્યાંનું વિસ્તીર્ણ કલાદર્શન પામવાથી એ બંને ચિત્રકારોની કળા પર ઉંડી અસર થઈ અને તે અનેરો વિકાસ પામી.

અવનીન્દ્રનાથની ચિત્રપદ્ધતિ કદિ એક રસ્તે ગઈ નથી. પત્થર, માટી, કાગળ, કાપડ, લાકડું–દરેક ઉપર એમણે પોતાનો હાથ અજમાવ્યો છે. અજંતાથી શીખી આવેલા શિષ્યો પાસે તેમણે માટી, લાકડાં વગેરે પર ચીતરવાના અખતરા કરાવ્યા હતા. દીવાલો ઉપર દેશી પદ્ધતિએ રજપુતાના જેવાં પાકાં ભીંત-ચિત્રો કરવાની રીતિનો એમણે જયપુરથી ખાસ કારીગર બોલાવી જાતે અભ્યાસ કર્યો હતો. એમનો એ પ્રયાસ 'કચ–દેવયાની'ના ચિત્ર રૂપે મોજુદ છે. વળી રંગો મેળવવામાં કે લગાવવામાં અંધ રીતે ધુળિયા કે પાતળા રંગો ચોપડ્યા કરી એમણે જુનાની નકલ કરી નથી, પણ જુની રીતિઓ શીખી લઇને તેમાં નવી પદ્ધતિઓ દાખલ કરી છે. ચિત્રપદ્ધતિમાં પણ રાજપુત કે અજંતા કલમની નકલ કરી નથી, પણ તેમાંથી પ્રેરણા પામી ભારતીય સ્વભાવને અનુકૂળ નવી કળાની પ્રતિષ્ઠા કરી છે. તે રમતાંરમતાં પીંછી ફેરવ્યે જાય અને નવીનવી ક્રિયાથી નવાંનવાં પરિણામો ઉપજાવ્યે જાય ત્યારે જોનાર આશ્ચર્યથી ચકિત થઈ જાય છે. પોતાના દૃષ્ટાંતથી શિષ્યોને નવા વિચાર ને ભાવનાના રાજ્યમાં તેઓ લઈ જાય છે ને તેમની આગળ જુના સંસ્કારે રંગાએલું નવું દર્શન ઉભું કરે છે.



કવિ કાલિદાસના મેઘદૂતમાંનો
શાપિત યક્ષ
(ચિત્રકાર : શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર)



પાગલ સારંગીવાળો
એ ક્યાં ચડીને બજાવે છે ? પક્ષીના સૂર પકડવાને એણે શો પ્રયાસ કર્યો છે ? (ચિત્રકાર : શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર)

ભારતીય ઇતિહાસ, કથાવાર્તા, દૃષ્ટાંત અને લોકજીવનનાં એવાં અપૂર્વ ને સુંદર દર્શનો તેમની આગળ ખડાં કરી દે છે કે જેથી વિદ્યાર્થીમાં સહજ રીતે ભારતીય સંસ્કારો જાગૃત થાય અને જાતે કલ્પના અને સુરુચિપૂર્વક ચિત્રયોજના કરી શકે તથા ભારતીય સ્વરૂપોની કદર ને ઉપયોગ કરી શકે. તેમને ઘેર જામતું કળામંડળ કોઇ શાળા કરતાં સૌંદર્યની શોધ કરતું ઉપાસક મંડળ લાગે. એ સૌંદર્ય, જે ભારતની પ્રાચીન નગરીઓ પર પથરાએલું લાગે છે, જે ભારતીય વસ્ત્રાભૂષણો પર દેખાય છે, જે ભારતીય પૂજાઅર્ચનામાં સુવાસે છે, જે ભારતીય સંગીત અને ગાનની સૂરાવટમાં ધ્વનિત થાય છે, જે ભારતનાં નરનારીઓની મૃદુ પ્રેમળ દીનચર્યામાં ઓતપ્રોત થએલું પ્રકાશે છે અને ભારતનાં ગ્રામજનોને ચિત્રમયતા અર્પે છે.

ધીમેધીમે આ નવી કલા-પ્રવૃત્તિ પગભર થતી ગઇ અને તેને વધુ ઉંડું અને સ્પષ્ટ સ્વરૂપ આપવા માટે ઇ. સ. ૧૯૦૭માં લૉર્ડ કિચનર વગેરે કેટલાક અંગ્રેજો તથા ઉત્સાહી દેશી આગેવાનોની સહાયથી અવનીન્દ્રનાથ તથા ગગનેન્દ્રનાથે પૌર્વાત્ય કલા સમિતિ (Oriental Art Society) નામની સંસ્થાની સ્થાપના કરી. એ વખતે એના સભ્યોની સંખ્યા ૩૧ની હતી, જેમાંના કેવળ પાંચ જ હિંદી હતા. ૧૯૦૮માં એ સમિતિનું પહેલું ચિત્રપ્રદર્શન કલકત્તા આર્ટ સ્કુલમાં ભરવામાં આવ્યું. એ વેળા તેમાં માત્ર શરૂઆતના આ ચાર પાંચ કલાકારોનાં જ ચિત્રો રજુ થયાં હતાં. સાથે કેટલાંક જુની શૈલિનાં ચિત્રો પણ મુકયાં હતાં. પણ એ પ્રદર્શનની અસર ઘણી સારી થઇ ને ત્યાર પછી સમિતિ દર વર્ષે જે પ્રદર્શનો ભરતી આવી તેમાં ભારતીય કલાપદ્ધતિ પર ચિત્રો

કરનારા નવા શિલ્પિઓની સંખ્યા વધતી જ ગઈ. આજે એવા કલાકારોની સંખ્યા બસો ઉપરની ગણાય છે, અને એ પૌર્વાત્ય કલા સમિતિનાં વાર્ષિક પ્રદર્શન ભારતીય કલાની પ્રગતિના આંક રૂપ મનાય છે. એ સંસ્થાની આટલી પ્રતિષ્ઠા ને આ કલાપ્રચાર બંને, શ્રી અવનીન્દ્રનાથની એકનિષ્ઠ ઉપાસનાનું દૃશ્ય પ્રમાણ છે.

તેમના પ્રાણની દીક્ષા પામેલા પટ્ટશિષ્ય શ્રી નંદલાલ બસુએ થોડાં વરસ આ પૌર્વાત્ય કલા સમિતિમાં કલાપ્રણેતા તરીકે કામ કરી હાલ કાયમને માટે શાંતિનિકેતનના વિશ્વભારતીમાં કળાભવનના અધ્યક્ષ તરીકે સ્થાન સ્વીકાર્યું છે અને ત્યાંથી ભારતીય કળાલક્ષ્મીના મંદિરના પૂજકોનો સંઘ વધાર્યે જાય છે. એમના બીજા શિષ્ય શ્રી સમરેન્દ્રનાથ ગુપ્ત લાહોરની કળાશાળાના વાઇસ પ્રિન્સિપાલ છે. શ્રી અસીતકુમાર હલધર લખનૌ કળાશાળાના આચાર્ય બન્યા છે અને શ્રી રમેન્દ્રનાથ ચક્રવર્તી આન્ધ્રજાતીય કળાશાળાના અધ્યક્ષ છે. વડોદરા કળાભવનમાં રહી ગએલા શ્રી પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય, મુંબાઇની ફેલોશિપ સ્કુલમાં કામ કરતા કલાશિક્ષક શ્રી પુલીન બિહારી દત્ત તથા અમદાવાદમાં શેઠ અંબાલાલ સારાભાઇનાં બાળકોના શિક્ષક શ્રી મણીન્દ્રભૂષણ ગુપ્ત,—એ સૌ એમની જ શિષ્યપરંપરા. એમના પ્રયત્નોને પરિણામે દેશભરમાં વિસ્તરેલી ભારતીય કળાની આ સબળ ઉપાસના અને તીવ્રતાને લીધે મુંબાઈ અને મદ્રાસની પશ્ચિમી ઢબની સરકારી કળાશાળાઓમાં પણ આ દિશા તરફ ધ્યાન આપવાની ત્યાંના ચાલકોને હવે ફરજ પડી છે.

બીજી બાજુ અવનીબાબુ કેવળ ચિત્ર–શિલ્પના પ્રચારથી જ સંતુષ્ટ થઇ બેસી રહ્યા નથી. દેશના હાથ-ઉદ્યોગોને પણ તેમણે પ્રોત્સાહન આપ્યું છે ને પરિણામે 'બેંગાલ હોમ ઇન્ડસ્ટ્રી' (બંગીય ગૃહઉદ્યોગ)ની દુકાન આજે પણ કલકત્તામાં મોજુદ છે. એ ઉપરાંત તેમણે ઘરનાં રાચરચીલાં અને બીજાં ઉપસ્કર (ફર્નિચર)માં પણ મોટા ફેરફાર કરી ભારતીય જરૂરતો અને આદતો પ્રમાણે નવા ઘાટ ઉપજાવી પોતાના ઘરમાં વસાવ્યા છે અને ઘરની સજાવટ દેશી ઢબ ઉપર કરી છે. તેનું અનુસરણ ઘણા કલાપ્રેમી ગૃહસ્થોએ કર્યું પણ છે.

રંગભૂમિની પુનર્રચનાના કવિવર રવીન્દ્રનાથના પ્રયાસમાં, નાટ્યભૂમિ માટેના પડદા, સીનસીનેરી વગેરેમાં નવાં તત્ત્વો યોજવામાં પણ તેમનો જ હાથ છે. દેશના સંસ્કારની ધારા સમાં વિસરાઇ જતાં લોકવ્રતોને સજીવ રાખવાના પ્રયાસ રૂપ તેમણે કરેલો વ્રતકથાઓનો સંગ્રહ મૌલિકતા પ્રત્યેનો તેમનો પ્રેમ પ્રત્યક્ષ કરાવનારૂં એક અપૂર્વ પુસ્તક છે. એ પુસ્તકનો અનુવાદ ફ્રેંચ ભાષામાં થયો છે અને ત્યાં પ્રચાર પામ્યું છે, જ્યારે દુ:ખની વાત છે કે બંગાળી સિવાય ભારતવર્ષમાં એ પુસ્તકનું નામ પણ થોડા જ જાણે છે.

લેખક તરીકે તો અવનીન્દ્રનાથની કલમ કોઇ કલ્પનાભોમની અપ્સરા શી બની રહે છે. પ્રાચીન કાળની

પિતૃદેશ

(ઉપજાતિ–વસંતતિલક : સૉનેટ)

આ પૂર્વનો આપણ પિતૃદેશ
રત્નાકરે ઉન્નત સ્કંધ દીપ્યો;
વર્ણાશ્રમોના નવરંગ વેશ
પ્હેરી સદા લોકસમાજ જીવ્યો.
સૈકા થયાં તે પરતંત્રતાનો
બેસી રહ્યો છેક બની ગુલામ;
ને સ્વાર્થઘેલા જ વિદેશીઓએ
લુટી લીધો સૌ ધનધાન્યમાલ.
આજે થતું તોપણ આત્મભાન
હુંકારતો પ્રાણપુરુષ શ્વાસે;
જાગી ગઇ સુપ્ત ભવિષ્યસાન
પ્રેરાય છે આત્મ નવીન આશે.
તે શ્વાસ ને આશતણા સદંશ
સૈન્યો મહાન પ્રગટો અમ આત્મસંઘ.

દેશળજી પરમાર

મનોરમ ટૂંકી વાર્તાઓ, ભૂતપ્રેતની રસભરી ગલ્પો અને લોકસાહિત્ય એ એમના શોખના વિષયો છે. 'કલાનાં ષડંગ' અને 'ભારત શિલ્પની ઍનેટમી' એ એમના બે શિલ્પગ્રંથો તો અમૂલ્ય રત્નો જેવા છે. એમની કદર કરીને બંગાળની યુનિવર્સિટીએ એમને 'ડૉક્ટર' (આચાર્ય)ની પદવીથી વિભૂષિત કર્યા છે અને સરકારે તેમને સી. આઇ. ઇ.નો ઇલ્કાબ આપીને એમના પ્રયત્નોનો સત્કાર કર્યો છે.

૧૮૯૬માંહાવેલ સાહેબે કલકત્તાના ચિત્રાલયની પુનર્ઘટના કરવા માંડી ત્યારથી અવનીન્દ્રનાથ નવ ભારતના કલાકાર તરીકે ખીલવા માંડ્યા. જોકે તે પહેલાં તેઓ સ્વતંત્ર રીતે હિંદી ઢબનાં ચિત્રો કરતા ખરા. પણ તેની યે પહેલાં, શરૂઆતમાં તેમણે બધા હિંદી કલાભ્યાસીઓની પેઠે યૂરોપ પાસેથી કલાપદ્ધતિઓ ગ્રહણ કરવા માંડી હતી, અને એ સ્થિતિમાં યે તેમની કલમે આશ્ચર્યકારક પરિણામો બતાવ્યાં હતાં. માણસનીસામે બેસીને જ તેની તૈલ રંગની તસ્વીર ઉતારવામાં એમના ઉસ્તાદી હાથના નમુના રૂપે; એમનું આલેખેલું યુવાવસ્થાના રવીન્દ્રનાથ ઠાકુરનું વદન મૉડર્ન રિવ્યૂમાં એક વાર પ્રસિદ્ધ થએલું તે જોવાથી કોઇને પણ આની ખાતરી થશે. વસંત વગેરે ઋતુઓનાં ચિત્રોમાં પણ તેમણે નારીપાત્ર આલેખવામાં સારા યૂરોપીઅન ચિત્રકાર જેવી જામેલી શૈલી બતાવી હતી.

માતૃભૂમિ

(ઉપજાતિ-વસંતતિલક : સૉનેટ)

જે ભૂમિએ કોમળ દેહ કીધો
ને ભાવનાનિર્ભર પ્રાણ દીધો;
જે ભૂમિનાં દર્શન સ્પર્શ દ્વારા
ચાલે રસીલી મુખ શબ્દધારા.

જે પૃથ્વીના સૌ પરમાણુઓથી
હૈયે હમેશાં ધબકાર જાગે;
જે વ્યોમના ગૂઢ મહાગુણોથી
સૌન્દર્ય ને સત્યનું ભાન લાગે.

જે ભૂમિએ પ્રેમવિહાર વેર્યા,
માયા દયાના રસમંત્ર પ્રેર્યા;
જે ભોમ ધારે ધ્વજ વીરતાનો
સંકેત દે આંતર એકતાનો.

તે—ગુર્જરોનો અભિજાત રાષ્ટ્ર:
તે રાષ્ટ્રનો સબળ હું સુકુમાર આત્મ.

દેશળજી પરમાર

પણ જ્યારથી એમની નજરે મુગલ અને રાજપુત કળાના નમુના ચડ્યા ત્યારથી એ તેલના રંગની ટ્યૂબો અને પીંછીઓ ફેંકી દીધી. ભીંત પરનાં તૈલચિત્રો ઉતારી ભંડકમાં નાખી દીધાં, કેટલાંક મિત્રોને લઇ જવા દીધાં. એમને લાગી આવ્યું કે 'છેલ્લાં ત્રીસ વર્ષ કરતાં યે લાંબી મુદતની કઠોર સાધનાના પરિણામમાં યૂરોપીઅન દેવતાએ આપણને શું આપ્યું? દુ:ખ આપ્યું, દીનતા આપી અને વળી એનાં સંતાનોનાં મુખનાં વાગ્બાણ માર્યાં. એણે આપણી વિરૂદ્ધ કરવામાં કશું બાકી રાખ્યું નથી.'

યૂરોપિયન પંડિત મૅક્સ નૉર્ડોએ આખા ભારતવર્ષમાં ફરીને દેશી રાજારજવાડાઓના મહેલોમાંની નાનીમોટી દરેકેદરેક વસ્તુ જોઇ વળી જ્યારે અંતે અવનીન્દ્રનાથની મુલાકાત લીધી ત્યારે કહ્યું, 'આખા ભારતવર્ષમાં ફર્યા પછી ફક્ત આ એક જ જગ્યાએ—તમારે ત્યાં સ્વદેશી શિલ્પની પ્રતિષ્ઠા, આરાધના અને આલોચના થતી જોઉં છું.' આ વાક્યમાં ભારતવર્ષની કલાની અધોગતિનું દર્શન સ્પષ્ટ છે. ખરૂં જ છે કે આ યુગમાં શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરના એકલામાં જ ભારતવર્ષની કલાસિદ્ધિનું પહેલું કિરણ પ્રગટ્યું હતું. કળાના અભ્યાસમાં પોતાની મનોદશા કેમ પલટાઇ તેનો ચિતાર તે પોતાના 'માનસ ચર્ચા'ના વ્યાખ્યાનમાં આપે છે: 'મેં કળાનો અભ્યાસ માંડ્યો તે વખતે ગુરુનો પ્રથમ આદેશ થયો કે **Study nature.** (કુદરતનો અભ્યાસ કરીને શીખો.) ગુરુના આદેશ પ્રમાણે મેં પશુપક્ષી, જીવજંતુ વગેરે સ્થાવરજંગમની નકલો ઉતરવા માંડી. મને તે વખતે એમ લાગતું

કે ઝાડ, માણસ, ગાય વગેરેની રંગથી કે પેન્સિલથી કોરા કાગળ ઉપર હૂબહૂ નકલ લઈ લેવાથી કુદરતનો અભ્યાસ પુરો થાય છે અને હું 'આર્ટિસ્ટ'ની પદવીને લાયક બનું છું. એટલેકે દેખાતી સૃષ્ટિનું આબેહુબ અનુકરણ કરવામાં આર્ટની ઇતિશ્રી થાય છે. પણ હવે મને જુદું ભાસે છે. કુદરતના પદાર્થોની કેવળ નકલ લેવી તે કળા નથી; પણ તેનું યોગ્ય ભાષામાં સ્પષ્ટ નિરૂપણ કરવું તે જ ખરી કળા છે . . . . મારૂં મન પ્રકૃતિને જેવી રીતે ગ્રહણ કરે—હું જે સમજ્યો હોઉં તે એક સરળ, સુંદર આકૃતિમાં રજુ કરી શકું ત્યારે તે કળા થાય છે. મનુષ્યનું મનુષ્યત્વ, પશુનું પશુત્વ અને પુષ્પનું ગુપ્ત રહસ્ય એ બધાં તત્ત્વોનું સ્પષ્ટ દર્શન કળાકારને થાય છે. જે શિલ્પી દશ્ય અને અદશ્ય સત્યોને માનસિક દિવ્ય ચક્ષુથી જાણી લઇને નિપુણતાથી રેખા, રંગ, રાગ, છંદ, વિશિષ્ટ અભિનય કે એવા કોઈપણ સાધનથી પ્રગટ કરી બતાવે તે જ ખરો કલાનાયક છે. શાસ્ત્ર પણ કહે છે કે સત્ય આંખથી દેખાતું નથી, પણ મનથી જ જાણી શકાય છે. मनोमात्रैक गोचरम् . . . . હરહમેશ આપણા પરિચયમાં આવતી પ્રકૃતિ સાથે મનને એકરસ કરી કરી દેવું એ જ 'નેચર સ્ટડી'—કુદરતનો અભ્યાસ—છે. પ્રકૃતિને જો તમે તમારા એકાગ્ર મન ઉપર પોતાનું પ્રતિબિંબ પાડવાની તક ન આપો અને તેની સાથે એકતાન થઈ ન શકો તો તે કદિ કાબુમાં આવે જ નહિ. રસગ્રાહિતા, ચિન્તનશીલતા, વિચારશક્તિ, એકાગ્રતા, અવલોકનશક્તિ, ઉત્સાહ, સંયમ, જિજ્ઞાસાવૃત્તિ, સ્વદેશાનુરાગ ચિત્રનૈપુણ્ય વગેરે ઘણા સદ્દગુણો આવી મળવાથી કળાકાર તૈયાર થાય છે. કુલીનનાં જેમ નવ પ્રકારનાં કુલલક્ષણ છે, તેમ કળાકારનાં પણ અસંખ્ય લક્ષણ છે. દીર્ઘ સાધના વડે ઘણું જ્ઞાન મેળવ્યા પછી જ કળાકાર થવાય છે.' 'ભારત શિલ્પ'ના પુસ્તકમાં આવી પ્રેરણા અને આદર્શભરી વાણીમાં તેમનું કથન સાંભળીએ છીએ ત્યારે અવનીન્દ્રનાથ પોતાનો સ્વાનુભવ વર્ણવતા હોય એમ જ લાગે છે.

દિલ્હીના ગંજાવર અખિલ ભારતવર્ષીય પ્રદર્શનમાં તેમનું 'શાહજહાંની મૃત્યુશય્યા'નું ચિત્ર બહારની દુનિયાને પહેલું નજરે પડ્યું કે તરત જ કલાવિદોએ તેમાં લોકરૂચિને અધીન વર્તનારી કલા કરતાં કોઈ જુદું જ તત્ત્વ ભાળ્યું. ઘરોમાં સાધારણ રીતે દેખાતી છબીઓમાં ચેષ્ટાહીન નેત્રોવાળા નાટકી પોશાકના દેવદેવતાઓ કે રાધાકૃષ્ણની અર્થહીન આકૃતિઓ જોઇ-જોઇ આંખો તે તરફ બેદરકાર બની ગઇ હતી તેમને, ગમગીન શાંતિભર્યું મુગલ સામ્રાટ શાહજાહાંની અંતિમ અવસ્થાનું એ કરુણ ચિત્ર કોઇ મહાન કવિના ગહન કાવ્ય સમું લાગ્યું.

સરકારી આર્ટ સ્કુલને પાને પડેલી ચિત્રકળામાંથી કદિ યે પ્રગટે નહિ એવા અનેરા ચિત્રપ્રસંગો અને મનોહર લોકદર્શનો અવનીન્દ્રનાથની પીછીને સુસાધ્ય છે. ભારતનો પ્રાચીન ઇતિહાસ અને સાહિત્યભંડાર એમની સદાની પ્રવાસભૂમિ છે. એમને ભગવાન બુદ્ધમાંથી માનવ કળાનો વિશુદ્ધ પ્રવાહ ધર્મ રૂપે વહેતો દેખાય છે. તે જે પ્રદેશ પર જાય છે ત્યાં કળાનાં અંકુરો ફુટે છે અને કળાની નૂતન સૃષ્ટિ જમાવે છે. અજંતા અને બાઘના મઠોની કળા તુર્કસ્તાન, તિબેટ, જાવા, ચીન અને જાપાનને રેલતી લાગે છે. એથી બુદ્ધમાં તે મહાન કળાનો અધિદેવતા નીરખે છે. અવનીન્દ્રનાથે ભગવાન બુદ્ધનાં અનેક ચિત્રો દોર્યાં છે અને તે બધાં જગતની મહાન કળાકૃતિઓમાં ગણાવા લાગ્યાં છે. બૌદ્ધ ધર્મના સંસ્કારી અનુયાયીઓ એ ચિત્રોને પોતાના ધ્યાન તરીકે પૂજામાં રાખે છે અને ઇતર જનો એ ચિત્રોમાંથી વિશ્વાનુકંપા અને શાંતિના સંદેશ પામી ચિત્તનું સ્વાસ્થ્ય મેળવે છે.

અવનીન્દ્રનાથ આમ પરમ ઉચ્ચ કોટીના પ્રસંગોનાં ચિત્રો દોરે છે તે સાથે તેમની પીછીમાંથી અનેક પ્રકારનું નિપુણતાભર્યું ચિત્રાંકન અને રંગરોપણ પ્રગટાવે છે. આંખને કેવળ જાદુઈ કરામત લાગે એવી તેમની રંગરચના આખા યે ચિત્ર ઉપર ધીર મધુર વાતાવરણ ફેલાવે છે. રેખાઓનું લાલિત્ય જુઓ કે વસ્તુઓનું બારીક નીરૂપણ જુઓ, ક્યાંયે હાથની નિર્બળતા જણાશે નહિ. તેમનાં ચિત્રોની છાપેલી નકલોમાં મુળ કૃતિના આ ગુણો ભાગ્યે જ ઉતારી શકાય છે. સાચી કળાનો એ એક ચમત્કાર છે કે કોઇરીતે તેની ખરેખરી પ્રતિકૃતિ ન જ બની શકે. કોઈ અજબ છટાથી એકાદ ફુલપાંદડીનો તાજો રંગ મુકયો હોય, કોઇ સૂક્ષ્મતાથી મુકુટની નકસી કે પાઘડીનો કસબ

[અનુસંધાન આગળ પાન ૪૦૧ મે]



જાગૃત સ્વપ્ન

ચિત્રકાર : શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર

શાહજહાં જેવો મહાન બાદશાહ હતો તેવો જ મહાન પ્રેમી પતિ હતો. એના જીવનની અહોભાગ્ય પળોની વિધાતા મુમતાઝ બેગમના અવસાન પછી જીવનભર તેની સ્મૃતિઓથી જ એનું ચિત્ત ઘેરાએલું રહેતું. આજ તે રાજકાજથી પરવારી કાશ્મીરના પોતે ખાસ બંધાવેલા શાલીમાર બાગમાં એકલો ઊભો, વિયોગની લાગણીએ કંપતો ચાંદનીધોળી કુદરતમાંથી આશ્વાસન લે છે. પ્રેમમાંથી જ કળા જન્મે છે. કમળભર્યાં સરોવર, ઘેરાં નીલાં સરૂનાં ઝાડ, ને હિમાચ્છાદિત શિખરો પર પડતાં ચંદ્રકિરણો તેને મુમતાઝનાં રૂપ ને ગુણનું સ્મરણ આપતાં હશે; અને એ સ્મરણને અમર રૂપે અંકિત કરવાનું આવી જ કોઇ પળમાંથી શાહજહાંને સુઝ્યુ હોય, ને તાજમહેલ તેનું જ સ્વરૂપ હોય એમ માની શકાય. કાશ્મીર જોયા વિના ચિત્રકારને આ ચિત્રસ્વપ્ન લાધ્યું છે.



દારાનું મસ્તક નીહાળતો ઔરંગઝેબ
(ચિત્રકાર: શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર)

ℂ. અવની બાબુની પીછીમાંથી ટપકેલું, મુગલ સલ્તનતની તવારીખના એક અત્યંત કરુણ કિસ્સાનું આ દર્શન છે. પિતા શાહજહાંને આગ્રાના કિલ્લામાં કેદ કરીને ઔરંગઝેબે તખ્તના વારસ મોટા ભાઈ દારા શિકોહને હરાવી પકડ્યો અને ગુપ્તરીતે તેનો શિરચ્છેદ કરાવ્યો. અત્યારે ઔરંગઝેબ બાગમાં આરસની બેઠક પર બેઠો છે અને દારાનું શિર તેની પાસે રજુ થયું છે. હાથમાંનાં તસ્વી અને કુરાન બાજુ પર મુકી તલવારના છેડાથી એ મસ્તક પર ઢાંકેલું કપડું ખુલ્લું કરી જુએ છે. લાગણીનો તેનામાં અંશ પણ જણાતો નથી. તે માત્ર ખાતરી કરે છે કે પોતે ઠગાયો તો નથી ને? પોતાનો મુખ્ય હરીફ દૂર થવાથી તેનો જીવ સ્થિર થયો લાગે છે. આ નવીન ચિત્ર-વસ્તુના ભાવાલેખનમાં ચિત્રકારે ખુબ ચાતુર્ય બતાવ્યું છે. ઔરંગઝેબની ખટપટી મુખમુદ્રા તો આપણને સ્પષ્ટ સમજાય છે. ક્રૂરતા, વહેમી સ્વભાવ, દંભ, ધર્મઝનુન અને ધાર્યું કરવાની હઠ ઓળખાતાં વાર નથી લાગતી. જાહેરમાં તે મોટા ધર્મિષ્ટ ફકીરનો દેખાવ કરતો તે અત્યારે નથી; અહીં તો તે જેવો અંદર છે તેવો જ દેખાય છે. પોતાના મુદ્દામ હરીફનું માથું સામે પડ્યું હોય તે વેળા બીજો દેખાવ હોય જ નહિ. મુળ રંગીન ચિત્રમાં ચિત્રકારે રંગ અને રેખાની ઘણી સુરસ યોજના જમાવેલી છે.

એક ટુંકી વાર્તા,—જેની આરપાર શીખશિરોમણિ રણજીતસિંહના ધર્માધીન ચરિત્રની એક તેજસ્વી રેખા ઝળકી રહી છે.

'સત્ શ્રી અકાલ'

પેશાવરથી પાણીપત સુધી પંજાબકેસરી રણજીતસિંહની હાક વાગે છે. અંગ્રેજ સરકારની આવતી બાદશાહીને એ એકલે હાથે ખાળી રહ્યા છે. આખો પંજાબ ઘેર કરીને રણજીતસિંહ રાજકાજમાં પરોવાઈ ગયા છે.

રણજીતસિંહ ગુણની ખાણ હતા. ધર્મને માટે માથું ઉતારી દે. પણ એમનામાં એક 'અવગુણ હતો. ભારે મોટો અવગુણ. રૂપ જોઇને આંધળાભીંત થઇ જાય. જાણે એ રણજીતસિંહ જ નહિ !

મહારાજાએ પચાસ પુરાં કરીને વનમાં પ્રવેશ કર્યો. ઘડપણ ડોકિયાં કરવા માંડ્યું. વાળની કાળપ ઉતરવા માંડી. લાંબી દાઢી અરધી ધોળી થઇ ગઇ. અરધ પંથ પાર કરી ગયા. કીર્તિના મંદિર ઉપર કળશ ચડાવવો જ બાકી છે.

લાહોરમાં મોરાં આવી ને કળશ ચડી ગયો.

卐

મોરાં જગપ્રસિદ્ધ નાયકા. રૂપરૂપનો અવતાર. લાહોર આખું મોરાં ઉપર મોહી પડ્યું છે. મોરાં વગરના જલસા ભવાઈ જેવા લાગે છે.

મોરાંનાં વખાણ મહારાજાને કાને પહોંચ્યાં. મહારાજાનો હુકમ છુટ્યો, 'દરબાર શણગારોઃ જલસાની તૈયારી કરો.' અમીર ઉમરાવ સૌ હુકમની વાટ જોઇને જ બેઠા'તા. દરબાર શણગારાયો. લાહોર આખું ખળભળી ઉઠ્યું. પંજાબભરનાં રસિયાં લોક, તૈયાર મોલ ઉપર ટીડ ઉતરે એમ લાહોરમાં ઉતરી આવ્યાં.

卐

જલસો શરૂ થયે આઠ દિવસ વીતી ગયા છે. રાતને બીજે પહોર દરબારમાં રંગ જામ્યો છે. બીજો પહોર વીત્યો ને જલસાના મુખી ઉઠ્યા. 'મોરાં' એ બે અક્ષર બોલ્યા. લોક ઝબકીને જાગ્યા. મોરાંનું નામ કાને પડતાં સૌ આગળ ખસવા માંડ્યા. આઠ આઠ દિવસના અખંડ ઉજાગરા છે. ઉજાગરે આંખો સુજી ગઈ છે. તો ય સામે તાકી રહ્યા છે.

રૂમઝુમ રૂમઝુમ ઝાંઝર ઝણક્યાં. કાનમાં અમી રેડાઇ ગયું. મોરાં સંગીતમાં પારંગત નહોતી, પણ એના કંઠમાં જાદુ હતું. તેમાં યે એનું રૂપ ! આખી મેદની અનિમેષ થઇ ગઇ. મોરાંનું સંગીત ચાલ્યું.

કાન્હા ! રંગ ન મો પે ડા . . . . ર

માનવ સરોવરમાં એક લહરી આવી. સૌ અંતરના તાર રણઝણી ઉઠ્યા. બે હજાર શ્વાસ રૂંધાઇ ગયા. ટાંકણી પડ્યે મહેલ ગરજે એવી શાંતિ છવાઇ ગઇ. હવામાં એક જ મધુર સુર ગુંજી રહ્યોઃ

કાન્હા ! રંગ ન મો પે ડા . . . . ર
વૃંદાવનકી કુંજ ગલનમેં
તનમન દીન્યો વા . . . ર—કાન્હા !૦

દેવદાનવની સભામાં મોહિની અમૃત પીરસે એમ મોરાં રણજીતની સભાને અમીપાન કરાવી રહી છે. બે હજાર હૈયાં એક તારે પરોવી લીધાં છે.

રાતનો ત્રીજો પહોર, સજેલો દરબાર અને મીઠી શાંતિનું ભાન કરાવતો મોરાંનો મીઠો સુર

કાન્હા ! રંગ ન મો પે ડા . . . . ર

મહારાજ શરીરનું ભાન ખોઈ બેઠા. કોઈ દેવલોકમાં ફરવા માંડ્યા. સંગીતના નશામાં ચકચુર થઇ ગયા. આખી કાયા ગાનમુગ્ધ ફણીધર પેઠે ડોલવા લાગી.

એકાએક મોરાંનું ગાન બંધ થઈ ગયું. સૌની આંખ ખુલી ગઇ. પણ મહારાજના કાનમાં મોરાંનો સુર ગાજે છે. સૌ મોરાં પર આફરીન થઇ મોંફાટ વખાણ કરવા માંડ્યા. મહારાજે હૃદય લુટાવી દીધું !

આઠમે દિવસે સારા શહેરમાં જાણ થઇ કે મહારાજે મોરાં સાથે લગ્ન કરી દીધાં !

卐

મહારાજનું આ પંદરમું લગ્ન ! અને તે પણ

નાયકા સાથે ! શીખ જાતિનો કોપ ફાટી નીકળ્યો. અકાલીદળને કાને વાત પહોંચી.

ફુલ્લાસિંહ પવિત્ર અકાલી હતો. ગ્રંથસાહેબનો નિત્યપાઠ કરતો. આખા દળમાં એની નિષ્ઠા અને ભક્તિ અજોડ હતાં. રાજ્યનો એ સ્થંભ ગણાતો. મહારાજને પડખે ઉભા રહીને એ અનેક સમરાંગણ ખેલેલો. વાત સાંભળીને એને પગથી તે માથા સુધી લાગી ગઈ. એની ફુલગુલાબી કાયાને માથે બાણું કરોડ રૂંવાડાં બેઠાં થઇ ગયાં ! દળને હાકલ કરી કે મહારાજાને પદભ્રષ્ટ કરો !

ॐ

રાજમહેલની અટારીએ રણજીતસિંહ બેઠા છે. લમણે હાથ દીધો છે. મનમાં મનમાં વિચારે છે કે 'મોહના નશામાં હું ભાન ભુલી ગયો. નાયકા સાથે લગ્ન કર્યાં !' પસ્તાવાનો કોઇ પાર નથી. રાજ્ય જવાની બીક નથી, પણ એક રણજીતના નામને લીધે શીખ જાતિની આબરૂ ઉપર પાણી ફરી વળે ! પોતે કરેલો અકાલ તખ્તનો અપરાધ નજરે તરવા માંડ્યો. હૈયું ભેદાઇ ગયું. આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. એમ ને એમ ઘડી બે ઘડી વહી ગઇ.

આંસુ લુછીને મહારાજ ઉઠ્યા. મુંગામુંગા, ભારે પગલે ઘોડારમાં ગયા. અસવાર થઇને લાહોરથી ચાલી નીકળ્યા.

અમૃતસરની બજાર ચીરીને ફુલ્લાસિંહને આંગણે આવી ઉભા. ચુપચાપ ઘોડેથી ઉતરીને ઘરમાં પેઠા. ફુલ્લાસિંહની નજર પડે એ પહેલાં જઇને એના પગમાં પડ્યા. અકાલી વીર હોઠ દાબીને ઉભો રહ્યો. એને મન આ ખુશામત લાગી. મહારાજ તરત કળી ગયા. મનમાં વિચાર્યું કે વાત વણસી ગઇ છે. પંજાબનો સિંહ હાથ જોડી વીનવવા માંડ્યો, 'ફુલ્લાસિંહ ! માફ કરો.'

ફુલ્લાસિંહ ન્યાયાધીશ હતો. ન્યાય કરતી વખતે સ્નેહની કુમાશ એના અંતરને અડકવાની હીમત ન કરે. સામા માણસની સત્તામાં અંજાઇ જઇ ન્યાય કરવાનું એ નહોતો શીખ્યો. કોરો ધાકોર ઉત્તર વાળ્યો: 'તમે મારા ગુનેહગાર નથી; સમસ્ત શીખજાતિના છો.'

'તો ફુલ્લાસિંહ, તમે શીખજાતિના શિરોમણિ છો.'

'રણજીતસિંહ, આવી ખુશામતની જરૂર નથી. જો તમારે ખરેખર માફી માગવી હોય તો કાલ સવારે અકાલ તખ્તમાં હાજર થજો. ખાલસાજી ન્યાય ચુકવશે.'

એક અક્ષર બોલ્યા વિના રણજીતસિંહ ચાલ્યો ગયો.

ॐ

મોરાં રંગમહેલમાં બેઠી મહારાજની વાટ જુએ છે. સાંજ પડી ગઇ, જગતમાં અંધારાં ઉતર્યાં, મહેલમાં રોશની પ્રગટી, તોય મહારાજ ન આવ્યા. મોરાં અનિમેષ નયને રાહ જુએ છે. ત્યાં તો પંજાબ કેસરી ધરણી ધ્રુજાવતે ડગલે નહિ પણ દબાતે પગલે આવ્યો. એની ચાલમાં શિથિલતા હતી; એના ચહેરા ઉપર ઉદાસી હતી; એની આંખ નિસ્તેજ હતી.

ઠમકો કરીને મોરાં ઉઠી. હસીને આવકાર દેવા ગઇ; ત્યાં મોં સીવાઇ ગયું ! મહારાજના હાલ જોઇ એના હોશકોશ ઉડી ગયા.

'મોરાં, કાલ સવારે મારે અમૃતસર જવું પડશે.'

'કારણ ?'

'નાયકા સાથે લગ્ન કરીને મેં ખાલસાજીનો અપરાધ કર્યો છે . . . .' મોરાં ફાટી આંખે જોઇ રહી. મહારાજે આગળ ચલાવ્યું: '. . . એ ભયંકર ગુનાહ માટે ખાલસાજી જે શિક્ષા ફરમાવશે તે મારે ભોગવવી પડશે.'

'શી શિક્ષા કરશે ?'

'એ કેમ ખબર પડે ?'

'મને કાઢી મુકવાનું કહેશે તો ?'

'તો . . . તો કાઢી મુકીશ.'

મોરાંની આંખે અંધારાં વળ્યાં. ઉભી'તી ત્યાં જ બેસી પડી. મહારાજ કઠણ હૈયું કરીને ચાલ્યા ગયા.

ॐ

અમૃતસરના અકાલ તખ્તમાં શીખ સમાજ મળ્યો છે. ગુરુના એ બંદાઓની આંખો ભક્તિની દીપ્તિથી ભરી છે. શીખ જાતિનું ગૌરવ એ શિર સાટે જાળવી રહ્યા છે.

ગુરુદેવ નાનકનું ભજન ગવાઇ રહ્યું ને સૌની નજર સામા દરવાજા ઉપર પડી. સફેદ દાઢી ને સફેદ સાફાવાળો કોઇ શીખ દીન વદને હાથ જોડીને ઉભો છે. ધ્રુજતે પગે અને ચોરાતે હૃદયે એ અપરાધીના પીંજરામાં ઉભો છે. આંખો જમીનમાં ખુંચી ગઇ છે.

પ્રાર્થના પુરી થતાં જ ફુલ્લાસિંહ ઉઠ્યો: જમરાજ જેવો કડક. 'કોણ છો તમે ?'

'ખાલસાજીનો અપરાધી.'

'તમારૂં નામ ?'

'રણજીતસિંહ.'

'શો અપરાધ કર્યો છે ?'

'વેશ્યાવિવાહ.'

'ખાલસાજી પાસે ન્યાય માગો છો ?'

'હા જી.'

પાંચ ડાહ્યા આગેવાનોનું પંચ નીમાયું. ઘડીકમાં મસલત કરી લીધી. શિક્ષા નક્કી કરી નાખી. ફૈંસલો સંભળાવવા ફુલ્લાસિંહ આગળ આવ્યો.

'રણજીતસિંહ! તમે અમારા મહારાજ છો' ફુલ્લાસિંહનો બુલંદ અવાજ ઘુમ્મટમાં ઘુમવા માંડ્યો:' 'તમને અનેકવાર વીનવ્યા છતાં આ પંદરમું લગ્ન કરીને તમે ધર્મનો અપરાધ કર્યો છે, તેને માટે ખાલસાજી તમને શિક્ષા ફરમાવે છે કે...'

પોતાના માનવંતા મહારાજાને શિક્ષા ફરમાવતાં એનું મન સહેજ સંકોચાયું; પણ બીજી જ પળે એ સંકોચ દૂર કરીને એણે શિક્ષા ફરમાવી:

'. . . એકવીસ દિવસ સુધી ખાલસા સમાજ માટે તમારે હાથે દાતણ કાપી લાવવાં; એકવીસ દિવસ લગી સમાજના જોડા સાફ કરવા; એક લાખ રૂપિયા દંડ તરીકે ભરવા અને . . . .'

સમાજ સ્તબ્ધ થઇ ગયો. આટલી સજા પછી હજી શું બાકી છે? પંજાબના ધણીને આથી વધારે પ્રાયશ્ચિત્ત શું હોય? પણ એ તો શીખ હતા. ધર્મનું ગૌરવ અંકિત કરનારને જાનથી મારવાનું સમજનારા.

'. . . અને . . . સામેના ઝાડ સાથે બાંધીને તમારા ઉઘાડા બરડામાં સો કોરડા લગાવવા!'

સમાજને માથે જાણે વીજ પડી. રણજીતસિંહ અવાક્ થઇ ગયો. ફુલ્લાસિંહ એટલી જ સ્વાભાવિકતાથી પોતાની બેઠકે જઇ બેઠો. મહારાજ વિચારે છે: ફુલ્લાસિંહ ગમે તેવો તો યે એક સૈનિક. એની આટલી હીમત! એની વીરતા ઉપર વીર રણજીત ફિદા થઇ ગયા. ત્યાં તો 'સત્ શ્રી અકાલ'ની ગર્જનાએ સજાને મંજુરી આપી દીધી.


ફુલ્લાસિંહે રણજીતસિંહને પુછ્યું, 'તમારે આ સજા કબુલ છે?'

પળનો પણ વિચાર કર્યા વિના મહારાજે શિર નમાવ્યું. 'સત્ શ્રી અકાલ!'થી ફરી વખત આખું તખ્ત ગર્જી ઉઠ્યું.

મહારાજ ઉઠ્યા. સાફો, અંગરખું, એમ એક પછી એક બધાં કપડાં ઉતાર્યાં. એક કચ્છ ભર સામેના ઝાડને જઇને બાથ બીડી. કોરડા વાળો ધ્રુજતે હાથે પડખે આવીને ઉભો. મહારાજ કોરડો પડવાની રાહ જોઇ રહ્યા.

ખાલસાજીનો પ્રકોપ આ નમ્રતા જોઇને અરધો થઈ ગયો. બધાને થયું, આ કરતાં તો મહારાજ ધર્માજ્ઞાની સામે થયા હોત તો સારૂં હતું. પણ હવે તીર છુટી ગયું હતું. સૌના મનમાં હવે થાય છે કે કાંઇ અકસ્માત થાય અને આપણા મહારાજ સજામાંથી બચે.

સ્મશાન જેવી શાંતિ છવાઇ છે. સૌનાં મુખ પર ઉદાસીનતા પથરાઇ છે. મહારાજની પીઠ પર કોરડા



પડતા ન જોવા સૌ આંખો મીચી ગયા છે. મહારાજના શરીરને આંગળી અડાડનારની આંગળી કાપી નાખનાર એ શીખ સમાજ આજ ધર્મને કારણે એના જ ઉપર કોરડા લગાવવા તૈયાર થયો છે, અને ધર્માજ્ઞાને સર્વસ્વ ગણનાર રણજીત એ સજા ખમવા તત્પર થયો છે. ભારે વિષમ પ્રસંગ છે.

આગેવાન શીખ કોરડાવાળાને આજ્ઞા આપે છે: ‘એક, બે . . .’

એકાએક ફુલ્લાસિંહ ઉઠ્યો. ફુલ્લાસિંહ વિવેકી હતો; માનવહૃદયનો વાંચનારો હતો. એણે પળવારમાં આખા સમાજનાં મન પરખી લીધાં. મધ્યચોકમાં આવીને કોરડાવાળાને હુકમ કર્યો: ‘બસ કરો.’

કોરડાવાળો અટકી ગયો. સમાજ જોઇ રહ્યો. રણજીત સાંભળી રહ્યો. ફુલ્લાસિંહનો ધીર ગંભીર વાણીપ્રવાહ વહેતો થયો: ‘રણજીતસિંહ આપણા મહારાજ છે. માથાના મુકુટ છે. પંજાબના ધણી છે. એ ધારત તો આજ અહીં લોહીની નદી વહેવડાવત. પણ રણજીતસિંહ ગુરુના બંદા છે. ખાલસાજી આગળ એ પોતાને તણખલા સમાન સમજે છે. ગુરુને નામે જ એમણે રાજદંડ સ્વીકાર્યો છે. એમના અપરાધનું પ્રાયશ્ચિત્ત એમની આ અદ્‌ભુત નમ્રતાથી પૂર્ણ થયું છે. બોલો, ખાલસાજી એમને માફી બક્ષે છે?’

‘સત્ શ્રી અકાલ?’ હજાર કંઠના હર્ષોન્મત્ત સૂરે આકાશ ભેદાઇ ગયું. માફીની મંજુરી મળી ગઇ.

બંધન છુટ્યાં એવો જ રણજીતસિંહ ધર્મવીર ફુલ્લાસિંહના ચરણમાં ઢગલો થઇ પડ્યો. ફુલ્લાસિંહે જળભરી આંખે મહારાજને બાથમાં લઇ લીધા!

ખાલસાજીએ ફરી ધર્મનાદ કર્યો: ‘સત્ શ્રી અકાલ.’

(હિંદી પરથી સૂચિત) **રામનારાયણ ના. પાઠક**

‘બા, તને વાર્તા ગમે છે?’ ‘હા, બેટા!’

‘ત્યારે હું તને એક કહું?’ ‘હા.’

‘તને એ ગમશે?’ ‘જરૂર’

‘સાંભળ ત્યારે: એક હતી તેલની શીશી અને મેં એ ફોડી નાખી!’

卐

વેપારી—(રસ્તે જતા માણસને) કેમ, ટ્રંક ખરીદવી છે?

પેલો—ના રે ભાઇ, મારે ટ્રંકને શું કરવી છે?

દુકાનદાર—તમારાં લુગડાં ભરવા.

પેલો—એટલે? પછી હું શું લુગડાં પહેર્યા વગર ચાલું?

જુવાનીની નાસ્તિકતાએ વગુસાડી મુકેલી બાળપણની એક મનોરમ કલ્પના ઉતરતી અવસ્થાએ પાછી કેમ શ્રદ્ધાન્વિત થાય છે એ દર્શાવતી કોમળ લાગણીઓભરી એક આપકથા



આકાશનાં ફુલ ને પૃથ્વીના તારા

મારા પિતાશ્રી, એ અત્યારે નષ્ટ થએલા જુના જમાનાના માણસ હતા. બ્રિટિશ પ્રજાએ અમારી વેરાન ભૂમિ જીતી લીધી એ પહેલાં એમનો જન્મ હતો. એ અંગ્રેજી જાણતા નહિ અને આપણી શાળા ને શિક્ષકોના હાથમાંથી પસાર થયા ન હતા. શ્રીકૃષ્ણ ભગવાનના એ પરમ ભક્ત ને ધર્મચુસ્ત વૈષ્ણવ હતા. સિંધમાં એવા ચુસ્ત વૈષ્ણવ ભાગ્યે જ મળે.

અમારા ઘરમાં એક નાનું સરખું મંદિર હતું. પિતાજી સવારમાં વહેલા ઉઠી ત્યાં પૂજા કરવા બેસે ને એ સ્થિતિમાં બપોરના બાર ને એક પણ થઇ જાય.

અમારૂં ઘર શહેરમાં આવેલું હતું; પણ પ્રભુની પૂજાર્થે તો પુષ્પો દરેક ઋતુમાં જોઇએ, એથી અમે પુષ્પોનાં કુંડાં વસાવ્યાં હતાં. નાનું બાળક પણ જાણતું કે એ ફુલ ચુંટી તો શકાય જ નહિ; એ તો પ્રભુને માટે જ હતાં. તેને સ્પર્શ કરવાની હીમત કોઇ કરી શકતું નહિ, એ પ્રથા જ હતી. માત્ર કુટુંબમાં કોઇ માંદુ પડે ત્યારે ઇશ્વરને ચરણે ધરેલા અર્ઘ્યમાંથી ફુલો તેની પાસે લાવવામાં આવતાં.

સખત ઠંડી પડતી હોય તેવા દિવસોમાં પિતાશ્રી રાત્રે પ્રાર્થના ખુલ્લા આકાશમાં જ કરતા. કલાકો સુધી એ બેસી રહેતા ને તારાને જોઇ રહેતા. ગગનને નીહાળવા મને પણ બોલાવતા. હું બીતો. કાળાઘોર રાતની મને બીક લાગતી, ને આંખમાંથી લળી પડેલા ડોળા જેવા તારા બીહામણા લાગતા. જાણે કોઇ હાડપિંજરની આંખો મને તાકતી ન હોય! પણ પિતાશ્રી કેમ જવા દે? કહેતા કે 'બીશ નહિ, બેટા! જો આપણે અહીં આ ફુલ છે એવાં જ એ ફુલ છે. આ જમીન પર છે ને તે આકાશમાં છે, એટલો જ ફેર. જેમ આપણે આ વડે ભગવાનને પૂજીએ છીએ તેમ નિરંતર એ ફુલ વડે આકાશમાં પણ એની પૂજા થાય છે. આ પૃથ્વી ઉપરનાં ફુલ એ ખરી રીતે આકાશના તારા છે. તારાઓ પહેલાં તો ભાઇની પેઠે આકાશમાં રહેતા; પણ એમનામાં તકરાર ઉભી થઇ ને તેઓ જુદા પડ્યા. ફુલ અહીં પૃથ્વી ઉપર પડ્યાં અને તારાઓ આકાશમાં જ રહ્યા. થોડા વખતમાં તારાઓને લાગ્યું કે તેમના પૃથ્વી પરના ભાઇઓ દુ:ખમાં આવી પડ્યા છે; પૃથ્વીનાં દયાહીન મનુષ્યો તેમને તોડી લે છે, તેમનાં અંગેઅંગ પીંખી નાખે છે ને ચારે દિશામાં વેરી દે છે. આકાશમાંના તારાઓને આને માટે ખુબ દુ:ખ થયા કરે છે અને તેમને ઘણી દયા આવે છે. એ દુ:ખ જોઇજોઇને તારાઓ રડે છે. સવારમાં વહેલા ઉઠી જોશે તો તેઓનાં ઢાળેલાં આંસુ ફુલ ઉપર પડેલાં જણાશે. કાલ સવારે આ પ્રેમ અને શોકનાં આંસુ હું તને બતાવીશ.'

પણ મેં કહ્યું, 'આપની આજ્ઞાથી જ્યારે હું કોઇ વખત મંદિર માટે ફુલ લેવા જતો ત્યારે એ આંસુ મેં જોયાં હતાં.' પિતાશ્રી આથી પ્રસન્ન થયા ને કહ્યું, 'હં, તેં બરાબર જોયું. પણ કેટલાક હીમતવાળા તારા

માત્ર આંસુ પાડીને જ રહેના નથી. તેમનો પ્રેમ તો એટલો નિસ્સીમ છે કે આકાશમાંથી ખરી પડી તેમનાં દુઃખમાં ભાગ લેવા ઇચ્છે છે. પણ તે એટલા બધા નાજુક છે કે પૃથ્વી પર પગ માંડે કે તરત મરી જાય છે. અહીંની હવા તેમને માટે ઝેર જેવી છે. તેં આ ખરતા તારાઓને કોઇ વખત જોયા નથી ?'

હા મેં તેમને જોયા હતા. મારા પિતાશ્રીમાં મારી શ્રદ્ધા બેઠી. મને ખાતરી થઇ કે તેમણે કહ્યું તેમ જ આ બધું બને છે. તેમણે કહ્યું, 'એ ભાઇઓને ભેગા કરવાનો હવે માત્ર એક જ માર્ગ રહ્યો છે. પૃથ્વી પરનાં ફુલોને ચુંટી ઈશ્વરને ચરણે ધરી દેવાં. આમ કરીએ છીએ ત્યાર પછી સ્વર્ગમાં એ ફરી અવતાર લે છે ને તારા બને છે.'

આ મીઠી દુઃખભરી વાર્તા મારા હૃદયમાં વસી ગઇ. કુંડાંનાં ફુલોને સ્પર્શ કરી શકાતો નહિ એ તો પ્રથા ને ક્રોધના ભયને લીધે. પણ આ વાર્તાના સંસ્કાર એવા સજ્જડ પડ્યા કે તે પછીથી તો બીજા કોઈ સ્થળે પણ હું ફુલ ચુંટું નહિ.

મોટો થયો. શાળામાં જવા લાગ્યો ને ઉપલા વર્ગમાં આવ્યો. શિક્ષકોએ મને જ્યોતિષ, પ્રાકૃતિક ભૂગોળ ને રસાયનનું થોડુંથોડું જ્ઞાન આપ્યું. એ ચમત્કારી હતું. તેમણે મને સમજાવ્યું કે આકાશનાં એ નાનાંનાનાં પુષ્પો તો મોટીમોટી પૃથ્વીઓ છે અને તે, આપણે રહીએ છીએ તે પૃથ્વી કરતાં પણ મોટી જ. તેમણે મને સમજાવ્યું કે આપણા બગીચાના નાનાનાના તારાઓ એ હાઇડ્રોજન, ઑક્સિજન ને બીજી વસ્તુઓના બનેલા છે. મારાં સ્વપ્ન ભાંગી પડ્યાં. પિતાશ્રીની વાર્તા ઇસપની કોઇ વાર્તા જેવી મને ભાસી. બીજી રીતે પણ હવે હું શીખ્યો હતો કે પિતાશ્રી એ તો જુના જમાનાના એક વહેમી માણસ હતા. તેમનું જ્ઞાન માત્ર કુકડા ને બળદની વાર્તા કહેવામાં જ સમાપ્ત થઇ જતું.

આ મોટા ગ્રહોમાં મને હવે વધારે વાર આનંદ આવ્યો નહિ. નકામા ને ધ્યેય વગરના તે ભમ્યા કરતા. પહેલાં મને તેમાં સુંદરતા લાગતી ને આનંદ આવતો, તે હવે ચાલ્યાં ગયાં. તેઓ હવે મારા સારૂ હસતા નહિ ને નાચતા નહિ. અને પૃથ્વી પરના આ તારાઓ (ફુલો) વિષે પણ તેમ જ બન્યું. તેઓ પણ સામાન્ય પદાર્થનાં જ બનેલાં; તો પછી મારી ઇચ્છામાં આવે તેમ તેનો ઉપયોગ થઇ શકે ! એટલે કૉલેજમાં તો હું લગભગ રોજ નિયમિત રીતે ફુલ ચુંટતો ને મારા પરદેશી પોશાકને શણગારતો. મારે મન તેઓ હવે જીવ વગરનાં હતાં. મારી ટાઈ–પિન વાપરૂં તેવી જ રીતે તેને પણ વાપરૂં. મારા બટનમાં મુકવા એક પુષ્પનું ઝુમખું મારે જોઇએ જ. હવે પણ તેઓ સુંદર તો લાગતાં જ. પણ શું તેઓ સુંદર હતાં માટે ? ના; એ તો મારાં સુંદર વસ્ત્રોને શણગારવાનાં સાધન બને તેટલા જ માટે. તેમને તોડતાં હવે મને સંકોચ થતો નહિ. કોઇકોઈ વખત મારા મેજને એ પુષ્પો વડે શણગારતો. જુનો વહેમ ચાલ્યો ગયો હતો. તારા અને ફુલ હવે ભાઇ રહ્યા નહોતા. થોડી સુંદરતા હતી ખરી, પણ આખર તો તે જડ પદાર્થ.

લાંબી રજાઓમાં હું જ્યારે ઘેર આવતો ત્યારે હું પેલી જુની પ્રથાને અનુસરતો નહિ ને બટન માટે ફુલ ચુંટતો. પિતાશ્રી જોઈ જતા તો ક્રોધે ભરાતા. એ વૃદ્ધ પુરુષને હું વહેમી ગણતો; પણ આવી નજીવી વસ્તુ ખાતર તેમને ચીડવવાનું માલ વગરનું લાગતું. આથી હું બજારે જઇને ફુલ ખરીદતો.

અને ઘરનું પેલું નાનું મંદિર. એ પણ હવે એવો જ વહેમ લાગતો; છતાં તેમાં જે એક પ્રકારનું માધુર્ય રહ્યું હતું તેની અવગણના મારૂં સુધરેલું મન પણ ન કરી શકતું. તેમાં ગંભીર શાંતિ વ્યાપી રહેતી. છાણ વડે સુંદર રીતે હમેશાં ત્યાં લીંપાતું. સુગંધી ધુપ ઉડી રહેતા; અને એ ન હોય ત્યારે પણ ત્યાં સુગંધ રહેતી. દીવાલો પર દેવદેવીઓનાં ચિત્રો ચીતરેલાં હતાં અને તેમાં મધ્યમણિ જેવી શ્રીનાથજીની ભયંકર મૂર્તિ મને ગમતી નહિ. તોપણ આસપાસનાં રમ્ય ચિત્રોને ખાતર હું તેને સહી લેતો.

ચિત્રો પરનો મારો પ્રેમ કૉલેજમાં ઉગ્યો હતો. મેં પશ્ચિમનાં કેટલાંક અર્ધનગ્ન ચિત્રો ખરીદ્યાં હતાં. દેવદેવીઓનાં ચિત્ર કદિ એવાં સુંદર તો હતાં જ નહિ, પણ તેમાંનાં કોઇકોઇ મને ગમતાં. મારી રજાઓમાં જ્યારે બહાર રણ સૂર્યતાપે ધગી રહેતું ત્યારે મંદિરની એ નાની ઓરડીમાં હું મારો વખત ગાળતો. ત્યાં રહેવામાં મને શીતળતા અને આનંદ મળતાં. પણ વૃદ્ધ પિતાજી



આમાંનું કશું ન જાણતા. આ જાતના ઉપભોગને એધર્મદ્રોહ ગણતા.

✻

પિતાજી હવે તો ચાલ્યા ગયા છે. મને કૉલેજ છોડ્યાને વરસો વીતી ગયાં છે. શિક્ષકો ને ગ્રંથોની આપખુદ સત્તા હવે મને સતાવી શકતી નથી. ઇચ્છામાં આવે તેમ હું વિચારી શકું છું. કૉલેજે જુના વહેમમાંથી મુક્ત કર્યો હતો. જીવનમાં હવે દેખાય છે કે કૉલેજના એ નવા વહેમોમાંથી પણ હું ધીમેધીમે મુક્તિ મેળવી રહ્યો છું. સાયન્સના વહેમો હવે તો નાસવા લાગ્યા છે, પણ ફરી પાછા પિતાજીના વહેમો એક પછી એક મારા પર સત્તા જમાવતા જાય છે. ઘણાં વર્ષોથી મહાવિદ્યાલયમાં ઈશ્વરપૂજાના કાર્ય સિવાય કે બીમાર મિત્રના બીછાના પાસે મુકવાં હોય ત્યાર સિવાય મેં ફુલ ભાગ્યે જ ચુંટ્યાં હશે. હારમાં પુષ્પનો સ્વીકાર પણ બને ત્યાં સુધી કરતો નથી.

એક શ્રદ્ધા મારામાં ધીમેધીમે ઉગતી જાય છે કે પુષ્પો એ માત્ર ઇશ્વરની પૂજા માટે જ છે. સત્ય કહી દઉં તો મને એમ લાગ્યા જ કરે છે કે ઇશ્વરને ચરણે તે ધરૂં તો તેઓ આકાશમાં વસતા તેમના ભાઇ-એને ફરી એકવાર જઇ મળશે. કોઇવાર પ્રાતઃકાળે ઉદ્યાનમાં ભમું છું ત્યાં પણ મારી દૃષ્ટિ પેલાં શોક અને પ્રેમનાં મીઠાં ચિંતાતુર આંસુ શોધતી ફરે છે. ચંદ્રથી શોભતી રાત્રિ કરતાં તારાથી ઓપતી રાત્રિ તરફ મારો પ્રેમ વધુ ઢળે છે. અને રાત્રે જ્યારે કોક વાર દૃષ્ટિ સ્વેચ્છાએ આકાશે વળે છે ત્યારે, બાળ વયમાં બનતું તેમ, એ તારાઓ ફરી એક વાર હસે છે ને નાચે છે. અલબત્ત, હું તેમનું સંગીત સાંભળી શકતો નથી, પણ તે તો મારા કાનનો દોષ. ઘરના પેલા નાના મંદિર તરફ મારો પૂજ્યભાવ હવે ધીમેધીમે વધવા લાગ્યો છે ને મેં તેના અલંકારો ઉતારવાની મના કરી છે. વૃદ્ધ પિતાશ્રીની સાથે તેનો આત્મા ઉડી ગયો છે, પણ તેનું શરીર અત્યારે ત્યાં એવું ને એવું ઉભું છે. વધારે વિચિત્ર તો એ છે કે એક કાળે ભયંકર લાગતી પેલી શ્રીનાથજીની મૂર્તિમાં પણ મારી દૃષ્ટિ હવે સૌંદર્ય જુએ છે. અને તમે હસો નહિ તો કહું—કબુલ કરૂં કે એવું જ ચિત્ર હવે મારી સાથે હું રાખું છું. આ બધાં ચિહ્નો વહેમનાં છે કે બુદ્ધિ પાછી આવ્યાનાં?

[હસ્તલિખિત ‘ અંજલિ ’માંથી] **કૃપાલાની**

સંસ્કારમૂર્તિ આનંદશંકર ધ્રુવ [અનુસંધાન પાન ૩૮૪થી]

એવા નીતિના શ્રેયસ્કર પંથે જ વિચરવાના અને વિચરાવવાના સંકલ્પનું પ્રાબલ્ય, આદર્શશીલ અધ્યાપકનું પ્રાબલ્ય.

જે સંસ્કારિતા એ મૂર્તિમાન કરવા મથે છે તે પાશ્ચાત્ય નહિ, પણ નવી સામગ્રીથી સમૃદ્ધ એવી પોતાના દેશની સંસ્કારિતા. એ સફલ અધ્યાપક, ઉંડા અભ્યાસી ને વિચારશીલ લેખક ગણાય છે એ એમના વિરોધીઓ પણ કબુલ કરશે. ભાંડારકર જેટલા વિદ્વાન એ ગણાતા નથી તે વાત એ પોતે કબુલ કરશે. અનેક વર્ષોથી એ વારાણસીની વિદ્યાપીઠ કાર્યદક્ષતાથી ચલાવે છે તેની કોઇ ના પાડી શકે નહિ. વધારે શું જોઇએ? બાકી જેને માટે બે મત નહિ તે મહાન નહિ.

એમની ગણના ઉચ્ચ સાહિત્યકમાં થાય છે. શુદ્ધ, સ્પષ્ટ, ઘણી વખત મધુર ને સદા યે ગૌરવશીલ એવી એમની શૈલીને આપણા અર્વાચીન ગદ્યમાં લાક્ષણિક સ્થાન મળ્યું છે. ખરૂં જોતાં એ સાહિત્યવિલાસી છે, સાહિત્યના સર્જક નથી. સર્જકતા એમને ગુંગળાવતી નથી. ધરતીકંપો એમની વાણી અને લેખિનીને નચવતા નથી. કેટલાક મહાપુરુષો પોતાના વ્યક્તિત્વથી ચિરસ્મરણીય હોય છે, કેટલાક પોતાનાં કર્તવ્યોથી, કેટલાક પોતાની ભાવનાથી. થોડાકજ બે વસ્તુથી, કોઇકજ ત્રણેથી.

અધ્યાપક, વ્યવસ્થાપક, શૈલીકાર, આચાર્ય આનંદશંકર ધ્રુવ આખા ગુજરાતમાં એવું અદ્વિતીય સ્થાન લે છેઃ રસિકતા અને ન્યાયવૃત્તિનો સમન્વય કરતી સંસ્કારમૂર્તિનું—પોતાની ભાવનાઓ સાથે જીવનનો સંવાદ સાધતા વિદ્યાવિલાસીનું.

[‘ સૌરાષ્ટ્ર ’ અને ‘ ગુજરાત ’માંનાં રેખાચિત્રો પરથી તારવીને]

સાહિત્ય પરિષદના પ્રમુખ: સંસ્કારમૂર્તિ આનંદશંકર ધ્રુવ

પ્રજાની ખરી મહત્તા એના મહાજનો વડે જ અંકાય છે. દેશનું મહાજનમંડળ તે લોકભંડારની સ્થૂળ સૂક્ષ્મ સમૃદ્ધિનું નવનીત છે. આચાર્ય આનંદશંકર ધ્રુવ ગુજરાતના મહાજન છે, ગુજરાતની સૂક્ષ્મ સમૃદ્ધિ સમા મહાનુભાવ નાગરિક છે.

ગુજરાતના આ ગરવા પુત્રનો જન્મ અમદાવાદમાં સં ૧૯૨૫ના મહા માસમાં શ્રીમંત અને ધાર્મિક માતાપિતાને ત્યાં થયો. એકનું એક સંતાન, એટલે તે લાડકોડમાં ઉછર્યા. ચકોર અને હુશિયાર વિદ્યાર્થીજીવન ગાળી, ત્રિખંડપંડિત સ્વ. ડૉ. ભાંડારકરના સુશિષ્ય તરીકે સંસ્કૃત અને ભાષાઓ લઇ ૨૧ વર્ષની કાચી વયે એમ. એ.ની ને ત્યાર પછી એલ. એલ. બી.ની પદવી એમણે પ્રાપ્ત કરી અને એટલી જ સુકુમાર વયે ગુજરાત કૉલેજના સંસ્કૃતના અધ્યાપક નીમાયા.

પોતે ઘરના સુખી હોવાથી નોકરી કરવાની ચિંતા ન હતી. છતાં એમના સંસ્કૃત પ્રોફેસર કાથવટે રજા પર જતા હોવાથી, તેમણે પોતાના પ્રિય શિષ્ય ધ્રુવને નીમવા ભલામણ કરી. પ્રથમ તો એમણે નોકરી કરવાની ના પાડી; પણ થોડી મુદ્દત માટે છે એમ ધારી બીજી વારના પુછાણમાં હા પાડી; અને પછી તો વરસોના લાંબા ગાળા સુધી રહ્યા. છેવટના વખતમાં પ્રિન્સિપાલ તરીકે પણ કામ કર્યું. તેવામાં ભારત-ભૂષણ માલવીયજીએ પોતાની હિંદુ યૂનિવર્સિટી માટે સમર્થ આચાર્યની શોધ માંડી. એમણે ગાંધીજીને પત્ર લખ્યો અને ગાંધીજીએ શ્રી ધ્રુવનું નામ સુચવ્યું. ત્યાર પછી અદ્યાપિ પર્યંત આચાર્ય ધ્રુવ એ સંસ્થાનું સુકાન સંભાળી રહ્યા છે.

તેમનાં અધ્યયન અને અધ્યાપન જેટલાં તેજસ્વી અને પ્રતાપવંતાં હતાં તેટલાં જ તે પ્રાગતિક અને પ્રાસાદિક હતાં. આર્ય અને અર્વાચીન સંસ્કૃતિનાં રસબિંદુઓ એમણે જીવનભર પોતાની જીવનવેલમાં સીંચ્યાં જ કર્યાં છે, અને એથી જ આજે ત્રણ કોડી વર્ષો વીતાવ્યા છતાં, એઓ ઘરડાઇ ગએલા બની ગયા નથી; પરંતુ આજે પણ એમનો રસાત્મા ઉલટો અધિક નવપલ્લવિત ને આશાવંતો બનતો રહ્યો છે.

ગુજરાત કૉલેજની એમની કારકીર્દી ઉત્તરોત્તર ઉજ્જવલ અને લોકપ્રિય બનતી ગઇ હતી. એમનો વિદ્યાવ્યાસંગ કાંઈ બેશુમાર જ ગણાય. માસિક સેંકડો રૂપિયા ખર્ચી એમણે ગુજરાતમાં વિરલ એવો અંગત ગ્રંથભંડાર વસાવ્યો છે. એમની સૌજન્યસૌમ્ય મુખાકૃતિમાંથી નીતરતી શીળી આભા અને પ્રખર પ્રતિભાને એમના એ વાચનસરાણે એમણે સતત સજ્યાં કીધી છે. પોતાની જ્ઞાનગરિમા અને શીળા શીલ વડે એમણે આજે ગુજરાતમાં અને ગુજરાતીમાં વાંગ્મય, વિદ્વત્તા ને કાર્યદક્ષતાના ક્ષેત્રમાં અતિ ગૌરવવંતું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

શ્રી આનંદશંકરના જુવાનીના કાળમાં અભેદમાર્ગ પ્રવાસી બ્રહ્મનિષ્ઠ મણિલાલ નભુભાઇ 'સુદર્શન' પત્ર ચલાવતા હતા. શ્રી આનંદશંકર અને શ્રી મણિલાલ વચ્ચે અભ્યાસ અને વિચારનું તેમ જ અમુક અંશે ભાષાપદ્ધતિનું મળતાપણું હોવાથી, તેઓ બંને મળ્યા: અને પછી શ્રી ધ્રુવે ચાર પાંચ વર્ષ 'સુદર્શન'નું તંત્રીપદ શોભાવ્યું. પરંતુ 'સુદર્શન' સનાતની હતું. અને બીજી પાસ પશ્ચિમની વિદ્યાનાં મોજાં દેશસમસ્તમાં ફરી વળતાં હતાં. યુવાન ધ્રુવનું હૃદય એ સંસ્કારચિત્રો ઝીલીને નવું દર્શન રચી રહ્યું હતું. તેથી 'સુદર્શન'ના અંત પછી તરત એમણે ઇ. સ. ૧૯૦૦માં 'વસંત' શરૂ કર્યું અને કાવ્ય, સાહિત્ય, વિવેચન, તત્ત્વજ્ઞાન, ભાષા–રચના વગેરે વિષયો દ્વારા 'વસંત'ને ગુજરાતની ભાવનાઓ અને સંસ્કારિતાનું પ્રતિનિધિ બનાવ્યું. શ્રી ધ્રુવની અનેકવિધ સેવાઓ જાણનાર કહેશે કે આજના સંસ્કારી ગુજરાતના ઘડતરમાં તંત્રી, વિવેચક, લેખક અને અધ્યાપક ધ્રુવનો અગ્રભાગ છે. પોતાના અદનામાં અદના પુસ્તક 'નીતિશિક્ષણ' કે 'ધર્મવર્ણન' વાંચનાર પ્રાથમિક શાળાના બાળકોથી માંડી 'હિંદુ વેદધર્મ' અને 'આપણો ધર્મ' કે 'વસંત'ની ફાઇલો ઉથલાવનાર વિદ્યાપીઠના પદવીધરો સુધીના હરકોઇને રોચક થઇ પડે તેવી--ગળે ઘુંટડો ઉતારી દે તેવી સરલ, સીધી અને સાદી છતાં મધુર અને પ્રસન્ન શૈલીના તે સ્વામી છે. એમની તંત્રી સ્થાનની નોંધો અને 'હિંદહિતચિંતક' તરીકેના લેખો ઉત્કૃષ્ટ લખાણના નમુનાઓ તરીકે ભાષામાં કાયમી ઉચ્ચ સ્થાન રાખે તેવા છે. એ સૌમાં આપણને આચાર્ય ધ્રુવની પ્રૌઢ માનવતા, ઉંડું ચિંતન અને પ્રૌઢ વિચારનાં દર્શન સાંપડે છે.

એમનું ગૃહજીવન સુમધુર મમતાભર્યું છે. પોતાના ૩૪મે વરસે વિધુર થએલા છતાં, અને પુનર્વિવાહ માટેનો માતાનો આગ્રહ હતો તોપણ, આચાર્ય ધ્રુવ બ્રહ્મચર્યજીવન જ ગાળે છે.

એમના જીવનને તો અનેક પાસાં છે. એ કેવળ પુસ્તકિયા પંડિત નથી; તેઓ રાજ્યનીતિકુશળ પણ તેવા જ છે. ખાસ કરીને તેમનામાં સંતોલન ને પ્રમાણશક્તિ–Judgment અત્યંત ખીલેલી છે; આગામી રાજકીય અને રાષ્ટ્રીય બનાવો ને પરિસ્થિતિનું છાયાવાચન કરી શકે એટલી સમર્થ છે. સમતોલતા અને નિષ્પક્ષતા માટે તે હમેશાં પંકાએલા છે. એટલા જ માટે અમદાવાદની પેલી મશહૂર મીલહડતાલ વખતે સરપંચ–લવાદ તરીકે એમની જ વરણી થઈ હતી.


એમના કેટલાક પ્રશંસકોએ કલ્પેલા, સ્ખલન જેને શક્ય નથી એવા એ ભયંકર પ્રાણી નથી; પણ વ્યવહારિકતામાં આદર્શ સાચવવા મથતા, સંસ્કાર ને સહાનુભવને ધ્યેય રાખતા, માનવ નિર્બલતાને બને તેટલી શક્તિથી અનુભવવાનો, સમજવાનો કે ક્ષમા કરવાનો પ્રયત્ન કરતા એવા પોતાની મર્યાદાના એ જાણકાર છે. એમનું ચારિત્ર્ય આખા વ્યક્તિત્વમાંથી નીતરે છે. સુસંબદ્ધ સિદ્ધાંતોનું પ્રાબલ્ય: ગાંધીજીના જેવું તીવ્ર તપથી ઉદ્‌ભવતું પ્રાબલ્ય નહિ, પ્રખર મુત્સદ્દીના વ્યવહારૂ સિદ્ધાંતોમાંથી પ્રગટતું પ્રાબલ્ય નહિ, પણ સર્વશાસ્ત્રે સામાન્ય

[અનુસંધાન પાછળ પાન ૩૮૩મે]



નડિયાદની નવમી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ
આચાર્યશ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ

'વસંત-સ્મારક-ગ્રંથ-સમિતિ'ના સૌજન્યથી



ભારતીય કળાલક્ષ્મીની પુન: પ્રતિષ્ઠા કરનાર

શિલ્પાચાર્ય શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર

દારિદ્રચની શાળ પર દુઃખે વણેલા કસબી જામામાં અને મૃત્યુની ખીણના માણેકથી મઢેલા મુકુટમાં માનવતાનાં દર્દનાં દર્શન કરનાર રાજકુમારની વાર્તા

બાલરાજા



રૂપેરી પુતળા પર ચાંદની પડતી હતી એ જોવામાં એકવાર તેણે આખી રાત ગાળી હતી

કાલે સવારે રાજ્યાભિષેક થવાનો છે. બાલ રાજા પોતાના સુંદર ઓરડામાં એકલો બેઠો છે. દરબારીઓ બધા થોડી જ વાર પર બાલ રાજાને પ્રણામ કરીને રાજ્યના શાસ્ત્રીજી પાસે આવતી કાલે ભરાનારા દરબાર વિષે માહિતી મેળવવા ગયા છે.

એ લોકો ગયા કે તરત બાલ રાજા કિનખાબના વિરામાસન ઉપર પડ્યો. તેની આંખો વ્યાકુળ લાગતી હતી ને મોં ભયથી સહેજ ઉઘાડું દેખાતું હતું. શિકારીઓ પાસેથી કોઈ હરણ નાસી છુટ્યું હોય એવો એ લાગતો હતો.

થોડા દિવસ પર તો તે ભરવાડનો પુત્ર હતો ને ઘેટાં ચરાવતો હતો. એ વખતે એને ખબર પણ ન હતી કે પોતે રાજાની એકની એક કુંવરીનો પુત્ર હતો.

એમ કહેવાતું હતું કે એક ગરીબ કલાકારે પોતાની અદ્દભુત વાંસળીથી રાજકુમારીનું દિલ જીત્યું હતું અને છુપી રીતે તેમણે લગ્ન પણ કરી લીધાં હતાં. પરંતુ બાળકનો જન્મ થયો કે એક અઠવાડિયામાં તો તેને એક દરબારી જોડે કોઇ ખેડુતને ઘેર મોકલી દેવામાં આવ્યો. આ દરબારી હજુ બાળકને લઇને ખેડુતને ઘેર પહોંચી તેનું બારણું ઠોકતો હશે ત્યાં તો અહીં રાજમહેલમાં બીચારી રાજકુમારી આ આઘાતને લીધે—કે પછી કોઈ હળાહળ ઝેરની અસરથી—મૃત્યુ પામી. તેના શબને ગામ બહાર એક એકાંત સ્થળે લઇ જવામાં આવ્યું. તે જ સ્થળે થોડા દિવસ પર એક ખુબસુરત પરદેશી યુવાનનું શબ પણ લાવવામાં આવ્યું હતું. એમ કહેવાતું હતું કે એ યુવાનના હાથ બાંધેલા હતા અને તેના શરીર પર ઘા હતા!

આ વાત ખરી હોય કે ખોટી, પણ એટલું તો ખરૂં જ કે વૃદ્ધ રાજાને પોતાના મૃત્યુ સમયે પસ્તાવો થયો હશે કે શું, તે એણે પોતાની કુંવરીના બાળકને તેડાવ્યો ને ઉમરાવો સમક્ષ તેને રાજા ઠરાવ્યો.

બાલ રાજા મહેલમાં દાખલ થયો ત્યારથી જ બધાંને લાગ્યું કે સુંદર ચીજો પાછળ એ ઘેલો છે. એને માટે કીમતી પોષાક તૈયાર હતો એ જોઇને એનાથી આનંદનો ઉદ્દગાર નીકળી ગએલો, ને ઝટપટ પોતાનાં ભરવાડનાં કપડાં કાઢી નાખી તે સુંદર પોષાક પહેરી લીધેલો. રાજસભા વગેરે દમામી શિષ્ટાચારોથી એ કંટાળતો ને સભા પુરી થાય કે તરત જ જલદી જલદી તેનો ભવ્ય દાદર ઉતરી નીચે જતો રહેતો, અને એક પછી એક બધા ખંડમાં ફરી વળી અંદરના શણગાર જોઇ પ્રફુલ્લિત થતો.

ખંડેખંડમાં ફરીને તેમાંની વસ્તુઓ નીરાંતે નીરખ્યા કરવી એ એને મન તો લાંબીલાંબી રસભરી મુસાફરી જેવું હતું. કોઈ વાર નાનાનાના હજુરિયાઓ તેની સાથેસાથે ફરતા, પણ ઘણુંખરૂં તો એ એકલો જ ફરતો. જાણે એને ખબર પડી ગઇ ન હોય કે કલાનું રહસ્ય એકાંતમાં જ સારી રીતે સમજાય છે, ને જ્ઞાનદેવીની માફક કલાદેવીને પણ એકાન્તવાસી ભક્ત પર વધારે પ્રીતિ હોય છે.

રાજમહેલમાં એને વિષે ઘણી વાતો ઉડતી.

કહેવાતું કે એકવાર ગામનો વૃદ્ધ નગરશેઠ નાગરિકો તરફથી નજરાણું આપવા આવ્યો ને જોયું તો બાલ રાજા તો એક નવા સુંદર ચિત્રની આગળ ઘુંટણીએ પડેલા હતા. જાણે ચિત્રને નયનોથી પી જતા ન હોય!

એક વાર તો કલાકોના કલાકો સુધી શોધતાં મહેલમાં ક્યાંય બાલ રાજાનો પત્તો જ ન લાગ્યો. અંતે મહેલના છેક ઉપરના એક નાના ઓરડામાં એક અમૂલ્ય રત્ન તરફ મુગ્ધ નજરે જોઈ રહેલા રાજા નજરે પડ્યા!

પથ્થરનો પુલ બંધાવતાં નદીના પટમાંથી મળી આવેલી એક મૂર્તિ રાજમહેલમાં હતી. તેના કપાળ ઉપર ચુંબન કરતા તે એકવાર દેખાયા હતા.

અને એક રાત્રે રાજ-મહેલના બાગમાંના રૂપેરી પુ-તળા ઉપર ચાંદની પડતી હતી તે જોવામાં તેણે આખી રાત ગાળી હતી.

જાતજાતની કીમતી ચીજો એને બહુ વહાલી હતી, અને એવી ચીજો મેળવવા માટે એણે કેટલા યે વેપારીઓને પરદેશ મોકલી દીધા હતા. કેટલાકને મીસર દેશમાંથી લીલો વૈડૂર્ય મણિ લાવવા મોકલેલા. આ રત્ન માત્ર ત્યાંના પુરાતન રાજાઓની કબરોમાંથી જ મળે છે ને ચમત્કારિક હોય છે. કેટલાકને ઇરાનથી રેશમી ગાલીચા ને રંગીન માટીનાં વાસણ લેવા મોકલી દીધા ને કેટલાકને કાશ્મીરમાંથી હાથીદાંતના કોતરકામના નમુના અને બારીક ઉનની શાલ લાવવા, તથા દક્ષિણમાંથી ચન્દ્રકાન્ત મણિ, નીલમના બાજુબંધ, સુખડની કોતરણી અને મીનાકારી કામ લાવવા મોકલ્યા.

પણ સૌથી વધારે ઉમંગ તો એને પોતાના રાજ્યા-ભિષેક વખતે પહેરવાના પોષાકનો હતો;–કસબનો ભરેલો જામો, માણેકથી જડેલો મુકુટ, મોતીના હાર ને ઝુલવાળો રાજ્યદંડ. અત્યારે—રાજ્યાભિષેકની આગલી રાત્રે—એના મનમાં એ જ વિચારો આવતા હતા. પોષાકની ભાત વગેરે તો એને ઘણા મહિના અગાઉથી બતાવવામાં આવ્યાં હતાં, અને પસંદ પડ્યા પછી જ એણે હુકમ આપેલો કે વણકરોએ રાતદિવસ એની પાછળ મહેનત કરીને વખતસર એ તૈયાર કરી આપવો. અને મુકુટ તથા રાજ્યદંડ માટેનાં મોતી અને રત્નો માટે પણ એણે આખી પૃથ્વી ફરી વળીને કીમતીમાં કીમતી નંગ શોધી લાવવાની આજ્ઞા કરી હતી.

અત્યારે તેનાં મનઃચક્ષુ સમક્ષ પોતાની મૂર્તિ ખડી થઇ;—જાણે રાજાના પોષાકમાં પોતે હોય, રાજ્યતિલક કરા-વતો હોય . . . . ને એ વિચાર કરતાં એના મોં પર સ્મિત પ્રસરી રહ્યું, આંખો આનંદથી ચમકી ઉઠી.

થોડો વખત આમ પડી રહ્યા પછી બાલ રાજા ઉઠ્યો ને પલંગને એક પડખે અઢેલીને ઉભો રહી ખંડમાં ચોતરફ નજર ફેરવવા લાગ્યો. ભીંત ઉપર મૂર્તિમંત કળા જેવા કસબી પડદા લટકાવેલા હતા. એક ખુણામાં અકીક અને પીરો-જાથી જડેલું એક કબાટ હતું. તેના ઉપર વેનિશિયન કાચના પ્યાલા અને શિવ-ધાતુનું એક સુંદર ચલાણું હતું. પલંગ ઉપરની રેશમી ચાદર પર જાસુસનાં ફુલ ભરેલાં હતાં, તે જાણે નિદ્રાદેવીના હાથમાંથી ભુલમાં સરી પડ્યાં હોય એમ લાગતું. પલંગ પર હાથીદાંતના દાંડાવાળું મખમલનું છત્ર હતું અને એની ટોચ ઉપરનાં શાહમૃગનાં પીછાં દરિયાનાં ધોળાં ફીણની પેરે છેક ઓરડાની રૂપેરી છત સુધી પહોંચતાં. એક મેજ ઉપર યાકુત રત્નનો વાટકો પડ્યો હતો.

બારીની બહાર નજર કરતાં મંદિરનો ભવ્ય ઘુમટ બીજાં બધાં ઘરોની વચ્ચે, ફુલાને ઉંચે ચડેલા એક પરપોટા જેવો દેખાતો હતો, ને નદીકિનારા પરના

ત્રિકાળ

દ્રુતવિલંબિત : સૉનેટ

દુઃખદ ભૂત તણો ભડકો કરી
કદિ ય ના શમશાન ફરી જતો;
સકળ શ્યામલ સ્વપ્ન દવે ધરી
કર મશાલ લઈ ફર ઘુમતો.

મરણના ભયને મુળથી હરી
પડળ અંતરનાં સહુ છેદતો;
ભભુકતી રણહાક થકી ભરી
ગગનમંડળ વીર ગજાવતો.

અમર ભવ્ય ભવિષ્ય તું દોર ને
નવયુગો રચવા કટિબદ્ધ થા:
સરજ નિર્મળ દિવ્ય પ્રકાશને,
કદિ ય થાય ન જે ભૂતની કથા.

તુજ મહીં જીવવા નવચેતને
જગત રતબા બની નિરખે તને.

ચન્દ્રવદન મહેતા

મહેલના ઓટલા ઉપરથી થાકેલા ચોકીદારોનાં આમથી તેમ પડતાં પગલાંનો ધીમો પડછંદ સંભળાતો હતો. દૂર કોઇ વાડીમાં બુલબુલ બોલતું હતું; બારીમાંથી માલતીનાં ફૂલની આછી મીઠી સુવાસ આવતી હતી.

કાળા ભમ્મર જેવા પોતાના વાળ બાલ રાજાએ કપાળ પરથી જરા ઉંચા લીધા ને હાથમાં એક વીણા લઇ તેના પડદા પર ધીમેધીમે આંગળી ફરવા દીધી. થોડી વારે એની આંખનાં પોપચાં ધીમેશથી ઢળી ગયાં ને આખા અંગમાં એક જાતનું ઘેન ચડી ગયું. સૌંદર્યનો ચમત્કાર ને જાદુ એણે આજ સુધીમાં કદિ પણ આટલા બધા આનંદથી અનુભવ્યાં નહોતાં.

મધરાત થતાં એણે ઘંટડી વગાડી એટલે હજુરિયાઓએ આવી એનાં કપડાં બદલાવ્યાં, હાથ પર ગુલાબજળ છાંટયું ને એના તકિયા પર ફૂલ વેર્યાં. એ લોકો ગયા ને થોડી જ ક્ષણમાં બાલ રાજા ઉંઘી ગયો.

એને સ્વપ્ન આવ્યું.

એને લાગ્યું કે પોતે એક લાંબા, નીચા છાપરાવાળા કાતરિયામાં ઉભો હતો. આસપાસ વણવાની પુષ્કળ સાળો અવાજ કરતી હતી. ભીંતમાંની નાનકડી જાળીમાંથી દિવસનું આછું અજવાળું આવતું હતું. એ અજવાળામાં વણકરોની વાંકી વળી ગએલી આકૃતિઓ દેખાતી. કપડાં વીંટાળવાનાં જાડાં લાકડાંની પાસે ફિક્કાં મોં વાળાં માંદલાં બાળકો જકડાઇને બેઠેલાં હતાં. કાંટલો ચાલે એટલે એ લોકો સાળને ઉંચી કરતા ને કાંટલો અટકે એટલે નીચી કરીને તાંતણા ઠીક કરતા. તેમના ચહેરા ભુખમરાથી કૃશ થઇ ગએલા ને ગરીબડા લાગતા. તેમના લોહી વગરના સુક્કા હાથ કામ કરતાં હાલતા ને ધ્રુજી જતા. પાસે જ કેટલીક મુડદાલ જેવી સ્ત્રીઓ બેઠીબેઠી ભરત ભરતી હતી. આખી જગ્યામાં એક જાતની દુર્ગંધ પસરેલી હતી. હવા ખરાબ ને ભારે હતી ને ભીંતો ભેજને લીધે લુણો ખાઇ ગઇ હતી.

બાલ રાજા એક વણકર પાસે ગયો ને તેને નીરખવા લાગ્યો.


વણકરે કરડાકીથી એના સામું જોઇને પુછયું, 'કેમ અહીં આવ્યો છે ? અમારા માલિક તરફથી જાસુસી કરવા આવ્યો છે ?'

'તમારો માલિક એટલે કોણ ?' બાલ રાજાએ પુછયું.

'મારો ધણી ?' વણકરે કડવાશથી કહ્યું, 'એ પણ મારી માફક છે તો મનુષ્ય જ. અમારા બે વચ્ચે ફેર એટલો જ છે કે એ સુંદર કપડાં પહેરે છે ને હું ચીંથરાં પહેરૂં છું. હું ભુખથી પીડાઉં છું ને એ વધારે ખાવાથી પીડાય છે.'

'દેશ તો સ્વતંત્ર છે અને તું કંઇ કોઇનો ગુલામ નથી.' બાલ રાજાએ કહ્યું.

વણકરે જવાબ આપ્યો, 'લડાઇના વખતમાં જેમ બળવાન હોય તે નિર્બળને ગુલામ બનાવે છે, તેમ શાંતિના વખતમાં તવંગરો ગરીબને ગુલામ બનાવે છે. અમારે જીવવા માટે કામ કરવું પડે છે અને એ લોકો અમને મહેનતના પ્રમાણમાં એટલું થોડું આપે છે કે અમે ભુખે મરીએ છીએ. અમે તેમને માટે રાતદિવસ મહેનત કરી તુટી મરીએ ત્યારે બટકું રોટલો માંડ પામીએ ને એ લોક પોતાના ભંડારમાં સોનાના ઢગ કરતા જાય. અમારાં બાળકો કમોતે કરમાઇ જાય ને અમારાં વ્હાલાંનાં મોં ભયાનક ને ક્રૂર દેખાય. કપડાં વણીએ અમે, પણ પહેરે બીજા. અનાજ વાવીએ અમે,



'પણ તારે આ બધાની શી પંચાત છે ?' વણકરે કહ્યું.



પણ અમારે જ ઘેર અનાજનાં સાંસાં હોય. અમે કેદી જ છીએ, જોકે અમારી સાંકળો અદૃશ્ય છે; અમે ગુલામો જ છીએ, જોકે લોકો અમને સ્વતંત્ર કહે છે !'

'આ બધાંને પણ શું એવું જ છે ?'

'હા, બધાં ય ને.' વણકરે જવાબ આપ્યો: 'નાનાં-મોટાં, સ્ત્રીપુરુષ, બાળવૃદ્ધ, સૌને. વેપારીઓ કસી કસીને અમારો દમ કાઢી નાખે છે ને અમારે એમનું કહ્યું કરવું જ પડે છે. સંત સંન્યાસીઓ માળા ફેરવતા ફેરવતા પાસે થઇને ચાલ્યા જાય છે, પણ કોઇને અમારી દરકાર નથી. અમારી અંધારી શેરીમાં ભુખથી પીડિત આંખોવાળી ગરીબાઇ ફેરા ફરે છે ને એની પાછળ જ કલંકિત મુખવાળું પાપ ભમતું ફરે છે. રોજ સવારના પહોરમાં દરિદ્રતા અમને ઉંઘમાંથી જગાડે છે ને રાત્રે શરમ અમારી સાથે સુએ છે. પણ આ બધાની તને શી પડી છે ? તું કંઇ અમારા જેવો દુ:ખી નથી લાગતો. તારો ચહેરો તો સુખની દીપ્તિથી ચમકતો જણાય છે !' આમ કહીને તેણે એક ધુરકિયું કરી મોં ફેરવી લીધું ને કાંઠલો સાળમાં નાખી પાછો કામે લાગ્યો. બાલ રાજાએ જોયું કે કાંઠલામાંનો તાર સોનેરી છે.

તેના અંતરમાં જાણે ફડકો પડ્યો ને ધીમેથી પેલા વણકરને તેણે પુછ્યું, 'આ કોનો પોષાક તમે વણો છો ?'

'આ પોષાક તો બાલ રાજાને અભિષેક વખતે પહેરવાનો છે.' તેણે જવાબ આપ્યો; 'પણ તારે એ બધાની શી પંચાત છે ?'

બાલ રાજાથી એક ઝીણી ચીસ પડાઇ ગઈ. એ જાગી ગયો ને જોયું તો પોતે પોતાના પલંગમાં જ હતો ને બારીમાંથી મધુરંગી ચંદ્ર દેખાતો હતો.

ꕥ

ફરીથી બાલ રાજા ઉંઘી ગયો ને ફરીથી એને સ્વપ્ન આવ્યું.

એને લાગ્યું કે પોતે એક મોટા વહાણના તુતક પર સુતો છે ને સો ગુલામો હલેસાં પર મથીમથીને વહાણ ચલાવે છે. એની પાસે શેતરંજી પર વહાણનો માલિક બેઠો છે. એ વાને કાળો છે, માથે લાલ પાઘડી પહેરી છે, કાનમાં રૂપાની ભારે કડીઓ પહેરેલી હોઇ કાનનાં વેહ મોટાં થઇને એની બુટ નીચે લબડે છે. એના હાથમાં હાથીદાંતનાં નાનકડાં ત્રાજવાં છે.

ગુલામોએ માત્ર એકેક ટુંકું વસ્ત્ર જ પહેરેલું છે. બબ્બે ગુલામોને સાથે બાંધેલા છે. તેમના ઉપર મધ્યાહ્નનો સૂર્ય ધીકી રહ્યો છે ને પરસેવેથી નીતરતાં તેમનાં શરીર પર કાળા હબસીઓ વારેવારે ચાબુકથી ફટકા મારે છે. પોતાના સુકા હાથ લંબાવી લંબાવીને તેઓ ભારે હલેસાં વડે પાણી કાપે છે. હલેસાંના છેડા આગળથી ખારા પાણીની છાલકો ઉડી આ બધું જોતીજોતી અદૃશ્ય થાય છે.

છેવટે વહાણ ઉપસાગર જેવા એક ભાગમાં આવ્યું ને ત્યાં તેમણે સમુદ્રનાં તળિયાં તપાસવા માંડ્યાં. કિનારા તરફથી મંદ પવન આવ્યો ને તુતક તથા સઢ લાલ રેતીથી છવાઇ ગયાં. એટલામાં કિનારા પર ત્રણ આરબો જંગલી ગધેડાં પર બેસીને આવતા જણાયા અને તેમણે વહાણવટીઓ તરફ નાના ભાલા ફેંકવા માંડ્યા. વહાણના માલિકે આ જોઇને એક રંગીત તીર કાઢ્યું ને કમાન પર ચડાવી સડસડાટ કરતું એક આરબ તરફ ફેંક્યું. આરબ ઉછળીને દરિયાનાં મોજાંમાં પડ્યો ને તેના સાથીઓ નાસી ગયા. તેમની પાછળ પીળા રંગના બુરખાવાળી એક સ્ત્રી ઉંટ પર બેસીને ગઇ. તે થોડીથોડી વારે દરિયામાં પડેલા આરબના શબ તરફ પાછું વળીવળીને જોતી હતી.

પછી તેમણે લંગર નાખ્યું ને સઢ સંકેલી લીધા. હબસીઓ દોરડાંની નીસરણી લાવ્યા. તેને છેડે સીસાના મોટા ગઠ્ઠા બાંધેલા હતા. માલિકે તે નીસરણીના એક બાજુના છેડા વહાણ સાથે મજબુત બાંધી દીધા ને સીસાના ગઠ્ઠાવાળી બાજુ દરિયામાં નાખી. હબસીઓએ સૌથી નાના ગુલામને પકડ્યો, તેનાં નાક ને

કાનમાં મીણ ભર્યું ને તેની કમરે મોટા પથરો બાંધ્યો. તે બાપડો બીતે પગલે નીચે ઉતરવા માંડ્યો ને દરિયામાં ગરક થઇ ગયો.

તે ડુબ્યો હતો ત્યાં થોડાક પરપોટા થયા. બીજા ગુલામો બાજુએથી નીચા વળીને કંઇક જોવા લાગ્યા. વહાણના આગલા ભાગમાં એક માણસ અટક્યા વગર ઢોલ વગાડ્યા જ કરતો હતો. એ ઢોલના અવાજથી રાક્ષસી માછલીઓ ગભરાતી એમ માન્યતા હતી. થોડી વાર પછી દરિયામાં પડેલો ગુલામ હાથમાં એક સુંદર મોતી લઇ પાણીની બહાર આવ્યો અને નીસરણીને વળગીને હાંફતો ઉભો. હબસીઓએ તેની પાસેથી મોતી લઇ લીધું ને તેને પાછો પાણીમાં ધક્કેલ્યો. આ દરમિયાન બીજા ગુલામો તેમનાં હસેસાં પર માથાં મુકીને ઉંઘતા હતા. વારંવાર પેલો ગુલામ પાણીમાંથી બહાર આવતો ને દરેક વખતે એકેક સુંદર મોતી લેતો આવતો. માલિક તેનું વજન કરીને લીલા ચામડાની એક નાનકડી કોથળીમાં મુકી દેતો.

બાલ રાજાએ બોલવાનો પ્રયત્ન કર્યો, પણ એની જીભ જાણે કે તાળવે જ ચોંટી ગઇ ને એના હોઠ હાલ્યા જ નહિ. એવામાં હબસીઓ અંદરઅંદર કચકચ કરવા માંડ્યા ને ખોટા મણકાની એક માળા માટે તકરાર કરવા લાગ્યા.


થોડી વારે પેલો મોતી કાઢનારો ગુલામ છેલ્લી વખત બહાર આવ્યો. આ વખતે તેના હાથમાં એક અમૂલ્ય મોતી હતું. એનો ઘાટ પૂર્ણ ચંદ્ર જેવો હતો અને દેખાવે તે પ્રાતઃકાળના તારા જેવું શ્વેત હતું. પરંતુ ગુલામનું મોં બીલકુલ ફિક્કું દેખાતું હતું. એ તુતક ઉપર પડ્યો ને એના નાક ને કાનમાંથી લોહી ધસારાબંધ વહેવા લાગ્યું. થોડીક ક્ષણ એ તરફડ્યો ને પછી નિશ્ચેતન થઈ પડ્યો. હબસીઓએ બેદરકારીથી તેની સામે જોઇ પોતાના ખભા હલાવ્યા ને તેના શબને દરિયામાં ફેંકી દીધું.

વહાણનો માલિક તો હસ્યા જ કરતો હતો. તેણે હાથ લાંબો કરીને પેલું અમૂલ્ય મોતી લઇ લીધું ને પોતાને કપાળે અડાડીને બોલ્યો કે 'આખરે બાલ રાજાના રાજ્યદંડને લાયક મોતી નીકળ્યું ખરૂં.' અને તેણે હબસીઓને લંગર ઉપાડી લેવાની નિશાની કરી.

વહાણના માલિકનાં વચન સાંભળતાં જ બાલ રાજાથી ચીસ પડાઇ ગઇ ને એ જાગી ઉઠ્યો. એણે બારીમાંથી જોયું તો ઝાંખા પડતા તારાઓને પકડવા ઉષા હાથ લંબાવતી હતી.

અને તે ફરીથી ઉંઘી ગયો ને ફરીથી તેને સ્વપ્ન આવ્યું. એને એમ લાગ્યું કે પોતે એક ઘોર વનમાં ભટકે છે. આસપાસ વિચિત્ર જાતનાં ફળ અને સુશોભિત પરંતુ ઝેરી ફુલવાળાં ઝાડ છે. ભયંકર અજગરો અહીંતહીં ફુંફાડા મારે છે. ચળકતા લીલા પોપટ ચીસો પાડતા એક ડાળ પરથી બીજી ડાળ પર ઉડે છે. બાફ મારતી માટીમાં મોટા મોટા કાચબા ઉંઘે છે અને ઝાડોમાં ભરાએલા વાંદરા ને મોર ચોમેર કકળાણ મચાવે છે.

દૂર ને દૂર જંગલમાં એ ચાલ્યો. છેવટે જંગલ પુરૂં થવા આવ્યું ત્યાં એણે ઘણાં માણસોને એક સુકાઇ ગએલી નદીનો પટ ખોદતા જોયા. જાણે કીડીનો મોટો રાફડો ફાટ્યો હોય એટલાં બધાં માણસો એ નદીની ભેખડ આગળ હતાં. તેઓ ખુબ ઉંડું ને ઉંડું ખોદયે જતા હતા અને અંદર ને અંદર પેસતા જતા હતા. કેટલાક મોટામોટા ત્રીકમ વડે ખડકો તોડતા હતા, કેટલાક કોદાળીઓ વડે રેતીમાં ઉંડુંઉંડું ખોદતા હતા, કેટલાક ઝાડનાં મુળિયાં ખોદી નાખતા હતા. બધા જ હોકારા પાડી-



એક અંધારી ગુફામાંથી લોભ અને મૃત્યુ તેમની તરફ નિહાળતાં ઉભાં હતાં.

પાડીને એકબીજા સાથે કંઇક વાત કરતા હતા ને જલદી જલદી કામ કરતા હતા. એક પણ જણને નીરાંત નહોતી.

એક અંધારી ગુફામાંથી લોભ અને મૃત્યુ તેમની તરફ નિહાળતા હતા. મૃત્યુએ કહ્યું, 'મને હવે થાક લાગ્યો છે. આ બધાં માણસોમાંથી ત્રીજા ભાગ જેટલાં મને આપ અને મને જવા દે.' પરંતુ લોભે માથું ધુણાવ્યું ને કહ્યું કે 'એ બધા તો મારા નોકરો છે.' મૃત્યુએ પુછ્યું, 'તારા હાથમાં આ શું દેખાય છે?' લોભે કહ્યું, 'અનાજના ત્રણ દાણા. પણ એનું તારે શું કામ છે?' મૃત્યુએ કહ્યું, 'મને એમાંનો એક આપી દે. હું મારી વાડીમાં એ વાવીશ. એક જ આપ. પછી હું જતો રહીશ.' પણ લોભે ચોખ્ખી ના પાડી અને પોતાનો હાથ લુગડા તળે સંતાડી દીધો.

અને મૃત્યુ હસ્યું. તેણે એક ચલાણું લઇને તે પાણીના એક ઝરણમાં મુક્યું ને તેમાંથી કૉલેરા જન્મ્યો. તે પેલા કામ કરનારા મનુષ્યોની વચ્ચેથી ચાલ્યો ગયો અને તેમાંના ત્રીજા ભાગનાં માણસો મૃત્યુ પામ્યાં. કૉલેરાની પાછળ એક ધોળું વાદળું હતું ને બે બાજુએ ઝેરી પાણીના સર્પ હતા.

પોતાનાં ત્રીજા ભાગનાં માણસોને આમ મરી ગએલાં જોઇને લોભે છાતીફાટ રૂદન શરૂ કર્યું ને મૃત્યુ જોડે ઝગડવા લાગ્યો કે 'તેં મારા નોકરોને શીદ મારી નાખ્યા? નીકળ અહીંથી. તાર્તર દેશના પર્વતોમાં લડાઇ ચાલે છે અને બંને પક્ષના રાજાઓ તને બોલાવે છે, ત્યાં જાને? અફઘાનોએ કાળા બળદને યજ્ઞમાં હોમ્યો છે અને લડાઈ માટે કુચ કરી દીધી છે. તેમનાં ભાલાઓ ને તલવારો યુદ્ધની તરસથી ખણખણે છે; ત્યાં જા. અહીં મારી ખાણમાં તારૂં શું દાટયું છે? જા નીકળ અહીંથી.'

મૃત્યુએ કહ્યું, 'મને અનાજનો એક દાણો નહિ આપે ત્યાં સુધી હું જવાનો નથી.'

પણ લોભે મુઠ્ઠી મજબુત વાળી દીધી ને દાંત બીડયા: 'એ તો હરગીઝ બનવાનું નથી.'

મૃત્યુ હસ્યું ને તેણે એક કાળો પત્થર લીધો. તે જંગલમાં ફેંકયો ને એક ઝેરી છોડની વાડમાંથી તાવ નીકળ્યો. તેણે અગ્નિની જ્વાળાનાં કપડાં પહેર્યાં હતાં. તે પણ પેલાં માણસોની વચ્ચે થઇને ચાલ્યો ગયો ને જેમને જેમને તેણે હાથ લગાડયા તે બધાં મરી ગયાં. તાવના પગ નીચેનું ઘાસ પણ કરમાઇ ગયું.

લોભ આ જોઇને ધ્રુજી ઉઠ્યો. તેણે પોતાના વાળ પીંખ્યા ને કલ્પાંત કર્યું કે 'ઓ ક્રૂર પિશાચ! તું અહીંથી નીકળ. હિંદના મોટા ભાગમાં દુકાળ વર્તે છે ને સમરકંદમાં પાણીનું ટીપું પણ નથી: ત્યાં જા. મીસરમાં પણ વરસાદ નથી પડ્યો. રણમાંથી તીડોએ આવીને પાક બધો બગાડી મુકયો છે ને નાઇલના પટ સુક્કા પડયા છે: ત્યાં તારી જરૂર છે. જા, બાપુ જા, ને મારાં આટલાં માણસોને રહેવા દે.'

પરંતુ મૃત્યુએ કહ્યું કે 'તું મને અન્નનો એક દાણો નહિ આપે ત્યાં સુધી હું નહિ જાઉં.' અને લોભે પણ જરાક ભરાઇને કહ્યું કે 'એ તો હું તને આપવાનો જ નથી.'

મૃત્યુ ફરી હસ્યું. તેણે પોતાને મોઢે હાથ અડાડીને સિસોટી વગાડી અને એક સ્ત્રી હવામાંથી ઉડતી ઉડતી આવી. તેના કપાળ પર 'મરકી' એમ લખેલું હતું ને તેની આજુબાજુ ગીધનું ટોળું ઉડતું હતું. મરકીએ પેલી ખીણ ઉપર આવીને પોતાની પાંખ પ્રસારી ને એકેએક માણસ મરી ગયું!'

આ જોઇ લોભ ચીસો પાડતો જંગલમાં ભાગી ગયો. મૃત્યુ પણ પોતાના લાલ ઘોડા ઉપર બેસીને ચાલ્યો ગયો. તેની ગતિ પવન કરતાં યે વધારે હતી.

ખીણમાંના નરકાગારમાંથી વિચિત્ર જાતનાં બીહામણાં પ્રાણી નીકળ્યાં ને શિયાળવાં હવા સુંઘતાં સુંઘતાં રેતીમાં આમથી તેમ ફરવા લાગ્યાં.

બાલ રાજાની આંખમાં આંસુ આવ્યાં ને તેણે પુછ્યું, 'આ માણસો બધાં કોણ હતાં? ને તેઓ ખોદાખોદીને શું શોધતા હતા?'

કોઇકે જવાબ આપ્યો કે 'એક નાનકડા રાજાના મુકુટ માટે તેઓ માણેક શોધતા હતા.'

બાલ રાજા ચમકયો ને બોલનાર તરફ ફર્યો. એક નાનકડો સંન્યાસી હાથમાં રૂપાની આરસી લઇને ઉભો હતો. બાલ રાજાનું મોં ઉતરી ગયું ને ગભરાતાં ગભરાતાં તેણે પુછ્યું, 'કયા રાજા માટે?'

સંન્યાસીએ કહ્યું, 'આ આરસીમાં જો, દેખાશે.' બાલ રાજાએ પોતાનું મોં તેમાં જોયું ને ચીસ પાડીને જાગી ઉઠ્યો. સૂર્યનો પ્રકાશ ઓરડામાં આવતો હતો ને બાગનાં ઝાડ પરથી પક્ષીઓનો કલરવ સંભળાતો હતો.



એ ગોઝારી ચીજોને મારી નજર આગ-ળથી દૂર લઇ જાઓ.

એટલામાં રાજ્યના ઉમરાવો ઓરડામાં આવ્યા ને તેને નમ્યા. હજુરિયાઓ તેનો કસબી પોષાક લાવ્યા ને મુકુટ તથા રાજ્યદંડ બાજઠ પર મુકયાં.

બાલ રાજાએ તે તરફ જોયું. ત્રણે ચીજો અલૌકિક સૌંદર્યભરી હતી. આટલું સુંદર કામ અગાઉ એણે કદિ જોયું નહોતું. પણ એને પોતાનાં સ્વપ્નો યાદ આવ્યાં ને એણે ઉમરાવોને કહ્યું, 'આ ગોઝારી ચીજોને અહીંથી લઇ જાઓ; મારે તે નથી જોઇતી.'

દરબારીઓ આ સાંભળી હસવા લાગ્યા. તેમણે માન્યું કે રાજા મશ્કરી કરે છે.

પણ એણે ફરીથી ભાર દઇને ફરી કહ્યું કે 'આ ચીજો મારી નજર આગળથી દૂર લઈ જાઓ. ભલે આજ મારા રાજ્યાભિષેકનો દિવસ રહ્યો; હું એ પહેરવાનો નથી. મારો આ કસબી જામો શોકની સાળ પર દુઃખે વણ્યો છે, આ માણેક લોહીથી રંગાએલું છે, અને આ મોતી મૃત્યુએ મેળવ્યું છે.' ને તેણે પોતાનાં ત્રણે સ્વપ્નો એમને કહી સંભળાવ્યાં.

દરબારીઓ આ સાંભળીને અચંબાથી એકબીજા તરફ જોવા લાગ્યા ને અંદરઅંદર ધીમેધીમે કહેવા લાગ્યા, 'રાજા તે કંઇ ગાંડા થઇ ગયા છે? સ્વપ્નું તે વળી સ્વપ્નું જ, બીજું શું? એ કંઈ ખરા બનાવો છે કે એના પર લક્ષ અપાય? અને જેઓ આપણે માટે કામ કરે છે તેમના જીવનની વળી આપણે શી પંચાત? એમ કંઇ જેટલી વાર અન્ન ખાઇએ તેટલી વાર ખેડુતને યાદ કરવા બેસાય?'

એક ઉમરાવે બાલ રાજાને કહ્યું, 'મહારાજ, આવા અશુભ વિચારો આપના મનમાંથી કાઢી નાખો ને આ જામો તથા મુકુટ પહેરી લો. રાજાનો પોષાક આપે નહિ પહેર્યો હોય તો લોકો જાણશે કેવી રીતે કે આપ જ રાજા છો?'

બાલ રાજાએ તેના સામું જોયું ને બોલ્યો, 'ખરેખર? તો લોકો મને નહિ ઓળખે?'

ઉમરાવે કહ્યું, 'ના મહારાજ.'

રાજાએ કહ્યું, 'હું તો જાણતો હતો કે રાજા તો ચહેરા ઉપરથી જ દેખાઈ આવે. પરંતુ એમાં મારી ભૂલ હશે. ગમે તેમ, પરંતુ હું તો રાજમહેલમાં જે વેષે દાખલ થયો એ જ વેષે રાજ્યાભિષેક કરાવવા જઇશ.'

તેણે બધા ઉમરાવોને રજા આપી; માત્ર એક નાના હજુરિયાને જ પાસે રાખ્યો. પછી તે ઠંડા પાણીથી નહાયો અને એક રંગીન પેટી ઉઘાડીને તેમાંથી પોતાનો ભરવાડનો પોષાક કાઢીને પહેરી લીધો, ને હાથમાં ડાંગ લીધી.

પેલો બાળ હજુરિયો તેના તરફ આશ્ચર્યચકિત નયને જોઇ રહ્યો ને બોલ્યો, 'મહારાજ, આપને જામો ને રાજ્યદંડ તો છે, પણ મુકુટ ક્યાં?'

બાલ રાજાએ અગાસી પરના જંગલી વેલાનો થોડો ભાગ કાપી લીધો ને માથા ઉપર વીંટયો.

'આ મારો મુકુટ.' તેણે કહ્યું ને આવો પોષાક પહેરી તે રાજમહેલના ભવ્ય ખંડમાં ગયો. ત્યાં બધા એની મશ્કરી કરવા લાગ્યા. એકે કહ્યું કે 'મહારાજ, લોકો તો પોતાના રાજાને જોવા આતુર થઇ રહ્યા છે ને આપ તો તેમને ભિખારીના રૂપમાં દર્શન દો છો.' કેટલાક ઉમરાવ ખુબ ગુસ્સે થયા ને કહેવા લાગ્યા કે 'આ તો આપણા રાજ્યને લજવે છે. એ આપણો રાજા થવાને લાયક નથી.' પણ બાલ રાજાએ કોઇને જવાબ જ ન દીધો ને જલદીજલદી દાદર ઉતરીને



'આ મારો મુકુટ' તેણે હજુરિયાને કહ્યું

બહાર ઘોડો ઉભો હતો તેના પર બેસી મંદિર તરફ ચાલ્યો. પેલો નાનો હજુરિયો એની પાછળ દોડતો હતો.

પ્રજાજનો પણ મશ્કરી કરવા લાગ્યા. તેમણે કહ્યું કે 'જો, આ રાજાનો મશ્કરો ચાલ્યો!'

બાલ રાજાએ ઘોડો ઉભો રાખ્યો ને કહ્યું, 'ના, હું જ ખુદ રાજા છું.' એમ કહી તેણે પોતાનાં ત્રણે સ્વપ્નો સૌને કહી સંભળાવ્યાં.

લોકોના ટોળામાંથી એક માણસ આગળ આવી કડવાશથી બોલ્યો, 'મહારાજ, આપને એટલી ખબર નથી કે તવંગર લોકોની મોજમજામાં જ અમારી ગરીબોની કમાણી છે? આપના ભપકાથી અમારૂં પોષણ થાય છે. આપનાં વ્યસનોથી અમને પૈસા મળે છે. કોઈ ક્રૂર શેઠને માટે તનતોડ મહેનત કરવી પડે એ લાગે તો કડવું, પણ કોઇને જ માટે મહેનત કરવાની ન હોય તે તો એથી યે કડવું ને? કેમકે તો પછી ખાઇએ શું? માટે આપ આપના રાજમહેલમાં પધારો અને આપનો કીમતી પોષાક ધારણ કરો. અમારૂં દુઃખ અમારે માથે. એમાં આપને શું?'

બાલ રાજાએ કહ્યું, 'પણ ગરીબ ને તવંગર મુળે તો એકબીજા ભાઇઓ જ છે ને?' એટલું કહેતાંકહેતાં તેની આંખમાં આંસુ આવી ગયાં. લોકોની મેદની વચ્ચે થઇ એણે ઘોડો આગળ ચલાવ્યો. પેલા હજુરિયાને બીક લાગી એટલે એ તો ત્યાંથી જ પાછો જતો રહ્યો.

મંદિરના મુખ્ય દ્વાર આગળ બાલ રાજા આવ્યો ત્યાં સૈનિકોએ તલવાર ધરીને તેને રોક્યો અને કહ્યું કે 'મહારાજા સિવાય બીજા કોઇને પણ આ રસ્તેથી જવાની છુટ નથી.'

બાલ રાજાનું મોં ક્રોધથી લાલચોળ થઇ ગયું. તેણે કહ્યું, 'હું જ મહારાજા છું.' ને તલવારોને હડસેલી તે અંદર દાખલ થયો.

રાજ્ય-પુરોહિત તેને આમ ભરવાડના વેશમાં આવતો જોઇને આશ્ચર્યથી તેની પાસે ગયો ને કહ્યું, 'બેટા, આ તે કાંઈ રાજાનો પોષાક છે? કયા મુકુટથી હું તારો રાજ્યાભિષેક કરૂં? ને તારા હાથમાં કયો રાજ્યદંડ ધરાવું? તારે મન આ તો ખુશીનો દિવસ હોવો જોઇએ, તેને બદલે આમ કેમ?'

બાલ રાજાએ કહ્યું, 'જે પોષાક દુઃખ તૈયાર કરે તે આનંદ પહેરે?' ને પછી એણે પોતાનાં ત્રણે સ્વપ્નોની વાત કરી.

પુરોહિતે તે સાંભળી ભમ્મર ચડાવીને કહ્યું, 'બેટા, હું તો વૃદ્ધ માણસ છું; મારા જીવનની હવે તો સંધ્યા આવી. મને ખબર છે કે આ સંસારમાં ઘણાં યે ખરાબ વાનાં બને છે. ક્રૂર લુટારાઓ પર્વત પરથી આવીને બાળકોને લઈ જાય છે ને પછી પરાણ લોકોને વેચી દે છે; ભયંકર સિંહ તાકીને બેસી રહે છે ને ઉંટોની વણજાર આવે છે તેના પર કુદી પડીને ઉંટોને મારી નાખે છે; ખેતરોમાં જંગલી જનાવરો આવીને પાકનો નાશ કરે છે અને શિયાળવાં આવીને સુંદર બગીચા અને દ્રાક્ષવેલાઓનો કચ્ચરઘાણ વાળી નાખે છે; ચાંચિયાઓ દરિયાકિનારા ઉજ્જડ કરી મુકે છે, માછીમારોની જાળો તોડી નાખે છે ને તેમનાં વહાણ બાળી મુકે છે; ગામથી દૂર રક્તપીતિયા લોકો વાંસનાં બનાવેલાં ઝુંપડાંમાં રહે છે તેમને કોઈ અડકતું સરખું યે નથી; કંગાલ ભિખારીઓ શહેરોમાં ભટકે છે ને કુતરાં સાથે ખાવાનાના ભાગ પાડે છે. આ બધું કાંઇ હતું ન હતું થવાનું છે? તું કાંઇ ઓછો જ રક્તપીતિયાંને તારા પલંગ ઉપર લાવીને સુવાડવાનો છે? કે ભિખારીને તારી સાથે જમવા બેસાડવાનો છે? ભયાનક સિંહ કે જંગલી કુક્કર કાંઇ તારા હુકમ માનવાના?

જે મહાન પ્રભુએ આ બધાં દુઃખ ઉત્પન્ન કર્યાં છે તે તારા કરતાં તો વધારે ડાહ્યો હશે ને? માટે હું તો તારૂં આ વલણ વખાણતો નથી. મહેલમાં પાછો જા અને પ્રફુલ્લિત થઇ રાજાને લાયક પોષાક પહેરી પાછો અહીં આવ. સોનાના મુકુટથી હું તારો રાજ્યાભિષેક કરીશ અને મોતીનો રાજ્યદંડ તારા હાથમાં આપીશ. તારાં સ્વપ્નોનો તો હવે વિચાર જ ન કરતો. આ સંસારનો આખો ભાર એક જણથી ઝીલાય નહિ; તેમ જ સંસારનું દુ:ખ એક જ હૃદય સહન ન કરી શકે.'

બાલ રાજાએ જવાબ આપ્યો, 'ઇશ્વરના મંદિરમાં આવાં વાક્યો તમે શું જોઇને બોલો છો?' આટલું કહી પુરોહિતની દરકાર કર્યા વિના તે મૂર્તિની સન્મુખ જઇને તેની આગળ ઘુંટણીએ પડ્યો. રત્નજડિત મૂર્તિની પાસે સોનાની દીવીઓ પ્રકાશતી હતી અને ધુપનો ધુમાડો ઘુમટમાં ફેલાતો હતો. બાલ રાજાએ માથું નમાવ્યું અને પૂજારીઓ દૂર જતા રહ્યા.

એટલામાં બહારથી ખુબ અવાજ આવવા માંડ્યો અને થોડી વારમાં તો હાથમાં ઉઘાડી તલવાર ને ભાલા લઈ ઉમરાવો અંદર ધસી આવ્યા. તેમણે બુમ પાડી, 'ક્યાં છે પેલો સ્વપ્નદ્રષ્ટા? ભિખારીના વેશવાળો એ રાજા ક્યાં છે? અમારા રાજ્યને લજાવનારો ક્યાં ગયો એ? અમારા પર રાજ્ય કરવાને એ લાયક નથી. એનો તો જાન લેવો જોઇએ.'

બાલ રાજા તો માથું નમાવીને સ્વસ્થપણે પ્રાર્થના જ કર્યા કરતો હતો. પ્રાર્થના પુરી થઈ ત્યારે એ ઉભો થયો ને ઉદાસ અંતઃકરણે ઉમરાવો તરફ ફર્યો.

મંદિરની રંગીન બારીમાંથી સૂર્યનો પ્રકાશ તેના ઉપર પડ્યો અને સૂર્યકિરણો તેના શરીર ઉપર એવી રીતે ગોઠવાયાં કે જાણે સોનેરી તારનો જામો જ એણે પહેર્યો હોય. સુકી ડાંગ લીલી થઇ ગઈ ને તેના ઉપર મોતી કરતાં યે વધારે શ્વેત ને સુંદર પુષ્પ ઉગી નીકળ્યાં. જંગલી વેલા ઉપર પણ રક્તવર્ણાં ગુલાબ ઉગ્યાં અને માણેક કરતાં યે તે વધારે સુંદર દેખાવા લાગ્યાં. મોતી કરતાં યે ચળકતાં શ્વેત ફુલ ને તેની રૂપેરી દાંડી એવો એનો રાજ્યદંડ, અને માણેકથી યે ઘેરા રક્તવર્ણનાં ગુલાબનાં ફુલ ને સોનેરી પાંદડાં એવો એનો રાજ્યમુકુટ બની રહ્યો.

રાજાને લાયક જ પોષાકમાં એ ત્યાં ઉભો હતો અને મૂર્તિમાંથી અદ્દભુત દૈવી પ્રકાશ નીસરતો હતો.

પૃથ્વીના મહાનમાં મહાન રાજાને શોભે એવા પોષાકથી એ દીપતો હતો. આખું સ્થળ પ્રભુમય બની રહ્યું. દેવોની નાનીનાની મૂર્તિઓ પણ જાણે જીવન્ત હોય તેમ હાલતી રહી.

રાજાનો સુંદર પોષાક ધારણ કરી એ ઉભો હતો. વાજીંત્રો એની મેળે વાગવા માંડ્યાં, ઢોલવાળાઓ ઢોલ વગાડવા માંડ્યા, શરણાઇઓ ફુંકાવા લાગી અને રાજ્યગોર મંત્રોચ્ચાર કરવા લાગ્યા.

પ્રજા દિગ્મૂઢ થઇ ગઇ અને તેને ચરણે નમી રહી. ઉમરાવોએ શરમથી ભોંઠા પડી તલવારો મ્યાન કરી દીધી ને એને ચરણે પડ્યા. રાજ્યપુરોહિતનું મોં ફિક્કું પડી ગયું, એના હાથ ધ્રુજવા લાગ્યા અને 'મારા કરતા કોઇ મહાન વ્યક્તિએ તારો રાજ્યાભિષેક કર્યો છે' એમ કહીને તેને ઘુંટણીએ ઢળી પડ્યો.

અને બાલ રાજા મૂર્તિ આગળથી ખસ્યો અને પ્રજાની મેદની વચ્ચેથી મહેલ તરફ ચાલ્યો. પરંતુ તેના મોં તરફ કોઇ આંખ સરખી પણ ઉંચી કરી શક્યું નહિ, કેમકે એનું વદન દૈવી દીપ્તિથી ઓપતું હતું.

પ્રેમલીલા મહેતા

(ઓસ્કર વાઈલ્ડની એક વાર્તા પરથી)

ઓ મંદપ્રાણ !


ઓ મંદપ્રાણ! શીદ શાંત પ્રશાંત ઘોરે?
પૌરુષનાં કિરણ જો તુજ પંથ ધોળે.
તારાં દગે રમી રહે કંઇ ભાવિ-સ્વપ્ન
થંભી જતા જીવનને કર જ્યોતિમગ્નઃ

ઊર્મિ અખંડ કૃતનિશ્ચય ઘુંટવાનીઃ
ઉત્થાન અર્થ ભરયૌવન અર્પવાનીઃ
ઝંઝાનિલે પ્રલય પૂર સમીપ ઝુમી
ચૈતન્યની પ્રકટવી લઘુ ચીનગારીઃ

છે મૃત્યુ રંગ જગ જીવન ખેલનાનોઃ
દ્રષ્ટા! ગજાવ તુજ મંત્ર સ્વતંત્રતાનો.

મથાળું વાંચીને નહિ ભડકે તો ફોટોગ્રાફીનો શોખીન નહિ હોય એવા વાંચનારને પણ આમાંથી નવું જાણવાનું મળશે. અને ફોટોગ્રાફીની બધી સફળતાનો આધાર લેન્સની શક્તિ સમજવામાં રહેલો હોવાથી, ફોટોગ્રાફીમાં રસ લેનારા તથા અભ્યાસીને તો આ એક જ પ્રકરણ સંગીન સમજ આપશે;

ફોટોગ્રાફી



પ્રકરણ ત્રીજું

કૅમેરા અને લેન્સ: તેમનો અરસપરસ સંબંધ અને તેમના વિવિધ પ્રકારો

કૅમેરા જેમ ફોટોગ્રાફીનું મુખ્ય સાધન છે, તેમ લેન્સ એ કૅમેરાનું મુખ્ય અંગ છે. આગળના પ્રકરણમાં આપણે કૅમેરાની બનાવટ વિષે કેટલોક ખ્યાલ મેળવ્યો છે; અહીં તેને વિસ્તારથી સમજીએ.

બજારમાં તૈયાર મળતા અનેક જાતના કૅમેરામાં આ ત્રણ બાબતની ગોઠવણ હોય છે: (૧) લેન્સ; (૨) લેન્સની શક્તિ પ્રમાણે અમુક અંતરે પ્લેટ ગોઠવવાની રચના; અને (૩) લેન્સમાં થઇને આવે તે સિવાયનો પ્રકાશ અંદર જવા પામે નહિ એવો જાપતો. આ ત્રણેની ગોઠવણ માટે બહુ અટપટી યાંત્રિક રચનાની જરૂર પડતી નથી.






કેટલાકની એવી માન્યતા હોય છે કે સારા ફોટોગ્રાફો તો ઉંચી જાતના કૅમેરાથી જ પાડી શકાય છે. આ તેમની ભુલ છે. જે કૅમેરા સગવડપૂર્વક વાપરી શકાય અને તેમાં પ્રસંગ પ્રમાણે ગોઠવણો મળી શકે તે જ કૅમેરા સારો ગણાય. જોકે લેન્સની ઉંચીનીચી જાતથી કેટલાંક જુદાંજુદાં પરિણામો આવે છે ખરાં, પણ તે ભેદ ખાસ પ્રકારનાં કામો સિવાય નડતો નથી. એનો વધુ ખુલાસો લેન્સની વાતમાં કરીશું.

આપણે હાથબનાવટનો કૅમેરા જોયો તે ઘાટથી માંડીને અનેક ઘાટના કૅમેરા બજારમાં મળે છે. તેમાંથી શીખનાર પોતાની ગુંજાશ પ્રમાણે એકાદ કૅમેરા વસાવે તો ફોટોગ્રાફીના લગભગ બધા પ્રકારોનો અનુભવ લઇ શકે.

ફોટોગ્રાફીના અનુભવી માણસને કૅમેરા ખરીદતી વખતે બહુ મુંઝવણ પડતી નથી, કારણકે તે પોતાની જરૂરત સમજતો હોય છે; એટલે તેની નજર તરત જોઇતી ચીજ ઉપર જ પડે છે. પણ હમણાં તો જ્યાં જુઓ ત્યાં દરેક સ્થળે કૅમેરાના શોખીનોનું ટોળું વધતું જાય છે. તેમાં નાનામોટા, સ્ત્રીપુરુષ, બાળકો, દરેક ઉમરના જોશો. એ બધામાં ફોટોગ્રાફી વિષે જેટલી ઉલટ હોય છે તેટલો જ ફોટોગ્રાફીનાં સાધનો અને શાસ્ત્રની સમજનો અભાવ હોય છે. હાથે ચિત્રો ઉતારવાની ઉમેદ ધરાવતા એ વર્ગ માટે થોડી સુચનાઓ જરૂરની છે.

પાછળના પાનાને મથાળે બતાવેલા જુદીજુદી જાતના કૅમેરાઓમાંથી આપણે એકાદની પસંદગી કરીએ તે પહેલાં, સાધારણરીતે સારા કૅમેરામાં શી શી ગોઠવણો હોય છે અને દરેક ભાગ શા નામથી ઓળખાય છે તે જાણી લઇએ:

બહુ જ નાના માપનાં ચિત્રો લેતો 'વેસ્ટ પૉકેટ કૅમેરા' ખીસામાં સમાઇ જાય એ એક તેની સગવડ છે, પણ તેની ભલામણ કરતાં પહેલાં જાણવું જોઇએ કે તે લેનાર માણસ ચાલુ ખર્ચ ઘણો કરી શકે એવી ગુંજાશવાળો છે કે નહિ. કારણકે સામાન્યરીતે લોકોને નાનાં ચિત્રોથી સંતોષ વળતો નથી અને વારંવાર મોટાં કરાવવાનો ખર્ચ વધારે આવે છે. એટલે જેમને ફોટોગ્રાફી કાયમનો પ્રિય છંદ ન હોય અથવા તો જેમને તેમાંથી ધંધો ઉપાડવો ન હોય તેમને સારૂ અવારનવાર છબીઓ છપવા માટે તો પેટી ઘાટના સસ્તા કૅમેરા જ પોસાય. તેમાં મેનિસ્કસ ઍક્રોમૅટિક અથવા રૅપિડ રેક્ટિલીનિયર જાતના લેન્સથી તેમનું બધું કામ સરશે. તેમાં ચિત્રો પાડવા માટે સસ્તી ફિલ્મોના રોલ ચડાવી શકાય છે અને એ કૅમેરા તથા

વિવિધ પ્રકારના કૅમેરા

મથાળાની હાર (૧ મોટો) ફોલ્ડિંગ ફિલ્મ કૅમેરા (૨) ફોલ્ડિંગ પ્લેટ કૅમેરા (૩) ડાયરેક્ટ વ્યુ ફાઇન્ડર તથા ફોકલ પ્લેન શટરવાળો કૅમેરા (૪) રિફ્લેક્સ કૅમેરા નીચેનો: સ્ટુડિયો અથવા ફીલ્ડ કૅમેરા

લેન્સ ભારે પડે એવા નથી. આવા પેટી ઘાટના કૅમેરા ૧$\frac{1}{4}$×૨$\frac{1}{4}$; ૨$\frac{1}{4}$×૩$\frac{1}{4}$; ૩$\frac{1}{4}$×૪$\frac{1}{4}$; ૨$\frac{7}{8}$×૪$\frac{7}{8}$ એ ચાર જાતનાં માપનાં ચિત્રો આપે એવા મળી શકે છે.

આમાં કામ કરવાની સરળતા એ મુખ્ય બાબત છે. નાણાંનો બચાવ પણ એને અંગે થઇ જાય છે જ. એવો એકાદ સાદો કૅમેરા લઇ તેની રચના બરોબર સમજી લઈ કોઇ તેના પર હાથ બેસાડે તો એવા સાદા સાધનથી પણ બહુ સરસ પરિણામો ઉતારી શકે. બહુ ઉંચો કૅમેરા વાપરવાની હોંશવાળા પણ શરૂઆત આવા કૅમેરાથી કરશે તો ઘણું શીખશે. અટપટાં યંત્રોની હીલચાલ, માપ, ગોઠવણ એ બધું ધીરેધીરે સમજપૂર્વક હાથે ચડે તો જ વધારે સારૂં.


પેટી ઘાટના આ ફિક્સ્ડ ફોકસ (સ્થાયી માપ) વાળા કૅમેરામાંથી વધીને પછી આગળ ઉંચા કૅમેરા શીખનારને જાતજાતનાં શટર (ઢાંકણાં), લેન્સ અને આઘાંપાછાં કરવાની તરકીબોની જંજાળમાં ઉતરવું પડે છે. એ બધા વિષે થોડા નીચેના ખુલાસાઓ કૅમેરા ખરીદતાં પહેલાં જાણી લેવા જોઇએ.

કૅમેરા ખરીદતી વખતે એક વાત તો એ ધ્યાનમાં રાખવી કે તે વજનમાં હલકો તથા બનાવટમાં મજબુત હોવો જોઇએ તથા તેની ચાવીઓ સુસ્થિર, સજ્જડ અને જોઇએ તેમ જ ગોઠવેલી તથા પકડમાં રહે તેવી જોઇએ. રોલ ફિલ્મનો કૅમેરા હોય તો ફિલ્મ બરોબર ખેંચાય અને ચિત્રભૂમિ ઉપર સપાટ રહે એ તપાસી લેવું. 'વ્યૂ ફાઇન્ડર' (ચિત્ર જોવાનું સાધન) અંદરના માપ પ્રમાણે જ મુકેલું હોવું જોઇએ. લેન્સનો ભાગ સરળતાથી હરતો ફરતો રહે એ બધું પણ બરાબર જોઈ લેવું. લેન્સનું ઢાંકણું (શટર) ચપચપ ઉઘડે અને વસાય તેવું તથા તેને જુદીજુદી ગતિ આપી શકાય તેવું જોઇએ.

લેન્સની તો બહુ જાતો છે. પણ હાથના કૅમેરા માટે એ જાતોના ભેદોમાં બહુ ઉતરવાની જરૂર નહિ પડે. છતાં હાથના કૅમેરાના લેન્સ પણ જુદીજુદી ઝડપ અને કદ પ્રમાણે કીમતમાં વધતાઘટતા હોવાથી થોડી પ્રાથમિક સમજણ લેવી જરૂરની છે.

લેન્સમાં મેનિસ્કસ ઍક્રોમેટિક, રૅપિડ રેક્ટિલીનિયર અને ઍનાસ્ટિગ્મૅટ જાતો આવે છે. નાના સસ્તા હાથકૅમેરામાં ઘણેભાગે મૅનિસ્કસ ઍક્રોમૅટિક લેન્સ જ હોય છે. તેની બારી નાની હોવાથી બહુ ગતિવાળાં ચિત્રો લેવાને તે અશક્ત નીવડે છે, પણ અમુક અંતરથી દૂરના દેખાવો સરસ પાડે છે. તે વડે ઇમારતોનાં ચિત્રો સારાં પડતાં નથી, કારણકે ઉભી આડી રેખાઓનું સમાંતરપણું તેમાં સચવાતું નથી. રૅપિડ રેક્ટિલીનિયરમાં એ દોષ હોતો નથી અને તે ઝડપ પણ વધારે પકડી શકે છે; છતાં રૅપિડ રેક્ટિલીનિયરમાં ચિત્રની બારીકી લાવવા અંદરની બારી (ડાયાફ્રામ) ખુબ સાંકડી કરવી પડે છે, તેથી અતિ ઝડપ માટે તે નકામો પડે છે. ઍનાસ્ટિગ્મૅટ લેન્સમાં એ દોષ નથી હોતો તેથી તેને વધુ ખુલ્લો મુકી ચિત્ર લેવાની ગતિ વધારી શકાય છે.

લેન્સ કેટલે દૂરથી ચિત્રસંગ્રહન કરી શકે છે— સ્પષ્ટ ચિત્ર પકડી શકે છે તે ઉપર પણ હિસાબ કરવાનો હોય છે. કેટલાક લેન્સ ચિત્રભૂમિથી ઘણા નજીક રહીને ચિત્ર બાંધે છે, કેટલાક દૂર મુકવાથી



નાના, મોટા, હાથના, ખિસાના કે સ્ટુડિયોના બધા જ કૅમેરામાં, છાયા–પ્રકાશ અને સામેનાં પાત્રો કે પદાર્થો જોડે પ્લેટ તથા લેન્સ શો સંબંધ બાંધે છે તે આ ઉપરના ચિત્ર ઉપરથી સમજાશે.

ચિત્ર સ્પષ્ટ પકડે છે. તેઓ અનુક્રમે શૉર્ટ ફોકસ લેન્સ અને લૉંગ ફોકસ લેન્સના નામથી ઓળખાય છે.

લેન્સમાંથી દાખલ થતા પ્રકાશના પ્રવાહ પ્રમાણે તેની છબી લેવાની ગતિ ગણાય છે. આ પ્રવાહને વત્તોઓછો કરવાને લેન્સ જોડે આગળ, પાછળ કે વચમાં ગોળ બારી હોય છે. તે જરૂર પ્રમાણે નાની અથવા મોટી કરી શકાય છે. તેનું જ નામ ડાયાફ્રામ અથવા સ્ટૉપ. એનાં માપ લેન્સની ફોકલ લેંગ્થ પ્રમાણે લખ્યાં હોય છે.

લેન્સની ફોકલ લેંગ્થ એટલે ડાયાફ્રામને જરા પણ બંધ કર્યા વિના લેન્સને પુરેપુરો ખુલ્લો રાખતાં જે અંતરેથી ચિત્ર ચિત્રભૂમિ પર સ્પષ્ટ પકડાય તે અંતરની લંબાઇ. એ લંબાઇને અનુસરીને ડાયાફ્રામ પર F.8, F.6 કે F.4 થી શરૂ કરીને આંકડા પાડ્યા હોય છે. એ આંકડા ઉપર ડાયાફ્રામની ચાંપ ખસેડતા જઇને જેમજેમ ડાયાફ્રામ સાંકડી કરતા જઇએ તેમ-તેમ ચિત્ર વધારે તીવ્ર પડતું જાય. પણ એ વિષે વિગતથી તો આપણે એક્સપોઝર—છબી પાડવા—ની વાત કરતી વખતે સમજીશું.

લેન્સની જોડાજોડ જ, તેની સાથે સંબંધ ધરાવતું ઉઘાડવાસ થતું ચાંપવાળું ઢાંકણું (શટર) હોય છે. એ શટર ઉપર પણ, તેને જુદીજુદી ઝડપ આપવા માટે આંક પાડેલા હોય છે. એ આંક પ્રમાણે ચાંપની ગતિ ગોઠવી શકાય છે. $\frac{૧}{૨}$ સેકંડથી માંડીને $\frac{૧}{૧૦૦૦}$ સેકંડ સુધીની તીવ્ર ઝડપ આપી શકવાની રચનાવાળાં શટર જુદાજુદા કૅમેરામાં આવે છે.

આવાં ઝડપી ચિત્રો હમેશાં સૂર્યના પ્રકાશમાં જ લેવાનાં હોય છે. પણ જ્યાં સૂર્યનો પ્રકાશ પુરો ન હોય ત્યાં છબી લેતી વખતે શટરને વધારે વાર ઉઘાડું રાખવું પડે છે, અને તેને માટે શટર પર B નો આંક પાડેલો હોય છે. એ B (એટલે બલ્બ) ઉપર ચાંપનો આંક રાખીને શટર પર આંગળી દાબી રાખો એટલો વખત શટર ખુલ્લું રહે, અને આંગળી લઇ લો એટલે બંધ થાય એવી રચના હોય છે. આ Bના આંકનો ઉપયોગ તો વધુમાં વધુ ૧૦–૧૫ સેકંડ લગી શટર ખુલ્લું રાખવું હોય ત્યાં સુધી જ તમે કરી શકો.

પણ સમજો કે તમારે બહુ ઝાંખા પ્રકાશમાં છબી લેવી છે અને ત્યાં ૧૫થી વધુ—૨૦, ૩૦, ૪૦ સેકંડ સુધી ઢાંકણું ખુલ્લું રાખવું છે. એટલી બધી વાર કૅમેરા હાથમાં સ્થિર રાખવો મુશ્કેલ હોય છે. તેને માટે શટર ઉપર T નો આંક હોય છે તેનો ઉપયોગ કરવાનો હોય છે. એ T (એટલે ટાઇમ) ઉપર ચાંપ ખસેડી તમે શટર દાબો એટલે લેન્સ ઉઘડી જાય. પછી તમારી આંગળી ઉઠાવી લો અને જોઇએ તેટલા વખત સુધી શટર ખુલ્લું રાખી લો; સમય પુરો થાય એટલે ફરી ચાંપ દાબો એટલે શટર બંધ થવાનું.

લેન્સ, ડાયાફ્રામ અને શટરની આ રચના બધા જ કૅમેરામાં સામાન્ય હોય છે. માત્ર સારા કૅમેરાના લેન્સ ઉંચા નંબરના અને ઍનાસ્ટિગ્મૅટ જાતના હોય છે એટલે તેમાં વધારે ઝડપ ($\frac{૧}{૧૦૦૦}$ સેકંડ જેટલી) ની સગવડ હોય છે; તથા એ ચિત્રો અતિ તીવ્ર સ્પષ્ટતાવાળાં પાડી શકે છે એટલે તેમાંથી ધારીએ

તેવડાં મોટાં ચિત્રો કરી શકાય છે. પણ શીખાઉ ફોટોગ્રાફરો ચાલુ ખર્ચેથી કંટાળી જાય છે એટલે તેમને માટે બહુ ભારે લેન્સના અને $૨\frac{૧}{૪}\times૩\frac{૧}{૪}$ કે $૩\frac{૧}{૪}\times૪\frac{૧}{૪}$થી મોટા માપના કૅમેરા લેવાનું સલાહભર્યું નથી.


ખાસ ઉંચો લેન્સ વાપરવાની જેની ઈચ્છા હોય તેણે સાદા કૅમેરા પર પુરૂં શીખી હાથ બેસાડી લઇ પછી ફોકસ (સ્પષ્ટ ચિત્ર) ગોઠવવાની યોજનાવાળો જ કૅમેરા લેવો. રિફ્લેક્સ કૅમેરામાં એ યોજના બહુ સરસ હોય છે, પણ એ મોંઘા હોવાથી બધા માણસો એ કૅમેરાની કીંમત ખરચી ન શકે.

જેમને ખીસામાં રાખવાનો $૧\frac{૫}{૮}\times૨\frac{૧}{૨}$નો વેસ્ટ પૉકેટ કૅમેરા લેવો હોય તેમણે તો સરસ લેન્સવાળો અને ખુબ ગતિવાળો જ લેવો. પાસે પૈસા ઠીક હોય તેમણે જ ૪.૫ લેન્સનો રિફ્લેક્સ લેવો, કે જે વડે ફોટોગ્રાફીની લગભગ બધા પ્રકારોની તાલીમ અને પરિણામ મેળવી શકાય. લેન્સ લંબાવવાની ધમણ તેમાં મોટી પસંદ કરવી, જેથી નાના પદાર્થો પણ સરળતાથી પાડી શકાય. ગમે તે જાતનો કૅમેરા ખરીદો પણ કૅમેરા હાથમાં આવતાંની સાથે જ લેન્સ અને શટરની ગતિ ઓળખી લેવાની જરૂર છે.

લેન્સ વિષે વિગતથી

લેન્સ ઉંચા શુદ્ધ કરેલા કાચમાંથી બને છે. છબી તો ઝીણા છિદ્રથી પણ લઇ શકાય, પરંતુ તેમાં પ્રકાશની ગતિ ધીરી અને આછી રહેવાથી ચિત્રમાં સ્પષ્ટતા આવતી નથી. વધારે પ્રકાશ મેળવવા છિદ્ર મોટું રાખીએ તો આકૃતિને બદલે પ્રકાશનું જ ધાબું પડે છે. એટલેકે એ બિંદુમાંથી એક જ કિરણ જાય તો જ ચિત્ર બંધાય છે, અને તેથી જ એ છિદ્રને સ્થળે લેન્સ વાપરવાની જરૂર પડે છે.


પ્રકાશનો ધર્મ એવો છે કે તે હવા, પ્રવાહી અને પારદર્શક પદાર્થોની આરપાર જઇ શકે છે. પણ તેની વિચિત્રતા એ છે કે (૧) બે બાજુએથી ઉભી કાચની પાટમાં જો પ્રકાશનું કિરણ સીધું નાખવામાં આવે ત્યારે તો તે સીધું જ બીજી બાજુએ નીકળે છે; પણ જો (૨) જરા ત્રાંસું નાખવામાં આવે તો અંદર વાંક ખાઇને પાછું સીધું થઇને બહાર પડે છે. પ્રકાશનું કિરણ એનું એ હોવા છતાં આ ફેરફાર બને છે. ચિત્રમાં નં. ૩માં કાચના ત્રિકોણ પાસામાંથી કિરણ



પસાર કરતાં દેખાય છે કે જે બાજુએથી તે પ્રવેશે છે તેની બીજી જ બાજુએ તે બહાર પડે છે ને પાસાની પડઘી તરફ સહેજ વળેલું હોય છે.(ઉપલું ચિત્ર) કાચના ત્રિકોણ પાસામાં અને લેન્સમાં કિરણ આ રીતે પડઘી અથવા જાડા દળવાળી બાજુએ વાંક લઇ સામી બાજુએ નીકળે છે એવો નિયમ સમજાય છે.

હવે લેન્સને પડઘીથી ચોડેલા બે ત્રિકોણ પાસામાંથી બનાવેલો માની લ્યો. એવા બે બાજુ ફુલેલા લેન્સને ડબલ કૉનવેક્સ લેન્સ કહે છે. તેની એક બાજુએથી દાખલ થતાં બધાં કિરણો જાડા ભાગ તરફ વળીને બીજી બાજુ બહાર પડે. કૉનવેક્સ લેન્સમાં એક કેન્દ્રમાં જતાં કિરણોનો એ નિયમ પ્રત્યક્ષ થયો.

હવે એ બે ત્રિકોણ પાસાને અણીઓથી વળગાડેલા માની લ્યો. એમાં પણ કિરણો તો જાડા દળ તરફ જ વાંક લેતા નીકળશે. એટલે પરિણામ એ આવશે કે કિરણો એક કેન્દ્રમાં ભેગાં થવાને બદલે પહોળાં થતાં વિસ્તરતાં દૂર જશે. આ, કૉન્કેવ પ્રકારના લેન્સનું રૂપ થયું.




આ રીતે લેન્સ એ, મોટા છિદ્ર વાટે કિરણો એકસાથે ખેંચાવાનું સાધન થયું; અને એ લેન્સ મારફતે જે કોઇ અમુક અંતરે ચિત્રભૂમિ પર ચિત્ર રચાય તે અંતરે એ લેન્સની કેન્દ્રમર્યાદા (Focus) બંધાઇ. આ મર્યાદા જુદાજુદા લેન્સમાં તેની શક્તિ પ્રમાણે


વધુઘટ્ટ અંતરની થાય છે અને તેને અનુસારે દરેક લેન્સ લૉંગ ફોકસનો અથવા શૉર્ટ ફોકસનો ગણાય છે. ફોકસ એટલે કેન્દ્રમર્યાદા. દરેક જાતના લેન્સની કેન્દ્રમર્યાદાનો આધાર તે જે માપના ગોળકાર (વર્તુલ)માંથી બન્યો હોય તેના પર છે. અને વર્તુલનો જેટલો અંશ લેન્સમાં લીધો હોય તે પ્રમાણે જ કિરણો કેન્દ્રમાં વળવાનાં. (જુઓ ચિત્ર)

કેન્દ્ર બંધાયું એટલે જ લેન્સનું કામ પુરૂં થતું નથી. અમુક રંગનાં કિરણો અમુક અંતરે કેન્દ્રિત થાય, અને બીજા રંગનાં કિરણો વળી તેથી વધુ અથવા ઓછા અંતરે કેન્દ્રિત થાય; પરિણામે બધા રંગો એક સાથે કેન્દ્રિત ન થાય. એટલે ચિત્રભૂમિ ઉપર અમુક રંગોની સ્પષ્ટ આકૃતિ પડે અને અમુક રંગોની અસ્પષ્ટ રહે. દાખલા તરીકે ભુરા રંગને કેન્દ્રિત કરીએ ત્યારે લાલ અને પીળા અસ્પષ્ટ રહે. લાલ પીળાને સ્પષ્ટ કરીએ તો ભુરાનું રૂપ વિખાઇ જાય.


આવા દોષવાળા એક જ કાચના લેન્સને મેનિસ્કસ લેન્સ કહે છે. એની બનાવટ તાવડી ઘાટની હોય છે. એનો રંગ વિષેનો આ દોષ દૂર કરવાને તેની સાથે એક જુદી જ જાતનો કાચ ચોડીને બધા રંગોનાં કિરણો એક જ જગ્યાએ મળે એવી બનાવટ કરી અને એ લેન્સને મેનિસ્કસ ઍક્રોમેટિક એવું નામ આપ્યું. ગ્રીક ભાષામાં 'એ' એટલે નહિ અને 'ક્રોમા' એટલે રંગ, એવા અર્થ થાય છે.

છતાં, આ રીતે રંગનો દોષ દૂર કરેલા લેન્સમાં પણ એક બીજો દોષ રહી જાય છે. એમાં એવું બને છે કે ચિત્ર કેન્દ્રિત કર્યા પછી ચારે કોરનો ભાગ કમાન વળતો લાગે છે. કોઇ દેખાવના ચિત્રમાં આ દોષ જણાય નહિ. પણ ઇમારત કે શહેરની બજારનું ચિત્ર લેતાં તેના થાંભલાઓ અને દીવાલો વાંકાં પડે. એનાં કિરણો સરખાં કરવાને, લેન્સ આગળની બારી (ડાયાફ્રામ) નાની કરો તો આકાર ફૂલેલા બનશે અને ડાયાફ્રામ લેન્સની પાછળથી મુકશો તો આકાર અંદર






વળતા લાગશે; પણ સીધા તો નહિ થાય. આ દોષ દૂર કરવા બારી (ડાયાફ્રામ)ની યોજના વચમાં રાખીને બે બાજુ મૅનિસ્કસ ઍક્રોમૅટિક લેન્સ મુક્યા, એટલે દોષ સામસામા અથડાવાથી દૂર થઈ ગયા અને આકૃતિની રેખાઓ બરોબર થઇ ગઇ. આવી બનાવટ વાળા લેન્સને રૅપિડ રેક્ટિલીનિયર લેન્સ કહે છે.



આ રીતે લેન્સની અપૂર્ણતા માટે તેમાં (૧) આકૃતિની આડી ઉભી રેખા બરાબર સચવાવી જોઇએ; (૨) બધા રંગોનાં કિરણો એક જ અંતરે મળવાં જોઇએ; (૩) એ સાથે સપાટ પ્લેઈટ કે ફિલ્મ ઉપર ચિત્રની પ્રત્યેક બારીકી પડવી જોઇએ. ઍક્રોમેટિક લેન્સ વડે પાડેલું ચિત્ર ચાની રકાબી જેવું બને છે એટલે કે વચમાં ખુબ ઝીણવટ અને બાજુઓ ઉપર નહિ. આ દોષને ઍસ્ટિગ્મૅટિક (એટલે તીક્ષ્ણ બિંદુ વિનાની આકૃતિ આપનાર) લેન્સ કહે છે.



ત્રીસ વર્ષ પહેલાં એવો કાચ બન્યો કે જે દરેક કિરણને સરખું પકડી શકે. તેની મદદથી કાચના કારીગરોએ આખા પટ પર સરખી ઝીણવટ સાચવે એવા લેન્સ ઘડ્યા ને તેને ઍનાસ્ટિગ્મૅટ લેન્સ નામ આપ્યું.

(અનુસંધાન આગળ પાન ૪૦૦ મે)

જેની નિષ્કામભક્તિથી મુગ્ધ થઇ, ગંગાજીએ સુવર્ણકંકણ આપ્યાની અને ચમારના કુંડના પાણીની અંજલિએ જ્ઞાનચક્ષુ ઉઘાડવાની ચમત્કાર-કથાઓ લોક-કલ્પનાએ ગુંથી છે એવા કાઠિયાવાડના એક અંત્યજ લોક-સંતની કથા

ભક્ત રોહીદાસ

હાટીના માળિયાથી ત્રણ ગાઉ દૂર ગાંગીચા ગામના પાદરે શિવલિંગ નીચેથી પાણીનો વહેતો ધોધ જોઇ આપણને નવાઇ લાગે અને સહજ બોલાઇ જાય કે આ ચમત્કાર શો!

એ, ભક્ત રોહીદાસનો કુંડ છે. જુના જમાનાના કોઈ વૃદ્ધ હજુયે એ વાત આપણને કહે છે.

ભક્ત રોહીદાસ જાતના ચમાર હતા. શિવભક્તિમાં લીન રહી એ પોતાનું સંસારી કર્તવ્ય ચામડાં રંગવાનું કામ કર્યા કરતા. એમની ભક્તિ અનન્ય હતી અને એની ખ્યાતિ આખા કાઠિયાવાડમાં ફેલાઇ હતી.

એક વખત રોહીદાસ પોતાના કુંડ પાસે બેઠા-બેઠા ચામડાં રંગતા હતા, એવામાં એક સંઘ નીકળ્યો. સંઘ કાશીની જાત્રાએ જતો હતો. સંઘનાં માણસો પણ રોહીદાસની ખ્યાતિથી જાણીતા હતા. તેમણે ભક્તરાજને રામરામ કર્યા અને પોતે જાત્રાએ જતા હતા તે વાત કહી.

ભક્તરાજને જાત્રાએ જવાનો વિચાર ન હતો. પણ એ કાંઇ એમનાં માતુશ્રી તુલ્ય ગંગાજીને ભુલે? ભક્તરાજે શ્રીફળ ને ચુંદડી લાવી સંઘપતિ આગળ રજુ કરી કહ્યું, 'આ મારૂં સંપેતરૂં છે. તે ગંગાજી હાથોહાથ લે તો જ આપવું; નહિ તો પાછું લાવવું.' ભોળા મનુષ્યોએ વાત સાચી માની; ઉચ્છૃંખળ જુવાનિયાઓએ મશ્કરી માની. પણ કોઈ કાંઈ બોલ્યું નહિ. સંઘ તો ચાલતો થયો. ભક્તનું સંપેતરૂં પણ સાથે ગયું.

સંઘ ગંગાજીમાં સ્નાન કરી રસ્તે આવ્યો. પણ કોઇને ભક્તરાજનું સંપેતરૂં ન સાંભર્યું. એવામાં સંઘપતિને એ અચાનક યાદ આવ્યું. સંપેતરૂં મંગાવી એ કાંઠે પાછા આવ્યા. સૌ મનુષ્યો જોવા માટે ટોળે વળ્યા. સંઘપતિએ ઉભા રહી ભક્તરાજનો સંદેશો કહ્યો, 'માતાજી! ભક્તરાજ રોહીદાસે આ સંપેતરૂં મોકલ્યું છે. પણ હાથોહાથ લેશો તો જ આપીશું; કારણકે અમારે એવો ઠરાવ છે.'


ભક્તની આબરૂ જાય એ દેવની આબરૂ જવા બરાબર છે. ગંગાજીનાં શ્વેત જળમાંથી કમળ શો શોભતો હસ્તદંડ બહાર આવ્યો. સોનાનું હીરે જડેલું કંકણ ઝગઝગી રહ્યું હતું. સંઘપતિએ શ્રીફળ અને ચુંદડી હાથમાં મુકયાં. હાથ અંદર ચાલ્યો ગયો, પણ અવાજ આવ્યો કે ભક્તરાજ માટે પ્રસાદી લેતા જજો. કાંઠે ઉભેલાં મનુષ્યો ચાંડાળ ભક્તરાજની ભક્તિ અને દેવની કૃપા જોઈ મોંમાં આંગળી નાખી ગયા. ગંગાજીએ હાથોહાથ સોનાનું કંકણ પ્રસાદી રૂપે ભક્તરાજને ભેટ મોકલાવ્યું.

એ જુના જમાનાનાં મનુષ્યો અત્યારના જેવા લોભી કે કપટી ન હતા. શુદ્ધ દિલના સંઘપતિએ પ્રસાદી રૂપ કંકણ લાવી ભક્તરાજ પાસે રજુ કર્યું. પણ એ ઉદાર ભક્તને કંકણ શા કામનું? પુત્રપુત્રી વગર એ કોને પહેરાવે? એણે હાથ પણ ન ધર્યું. 'ભાઇઓ, તમારી જ મહેનતથી આ કંકણ અહીં આવ્યું છે, માટે તમે જ એ લઈ જાઓ!'

સંઘપતિએ જોયું કે આ તો દેવતાઈ વસ્તુ. સાધારણ માણસને ત્યાં ન શોભે. કાં તો દેવદરબારે કે રાજદરબારે એની કીમત થાય. એણે તે રાજધણીને ભેટ ધરવાનો નિશ્ચય કર્યો.

જુનાગઢનો રા' એ કાઠિયાવાડનો ધણી. એના રાજ્યની વસ્તી બીજે ક્યાં જાય? એ તો એને જ ભેટ ધરે ને?

કંકણ જોઈ રાજા ખુશ થયો. પણ રાજ્યની જંજાળમાં ગુંચાએલા રાજાએ ખુશ થવા ઉપરાંત કાંઈ ન પુછ્યું. કંકણ પોતાની પુત્રીને મોકલાવી આપ્યું. સ્ત્રીઓ તો અલંકાર જોઈ ઘેલી જ થાય. પુત્રીએ હાથે કંકણ પહેર્યું. પણ બીજા હાથે જોઇએ તે? એણે હઠ કરી. એ તો સ્ત્રીહઠ—પુત્રીહઠ. રાજા નમ્યો. એણે સંઘપતિને બોલાવી બીજું કંકણ માગ્યું. પણ એ ગરીબ સંઘપતિ ક્યાંથી લાવે? એણે તો સઘળી વાત માંડીને



ગંગાજીનાં જળમાંથી કમળ શો હસ્તદંડ બહાર આવ્યો.

કહી સંભળાવી. રાજા સાંભળીને નવાઇ પામ્યો, મારા રાજ્યમાં આવા ભક્તચૂડામણિ છે!

એ દોડતો ગયો ત્યાં. મહારાજાને જોઇ ભક્તરાજ હર્ષથી સામા આવ્યા. પોતાની ફાટેલી ગોદડીનું આસન આપ્યું અને જાણે ઓછોઓછો થઈ જાય તેમ કુંડમાંથી અંજલિ લાવી મહારાજાને ચરણામૃત ધર્યું.

પણ ઢેઢ–ચમારના કુંડનું પાણી કેમ પીવાય! રાજા ખંચાયો; પરંતુ ભક્તરાજના પ્રભાવથી અંજાયો. ના ન કહેવાઇ. અંજલિ લીધી ખરી, પણ બાંહ્યમાં ઉતારી નાખી.

ઘેર આવી જુએ તો બાંહ્યમાં ડાઘ પડેલા. દાસીને કપડાં ધોવા આપી દીધાં. દાસી ધોતી જાય અને જોતી જાય પણ ડાઘ ન જાય. એણે ડાઘ સુંઘી જોયો, પણ કાંઈ સમજ ન પડી. એટલે ડાઘ ચુસ્યો, અને એનાં અંતરચક્ષુ ઉઘડ્યાં. એ દોડતી આવી મહેલમાં ને રાણીને વાત કરી.

રાણી નવાઇ પામી. મહારાજાને પુછ્યું, 'આ ડાઘ શાના?' એ તો રોહીદાસની પ્રસાદીના! મહારાજા પણ પોતાની ભુલ જોઈ પસ્તાયા કે અમૃત ગુમાવ્યું. ફરી એ તો ચાલ્યા ભક્તરાજ પાસે.

ભક્તરાજે આસન આપ્યું, પણ અંતરનો એ ઉમળકો ક્યાં? એ ઉલ્લાસ ક્યાં? ભક્તરાજ પોતાના દેવનું અપમાન કેમ સાંખી શકે? એ મુંગા બેસી રહ્યા.

'ભક્તરાજ! પ્રસાદી આપો.'

'મહારાજા, ગંગાજી તો જતાં રહ્યાં. અત્યારે તો ચમારના કુંડનું પાણી છે.' મહારાજા ભોંઠા પડ્યા અને પાછા ગયા. પણ એથી ભક્તરાજને શું?

એ ભક્તરાજ વિદેહ થયા છતાં પોતાની યાદગીરી મુકી ગયા છે. ગાંગીયા ગામને પાદરે શિવમંદિરની નીચેથી વહેતો જળપ્રવાહ હજુ એ કુંડમાં પડી પછી નદી તરફ વહી જાય છે. નવાઈ લાગે કે એ ઝરણાં ક્યાંથી આવતાં હશે!

રમણીય કાઠિયાવાડમાં આવાં તો ઘણાં સ્થળો છે જ્યાં જુનો ઇતિહાસ છુપાયો છે. **મનુભાઈ જોધાણી**

ફોટોગ્રાફી (અનુસંધાન પાછળ પાન ૩૯૮થી)

આ ત્રણે જાતના લેન્સના લાભ ગેરલાભ વિચારી લઇએ. એકવડો સિંગલ મેનિસ્કસ લેન્સ અને મૅનિસ્કસ ઍક્રોમેટિક નાનાં છિદ્રો સાથે જ કામ આપી શકે અને તેને લીધે પ્રકાશની ગતિ પણ ઓછી રહે. માત્ર તડકામાં જ તે ઝડપી પદાર્થો કે ચિત્રો લઇ શકે. જોકે તેમાં પણ થોડા પ્રકાશમાં ચિત્ર લેવાની ગોઠવણ કરેલી હોય છે, અને નાના છિદ્ર વાટે ચિત્ર લેવાથી તેમાં આકૃતિના દોષો નથી આવતા અને ઘણે ભાગે ઠીક સફળતા મળે છે.

રૅપિડ રેક્ટિલીનિયર લેન્સ સિંગલ મેનિસ્કસ લેન્સ કરતાં લગભગ બેવડી ગતિવાળા હોય છે. ઇમારતની છબીઓ લેવાને તે યોગ્ય ગણાય છે. પણ નજીકના આકારોનાં બધાં બિંદુઓ એકસરખાં તીવ્ર ઉતારવામાં તે નિષ્ફળ નીવડે છે. એ દોષ બારી (ડાયાફ્રામ) ઝીણી મુકવાથી દૂર કરી શકાય છે ખરો, પણ પ્રકાશ ઓછો મળવાથી તે વડે ઝડપી ચિત્રો લઇ શકાતાં નથી.

ઍનાસ્ટિગ્મૅટ લેન્સ રૅ. રે. લેન્સ કરતાં ચિત્રની સ્પષ્ટતામાં અતિશય ચડિયાતા હોય છે. એ લેન્સનું મોં પુરેપુરૂં ઉઘાડું રાખીને સ્પષ્ટ ચિત્રસંગઠન થઇ શકે છે અને તે વખતે પ્રકાશ મંદ હોય તોપણ ઝડપી ચિત્ર લઇ શકાય છે. ફોટોગ્રાફીના દરેક શોખીને આવો લેન્સ વસાવવો જોઇએ. **ર. મ. રા.**

(આવતા પ્રકરણમાં આપણે છબી પાડવાનું શરૂ કરીશું.)



ભારતમાતા

(ચિત્રકાર : શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર)

◐. શ્રી અવનીન્દ્રનાથ સાચા ભારતીય કલાકાર છે. તે પોતે જ એક સ્થળે કહે છે 'હું ભારતનો શિલ્પી છું. ભારતીય શિલ્પનો લોપ થવા ન પામે તે માટે પોતાનું આખું જીવન હોમી દેવું એ મારો સ્વધર્મ છે.' ભારતમાતાની આવી અગાધ ભક્તિવાળા એ શિલ્પીએ આ ચિત્રમાં ભારતમાતાની પરમ સુંદર મંગલ મૂર્તિ ચીતરતાં તેનું ભાવના-સ્વરૂપ પ્રત્યક્ષ કરાવ્યું છે. અન્ન, વસ્ત્ર, ભક્તિ અને જ્ઞાન અર્પતી એ મૂર્તિમાં ભારતમાતા કેવળ રંગની આકૃતિ નથી. નિર્મળ સંન્યાસિની સમું શાંત છતાં ઊંડી દૃષ્ટિવાળું વદન સ્પષ્ટપણે ભારતની લાક્ષણિક મુદ્રા ધારી રહ્યું છે. ચાર હાથથી દૈવત્વ બતાવવાની પરંપરા ચિત્રકારે સ્વીકારી છે અને તેમાં ભક્તિના સંકેત તરીકે માળા, જ્ઞાન બતાવવા પોથી, વસ્ત્ર, અને અન્નના સૂચક જવેરા હિંદની પ્રધાન પ્રવૃત્તિઓ વર્ણવતાં દર્શાવ્યાં છે. આ ગુણો ઉપરાંત ચિત્ર તરીકે પણ આ ચિત્ર મનોહર અને પ્રેરક લાગે છે.


COURTESY : INDIAN PRESS ALLAHABAD



શાહજહાંની મૃત્યુશય્યા
(ચિત્રકાર : શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર)

જીંદગીમાં એક વાર આખી સલ્તનત જેની પાસે સર ઝુકાવી રહેતી, જેનો શબ્દ સૃષ્ટિ નિપજાવી શકતો, જેની તલવારે દૂરદૂરની સીમાઓ સર કરી હતી તે જ શહેનશાહ જીંદગીના દાવમાં આવતાં પુત્ર-વિદ્રોહના કારણે દુઃખી, દીન બની એકલો સુના ઝરૂખામાં મૃત્યુની રાહ જોતો, યુવાવસ્થાની પોતાની સખી મુમતાઝની પુણ્ય સ્મૃતિ તાજ તરફ, નીંગળતે હૃદયે નીરખી રહ્યો છે. પિતાનું દુઃખ જોઇ ઝુરતી કુમારી જહાંઆરા એ જર્જરિત શાહી પિતાને ચરણે આ સર્વ ભાવો સમજતી અનુકંપા ધરતી બેઠી છે. ચિત્રકારની કલ્પનામાં શાહજહાં આજ બાદશાહ નથી, પણ પ્રણયસૃષ્ટિનો કોઈ દેવતા જાણે દેશ-નિકાલ થયો હોય અને તેની દેવાંગનાના દીદાર માટે તરસ્યો થયો હોય તેનું દર્શન છે. પ્રેમની કરુણતાનો ભારે વાયુ એ દુઃખી વાતાવરણને ભેદીને વાતો હોય એવી નિગૂઢ ભાવનાઓ જગાડતું આ ચિત્ર આલેખનાર કલાકાર કેવા મનોરાજ્યમાં ઘુમી રહ્યો હશે તેની અહીં કંઇક ઝાંખી થાય છે. જે બાદશાહે કળાની સમૃદ્ધિ વધારવા બાદશાહી વાપરી બતાવી તે બાદશાહની સ્મૃતિઓ સૈંકડો વર્ષ પછી અમર કરવાને ઇંતેજાર આ કલાકારનું સ્થાન આપણે ન આંકી શકીએ; એ બાદશાહ જ તેને ખરો ઓળખી શકે.

COURTESY : INDIAN PRESS ALLAHABAD

શ્રી અવનીન્દ્રનાથના મકાનના બે ભાગ: પોતાના મકાનમાં એમણે ભારતીય ઢબનાં રાચરચીલાં તૈયાર કરાવીને ગોઠવ્યાં છે

શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર અનુસંધાન પૃ. ૩૭૬થી

ચીતર્યો હોય, આંખ ન સમજી શકે એવી ખુબીથી ચામડીની કોમળતા દર્શાવી હોય કે નેત્રનાં કિરણ માંડ્યાં હોય; ચહેરામાં ભીનાશ દેખાય, વસ્ત્રમાં નરમાશ દેખાય, પહાડ કે પત્થરની કઠોરતા પ્રત્યક્ષ થાય,—અને એ બધું યે જોતાંજોતાં ચિત્ત સ્વપ્ન અનુભવવા લાગે એવાં ચિત્રો શી રીતે છાપમાં પુનઃ પ્રગટ થાય? તેમનું ચિત્ર હાથમાં લઇને જોઇએ તો ક્યાં યે રંગનો થથેડો ન હોય. કાગળ પર કોઇ હવા પથરાઇને ચિત્ર બન્યું હોય એવું સ્વચ્છ અને સ્થિર, છતાં હમણાં ઉડી જશે એટલું સચેતન લાગે.

ચિત્રનું વસ્તુ શોધવાને એમનાં ઉંડણ પણ કાળના યોજન



હિંદી ઢબે સજાવટ કરેલા શ્રી અવનીન્દ્રનાથના મકાનનો મધ્ય ખંડ

માપે છે. છુટાછવાયા ઇતિહાસનાં પાનેથી એ હુએન-સંગને સજીવ કરે છે કે ભૂતકાળનાં પડોમાંથી મહારાજા અશોકની પ્રતાપવંતી મૂર્તિ લઇ આવે છે. આ ચિત્રકારનું ત્રીજું કલ્પનાનેત્ર ઉઘડે છે ત્યારે જાણે કાળની બધી ગુફાઓ ઉઘડી જાય છે અને તેમાંથી તેને બધું લાવવાનો સદર પરવાનો મળે છે. જીંદગીમાં કદિ કાશ્મીર આંખે જોયા વિના કાશ્મીરનાં એવાં તો ચમત્કારિક ચિત્રો એમણે દોર્યાં છે કે ત્યાં જઇ સ્થૂલ ચક્ષુએ ઉતારેલાં બીજા ચિત્રકારોનાં ચિત્ર એમનાં ચિત્રોને મુકાબલે મંદ અને શૂન્ય લાગે છે. ટી. પી. ઓકુનુર નામના પ્રસિદ્ધ લેખકનું Charm of Kashmirનું પુસ્તક જોનારને આ વાતની ખાતરી થશે.

આ પુરુષવરનાં કોઇ દર્શન કરવા ચાહે તો બહુ તકલિફ


નથી પડતી. એક એવા સીધા સાદા મનુષ્યની કલ્પના કરી લ્યો, જેનો સ્વભાવ અત્યંત સરલ છે, જેનામાં કોઇ જાતનો આડંબર નથી તેમ જ જે કોઇના આડંબરની પરવા રાખતો નથી. જેનો ચહેરો એકદમ સાફ રહે છે. માથા ઉપર પણ નામમાત્ર વાળ છે. આંખમાં એક જાતની આનંદની લહરી ચમકતી લાગે છે જે એમના હૃદયની સ્થિતિનું સૂચન કરે છે. તમે એમને ગમે ત્યારે જુઓ પણ એની એ જ આનંદી મુદ્રા એમના મોં પર દેખાશે; અને તે કદિ દૂર થતી નથી. એમનું મગજ સદૈવ મનોરાજ્યના અનેક તરંગોમાં ઝુલ્યા કરતું હોય છે, ને એ તરંગોને કલ્પનાશક્તિ વડે અદ્દભુત રંગીન છાયા આપ્યાં કરે છે. એમને જોતાં તમને અવશ્ય લાગે કે તે કોઈ વિલક્ષણ સ્વપ્ન નીરખી રહ્યા છે. આવા પુરુષોનાં શરીર અવસ્થા પ્રમાણે વૃદ્ધ ભલે થાય, પણ એમનાં મગજ અને હૃદયમાં કદિ શિથિલતા આવવાની નહિ. ખરૂં કહીએ તો એમની વિચારશક્તિ અને જ્ઞાનપિપાસા દિન પર દિન વધતી જ જાય છે.

> ભારત-શિલ્પના પુનર્વિધાનની આ હીલચાલ પરાયા આદર્શો ને સંસ્કારોના પાશમાંથી માનસિક ને આધ્યાત્મિક મુક્તિ મેળવવાની મથામણ છે.
>
> પ્રજાઓનાં ઘડતર અને સંસ્કૃતિની સ્થાપના રાજનીતિજ્ઞો અને વેપારીઓથી નથી થતાં; એ તો કવિઓ ને કલાકારો જ કરે છે.
>
> ખરો રાષ્ટ્રવાદી આદર્શવાદી જ હોય.
>
> (આનંદ કુમારસ્વામી)

પ્રભાતથી જ અવનીબાબુ પોતાના મહાલયની પાછલી વિશાળ પરસાળમાં કામ કરતા બેસે છે. એ પરસાળની આગળ એક નાનો બગીચો છે. એની લીલોતરી અને પંખીઓના મધુર કલરવથી મન પ્રસન્ન થઇ જાય છે. આવા સ્થળમાં મુખ્ય ખંડની બારી આગળ એ પોતાનું ચિત્રફલક લઈ બેસી જાય છે. સામે એક મેજ પર કામનાં સાહિત્યો હોય છે. જમણી બાજુ પાણીનું મોટું કુંડું હોય છે તેમાં વારેવારે તેમની પીંછી ધોવાતી જાય છે અને રંગ બદલતી જાય છે.

તંબાકુ પીવાનો એમને ભારે શોખ છે. ઘડીભર એ વિના ન ચાલે. દિવસ આખો પાસે સીગારેટ કે હુક્કો હોય જ અને ધુમાડાના ધીમા ગોટ તેમાંથી નીકળ્યે જતા હોય. કામ કરતાં એકાંત જ જોઇએ એવું એમને નથી. મિત્રો, સંબંધીઓ કે બહારના મુલાકાતીઓમાંના કોઇ ને કોઈ પાસે હોય જ. પોતે તેમની સાથે અવનવો વાર્તાલાપ ચલાવ્યે જાય અને સાથેસાથે પીંછી પણ ચિત્ર પર રમતી જાય. આંખો તો ચિત્ર પર જ હોય. આ પ્રકારના વ્યવહારમાં નથી તેમને કામમાં જરા યે અગવડ થતી, કે નથી વાતચીતમાં પણ ભંગ પડતો. કોઇ નિખાલસ અંતઃકરણમાંથી આવતી હોય તેમ, જરા ઉંચે સાદે એમની વાતો એક કે બીજા વિષય-પર થઇ કલા અને કલાકાર પર ઉતરી પડે અને તમે આવું જ કંઇક સાંભળો:

“ અરે, આદર્શ સૌંદર્ય તો સાધારણ સ્થૂલ સુંદરતાથી કેટલું યે વધારે સૂક્ષ્મ ને વધારે ગંભીર છે. સાચો કલાકાર તો એની જ શોધમાં ભટકે છે. હિંદુ કળા આદર્શની તરફ જ નજર રાખે છે. એ આદર્શ વિચારની પારનો, અલૌકિક અને કેવળ અનુભવે જ સમજાય એવો હોય છે. એટલા માટે સાચો કલાકાર એ જ થઇ શકે, જેનું હૃદય કાવ્યમય હોય અને અંતઃકરણ પવિત્ર હોય. . . . ભારતીય કલા એશિયાના કલાચક્રની ધરી છે એમ કહી શકાય. તેનું તત્ત્વ એક જ શબ્દથી પ્રગટ થઇ શકે છે. એ શબ્દ તે ‘સમાધિ’. . . જ્યારે હું કોઇ વિષયનું ચિત્ર કરવા ચાહું છું ત્યારે હું તેનું ધ્યાન લગાવું છું અને મારૂં કલ્પિત ચિત્ર મારી આંખની સામે ઝુલતું દેખાય છે. હિંદુ ધર્મશાસ્ત્રો કહે છે કે સત્ય જોઇ શકાતું નથી, સમાધિ દ્વારા તેનો અનુભવ થઇ શકે છે. હિંદી કલાનું ખરૂં રહસ્ય સમજવા માટે ચિત્ર જોનારે પણ તે સામે સમાધિ સાધવી જોઇએ. . . . કલાકાર સામાન્ય જન કરતાં ઉંચું પાત્ર છે. કુદરતે સૌને આંગળાં આપ્યાં છે ને તેમાં ઉપાડવાની તથા સ્પર્શ અનુભવવાની શક્તિ મુકી છે, પણ સંગીત



શ્રી અવનીન્દ્રનાથના હસ્તાક્ષર (કનુ દેસાઇની ઑટોગ્રાફ બુકમાં)

કલાકારની આંગળીઓ ચાલે છે ત્યારે સ્વરોનાં સ્વરૂપો બંધાય છે....સામાન્ય માણસને એક જોડ આંખો હોય છે; પણ ચિત્રકારને ચાર જોડ આંખો હોય છે: સામાન્ય માણસ કહેશે રાત પડી છે, ગાડી ચાલે છે, નવ કે દસ વાગ્યા છે; પણ અમુક મૂર્તિની આકૃતિ કેવી છે તે નહિ કહી શકે. સામાન્ય માણસની આંખ ટેલિફોનની પેઠે માત્ર મગજને વાત કહે છે, પણ ચિત્રકારની બીજી જોડ આંખો તો જુએ છે, આકૃતિ અને ઘાટ યાદ રાખે છે ને વળી પુનઃ સરજે પણ છે. ત્રીજી જોડ વળી વસ્તુમાત્રનું રહસ્ય શોધે છે. તે ફુલને કેવળ બહારથી જ જોતી નથી; ફુલનું રહસ્ય પણ પામે છે. એ ત્રીજી જોડની આંખોથી તમારો આ પોશાક કોઇ જુએ તો તેને માત્ર પોશાક ન કહે; કદાચ તેને જ ફુલની ઉપમા આપે. આંખની ચોથી જોડ અતીવ સમર્થ છે. તે કલ્પનાની આંખો છે. કુદરતમાં નહિ દેખાતું તે જુએ છે ને કુદરતમાં કદિ નહોતું એવું સરજે છે. તે આત્માની આંખો છે. તમારી આંખો બંધ કરશો તો કંઇ નહિ જુઓ, પણ આ આંખોથી તો આંધળો માણસ પણ જોઇ શકે છે. આમ આંખોની જોડની તો ઘણી સંખ્યા વધારી શકાય; પણ આ ચાર જોડ આંખ તો ખાસ મહત્વની છે.... વિજ્ઞાન વસ્તુઓના વિભાગ કરી જુએ છે અથવા સાંધે છે; પણ કળાની મદદથી તો ઉત્તમ શું છે તે મળી આવે છે. વિજ્ઞાન કહેશે આટલા કાચ મુકો તો એ પ્રદેશ નજીક દેખાશે; પણ ખરી કળા તો એ પ્રમાણેના કાચ બનાવી આપનારમાં છે. મહાન વિજ્ઞાનીઓ અવશ્ય કળાકાર હોઇ શકે. ... ધર્મ અને વિજ્ઞાન કરતાં યે કળાની પ્રધાન જરૂરત છે. એ જરૂરિયાત એટલા માટે કે આપણે તે વિના રહી શકવાના નથી. તે વિના આપણે પશુ પંખીઓની પેરે જીવન જીવી કાઢવાના એટલું જ. માટેજ કહુંછું કે કળા વિના જીવન અશક્ય છે."

[સંકલિત] **ર. મ. રાવળ**

આ લેખમાં આપેલાં શ્રી અવનીન્દ્રનાથનાં ચિત્રો તથા સાહિત્ય માટે અમે નીચેનાના ઋણી છીએ: શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલી, તંત્રી 'રૂપમ'; મિ. ઇ. બી. હાવેલનો લેખસંગ્રહ; શ્રી અસીતકુમાર હલધરે લખેલી નોંધ; શ્રી આનંદ કુમારસ્વામીના જુદાજુદા લેખો; શ્રી અવનીન્દ્રનાથનાં ચિત્રો જુદેજુદે પ્રસંગે પ્રગટ કરનારી સંસ્થાઓ; આલ્હાબાદનું ઇંડિયન પ્રેસ; હિંદી માસિક 'સરસ્વતી'માં આવેલી નોંધ; 'ભારત શિલ્પ'નો નવસારી સ્વાધ્યાય કાર્યાલયે પ્રકટ કરેલો ગુજરાતી અનુવાદ.

લવીંગિયાની લૂમ

ડાકટર—કેમ ધીરૂ, પાછો આવ્યો?

ધીરૂ—સાહેબ, તમે હમણાં આંખમાં નાખવાની દવા આપી તે જમ્યા પહેલાં નાખવાની કે જમ્યા પછી?

✿

બાપ—કેમ કનુ, શું થયું?

કનુ—મને મનુએ તમાચો માર્યો એં...એં...

બાપ—તો તારે સામો મારવો હતો ને?

કનુ—મેં તો પહેલાં મારી લીધો'તો.

✿

મોટરનો વેપારી—કેમ, તમારે શી ફરિયાદ છે?

મોટર લઈ ગએલો ઘરાક—સાહેબ, માત્ર હૉર્ન સિવાય એનો એકેએક ભાગ અવાજ કરે છે!

'કેમ મિસ્તર, નડિયાદ જવાના કે?' 'જી હા.'

'સાહિત્ય પરિષદમાં કે?'

'જી ના, રેલવે ટ્રેનમાં.'

✿

બાપ—અત્યારે મહેનત લઇને ભણીશ તો આગળ ઉપર સુખી થઈશ. તું શીખ્યો હોઇશ એ કાંઈ કોઇથી લેવાશે?

દીકરો—પણ બાપા, એમ તો હું નહિ શીખ્યો હોઉં એ પણ કોઈથી કાંઈ લેવાશે?

✿

'એ કહે છે કે પોતે મોટાં મોટાં રાજદ્વારી ભેજાંનાં નિકટ પરિચયમાં છે.'

'હા હા, ખરી વાત; એ હજામ છે!'

જેમાં, અનેકના જીવ ઉગારવા કાજે પોતાનો જીવ જતો કરવા તૈયાર થનાર દુદો ભગત વૃક્ષયોનિની અદ્ભુત સૃષ્ટિ જોઇ આવે છે.

બા ળ વિ ભા ગ

દુદો ભગત



દુદા ભગતના ફળીમાં એક મજાની લીમડી હતી. કેળના સ્થંભ જેવું તેનું સુંદર સીધું થડ, આંબા જેવી તેની ગોળમટોળ ઘટા અને લીલો કાંચન જેવો તેનો રંગ. દુદો ભગત તેને પાણી પાય અને તેમનાં વહુ સવારમાં તેનાં ખરેલાં પાન વાળીઝુડી સ્વચ્છ રાખે. કોઇને ઝાડની ડાંખળી સરખી પણ તોડવા ન દે. તેમને મન એ લીમડી તો એકની એક દીકરી કરતાં પણ વધારે વહાલી હતી. તેમને કાંઇ સંતાન ન હતું, એટલે તેમનો કુદરતી પ્રેમ આ લીમડી ઉપર જ ઢળ્યો હતો.

એક વખત ગામના પાનાચંદ શેઠે જાવે વેપાર કરવા માટે જવા વિચાર કર્યો. દુદા ભગત ઉપર એમને બહુ જ વિશ્વાસ હતો, એટલે તેમને સાથે આવવા આગ્રહ કર્યો. શેઠે ભગતની સ્ત્રીને સમજાવ્યું કે 'બાર મહિનામાં તો વેપાર કરી પાછા ફરીશું. અને કમાણી એટલી બધી થશે કે દુદા ભગતને પછી ઘડપણમાં કામકાજ કરવાની જરૂર નહિ રહે. વળી રસ્તામાં મોટાંમોટાં તીર્થ થશે એ જુદું. તમારે માટે અહીં ખાવાપીવા ને પૈસાટકાની ગોઠવણ હું બરોબર કરતો જઇશ, એટલે તમને કાંઇ હરકત નહિ આવે.'

દુદા ભગતે શેઠની સાથે જાવે જવાનું નક્કી કર્યું. થોડા દિવસમાં ચાળીસ પચાસ માણસનો કાફલો જાવા તરફ ઉપડ્યો. આખું ગામ વળાવવા ગયું. સૌએ જાતજાતની ભલામણો કરી. દુદા ભગતે પણ પોતાની સ્ત્રીને લીમડી બરાબર સાચવવાની ભલામણ કરી. લીમડી ઉપર છેલ્લી મીઠી નજર ઢાળતી ભગતે દરિયાનો રસ્તો લીધો.

વહાણના સઢમાં પવન ભરાયો અને સરેરાટ કરતું વહાણ પાણી વીંધતું આગળ ચાલ્યું. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ એમ દિવસો જવા લાગ્યા. નીચે પાણી અને ઉંચે આભ સિવાય કાંઇ દેખાતું નથી. વેપારના વિચારમાં સૌ આનંદમાં રહે છે. ત્યાં પંદરમા દિવસની અંધારી મધરાતે વહાણ એક ખરાબામાં ભરાઇ ગયું. શું થયું છે તે વાત રાતના અંધારામાં તો બરાબર સમજાઇ નહિ, પણ સવાર થતાં સૌએ જોયું તો બે ઉંચા કરાડ પર્વતોની વચ્ચે આવેલી દરિયાની એક ગાળીમાં વહાણ પેસી ગયું હતું. પવન સાવ પડી ગયો હતો અને વહાણ એવું તો સજ્જડ ભરાઇ ગયું હતું કે ખલાસીઓના ઘણાઘણા પ્રયત્ન છતાં તે ત્યાંથી નીકળી શકયું નહિ. બધા મુસાફરો બહુ જ ચિંતામાં પડ્યા. જાવે જઇને ધન કમાવાના વિચાર તો બધા ઉડી ગયા અને પર્વતની ગાળીમાં ભુખમરો અને મોત નજરે દેખાવા લાગ્યાં. પોતે કેવે ઠેકાણે આવી ચડ્યા છે ને એ ઉંચા પર્વતો ઉપર તથા તેમની પાછળ શું છે તેની પણ કોઇને ખબર ન હતી. તેમની સાથે કાફલામાં એક ઘરડો ખલાસી હતો. તેણે જાવાની ઘણી મુસાફરીઓ કરી હતી. તેને પુછી જોતાં તે બોલ્યો કે મારા દાદા એક વખત વાત કરતા હતા તે જગ્યા મને તો આ લાગે છે. તેમનું વહાણ પણ કોઈ આવી જ ગાળીમાં ભરાઈ ગયું હતું. તેમણે કરેલું ગાળીનું વર્ણન જેમજેમ યાદ કરૂં છું તેમતેમ મને એમ જ લાગે છે કે આ ગાળી તે એ જ હોવી જોઇએ.'

'તો એમણે ગાળીમાંથી વહાણ કેવી રીતે બહાર કાઢ્યું હતું?' પાનાચંદ શેઠે અધીરા થઇને પુછ્યું.


'તે કામ બહુ જ કઠણ છે. હું નથી ધારતો કે આપણામાંથી તે કાંઈ કરી શકે.' ખલાસીએ જવાબ દીધો.

'પણ કહો તો ખરા; જો વહાણ બચતું હોય તો અમે ગમે તે કરવા તૈયાર છીએ.' બધા મુસાફરો એકીસાથે બોલી ઉઠ્યા.

'તો સાંભળો. આ પર્વતની ટોચ ઉપર એક મંદિર છે અને તેમાં એક મોટું નગારૂં છે. આપણામાંથી કોઇએ પર્વત પર જઇને જોરથી એ નગારૂં વગાડવું. એટલે પર્વત ઉપર રહેતાં ગરુડ પક્ષીનાં ટોળાં

જોસથી ઉડશે, અને તેથી આ ગાળીમાં એટલો બધો પવન ફુંકાશે કે તેને જોરે વહાણ ગાળીમાંથી બહાર નીકળી જશે. જેવું વહાણ ગાળીમાંથી બહાર નીકળે કે તરત ભરદરિયા ઉપર વેગથી હંકારી મુકવું જોઇએ; નહિતર ગરુડનાં ટોળાં તેના ઉપર તુટી પડી તેના સઢ ફાડી નાખશે અને તેને ડુબાડી દેશે. બોલો, હવે ઉપર જઈ નગારૂં વગાડવા કોણ તૈયાર છે ?' ઘરડા ખલાસીએ વાત કરી.

કોઇ કાંઇ બોલ્યું નહિ. પર્વત ઉપર જઇ નગારૂં વગાડવાનો તો કોઇને વાંધો ન હતો, પણ પવન ભરાઇ વહાણ ચાલ્યું જાય પછી પોતાનું પર્વત ઉપર શું થાય તે જ વિચાર સૌને મુંઝવતો હતો. પાનાચંદ શેઠે ઘણા જણને પર્વત ઉપર જવા સમજાવ્યા, તેમના કુટુંબને પુષ્કળ પૈસા આપવા વચન આપ્યું, પણ કોઇ તૈયાર જ ન થયું. પેલો ઘરડો ખલાસી ઉપર જવા તૈયાર હતો. પણ તે જો જાય તો પછી જાવાનો રસ્તો કોણ બતાવે તે મુશ્કેલી હતી. છેવટે પાનાચંદ શેઠે દુદા ભગતને બોલાવીને કહ્યું, 'દુદા ભગત, કોઇ તૈયાર થતું નથી. આમ ને આમ અહીં બેસી રહીશું તો થોડા દિવસ પછી ખોરાક વિના બધા મરી જઇશું. તમે ઘરડા થયા છો; સંસારમાં આસક્તિ જેવું તમને બહુ નથી; ઘેર વસ્તારી પણ નથી કે તમારા વગર બધાં દુ:ખી થાય. ફક્ત તમારી સ્ત્રીના ભરણપોષણની ચિંતા છે; પણ એ કામ તો હું માથે લઉં છું. જો તમે ઉપર જઇને નગારૂં વગાડો અને અમે બચીએ તો તમને આટલા બધા જીવ ઉગાર્યાનું પુણ્ય થશે. તમે ત્યાં મંદિરમાં રહીને ભક્તિ કરશો ને થોડા દિવસ ફળફુલથી નિભાવી લેશો ત્યાં હું તમારે માટે બીજું વહાણ મોકલીશ. પણ તમે



બે ઉંચા કરાડ પર્વતો વચ્ચે આવેલી ગાળીમાં વહાણ પેસી ગયું હતું.

અમારે બધાને ખાતર આટલું તો જરૂર કરો.' શેઠે ગળગળા થઇને કહ્યું.

દુદા ભગતે જોયું કે જો હું ઉપર જવાનું માથે નહિ લઉં તોપણ સૌની સાથે અહીં રહી મરવાનું તો છે જ; ને જો ઉપર જઇશ તો આટલાની જીંદગી બચાવ્યાનું પુણ્ય છે. આવા ઉજ્જડ પર્વત ઉપર જીવી શકાશે તેવી તો તેમને આશા જ ન હતી. તેમ, શેઠે

બીજું વહાણ મોકલવાનું તથા પોતાની સ્ત્રીનું ભરણ-પોષણ કરવાનું વચન આપ્યું તે પર પણ તેમને શ્રદ્ધા ન હતી. છતાં આટલાં માણસ ઉગારવાને વિચારે તેમણે હા પાડી, અને બીજે દિવસે સવારમાં વહેલા દુદો ભગત પર્વત ઉપર ચડી ગયા. નીચે ખલાસીઓ લંગર ઉઠાવી, સઢ ચડાવી નગારૂં વાગ્યાની રાહ જોઇ રહ્યા.

થોડી વાર થઇ ત્યાં તો નગારાનો 'ધેં..ધેં.. ધેં..ધેં..ધેં' એવો ભેરી અવાજ સંભળાયો. તેના પડછંદા પર્વતની ગાળીઓમાં ગાજ્યા અને ગરુડનાં ટોળેટોળાં જબરી મોટી પાંખો વીંઝતાં પર્વતની બખોલો અને ખીણોમાંથી ઉડ્યાં. ઘડીભર તો આખું આકાશ ગરુડોની પ્રચંડ પાંખોથી છવાઈ ગયું. સમુદ્રની ગાળીમાં પવનના ઝપાટા લાગવા માંડ્યા અને શાંત જળ ઉપર મોટાં મોજાં નાચવા લાગ્યાં. વહાણ હાલકડોલક થવા લાગ્યું. સઢ ફુલ્યા અને એક આંચકે દુદા ભગતની જે બોલાવતું વહાણ પર્વતની ગાળીમાંથી નીકળી ગયું ને ભર દરિયા ઉપર સુસવાટા કરતું ચાલતું થયું. માત્ર રહ્યા પર્વત ઉપર એકલા દુદા ભગત.

પવન અનુકુળ હોવાથી શેઠ તો થોડા દિવસમાં જાવે પહોંચી ગયા અને વેપાર તથા પૈસા કમાવાની જંજાળમાં એવા તો મશગુલ થઇ ગયા કે દુદા ભગત માટે વહાણ મોકલવાનું વિસરી ગયા. અને પછી જ્યારે મોડુંમોડું યાદ આવ્યું ત્યારે 'ઉજ્જડ પર્વત ઉપર જંગલી જનાવરે અથવા ગરુડોએ દુદાને ફાડી ખાધો હશે. કોઈ ત્યાં જનાર મળતું નથી; અને જનાર જો ભરાઇ જાય તો વળી એકને બદલે બે સપડાય એવું છે. ભગતની સ્ત્રીને પૈસા આપી ખુશી કરીશું. રસ્તામાં માંદા પડી મરી ગયા એમ કહીશું.' આવાઆવા સ્વાર્થી વિચાર કરી શેઠે ભગતની મદદે વહાણ મો-કલવાનું માંડી વાળ્યું.

ધાર્યાં કરતાં વેપાર જલદી પુરો કરી, સોનું રેશમ અને મસાલાથી વહાણ ભરી, શેઠ જાવાથી ઘેર આવી પહોંચ્યા. ગામલોકો સામા ગયા, શેઠનું સામૈયું કર્યું, બધે આનંદઆનંદ થઇ રહ્યો. માત્ર દુદા ભગતના મરણના સમાચારથી તેમની સ્ત્રીને ખુબ કલેશ થયો. શેઠે તેને થોડાક પૈસા તથા ભગતના મરણની ખોટી હકીકત કહેવડાવી. ભગતના જ બલિદાનથી પોતે સૌ બચ્યા તે વાત સ્વાર્થી વાણિયો ગળી ગયો.

આ બાજુ દુદો ભગત પર્વત ઉપર મંદિરને જ પોતાનું ઘર કરી રહેવા લાગ્યા. આખો દિવસ માળા ફેરવે અને પહાડના જંગલમાંથી ફળફુલ વીણી લાવી પોતાનું ગુજરાન ચલાવે. દૂર ક્ષિતિજરેખા ઉપર જ્યાં સમુદ્રનાં મોજાં આકાશને મળી જતાં જણાતાં હતાં ત્યાં, શેઠ વહાણ મોકલશે તેવી આશાએ રોજ લાંબી નજર નાખી સવારસાંજ વાટ જુએ. આમ કરતાં કરતાં દિવસ, પખવાડિયાં અને મહીના પસાર થવા લાગ્યા પણ શેઠનું વહાણ આવ્યું નહિ. ભગતની આશા નિરાશામાં ફેરવાવા લાગી. આજુબાજુ પર્વતો, દૂરદૂર સમુદ્રનાં ઘેરાં પાણી, ઝાડોથી ભરેલી પર્વતની ગાળીઓ અને તેમાં ગાજતી ગરુડની પાંખો સિવાય દુદા ભગતને બીજું કાંઈ દેખાતું નહિ. ઘણીવાર કોઇ શાંત રાત્રે ભગતને પર્વતની નીચેની ગાળીમાંથી સંગીતના સૂર અથવા માણસનો કાંઇક કોલાહલ થતો હોય તેવા ભણકારા વાગતા. પણ એ તો પોતાના વિચારોના જ ભણકારા હશે એમ માની તેમણે તે દિશામાં આગળ તપાસ કરેલી નહિ; અને તપાસ કરવી હોય તોપણ પર્વતની ધારો એવી તો સાંધી હતી અને જંગલ એટલું તો ઘાડું હતું કે ત્યાં જવું બહુ જ કઠણ હતું.

દરિયા ઉપર લાંબી નજર માંડીમાંડી, થાકીપાકી દુદો ભગત નિરાશ થઈ મંદિરના ઓટલા ઉપર સુઇ ગયા હતા. ત્યાં તેમને કાને મંદિરમાંથી ઝાંઝરનો રૂમ-ઝુમ કરતો અવાજ આવ્યો. આવા એકાંત સ્થળમાં કોઇ અપ્સરાઓ આવી હશે માટે હાલ્યાચાલ્યા વિના પડ્યા રહેવું કે જેથી તેમને બરાબર જોવાય, એમ વિચારી ભગત આંખો મીચી સુઇ રહ્યા. ધીમેધીમે ઝાંઝરનો અવાજ વધારે પાસે ને પાસે સંભળાવા લાગ્યો, અને થોડી વારે બે સુંદર કન્યાઓ મહાદેવની પ્રદક્ષિણા ફરવા બહાર આવી. પણ ત્યાં કોઇને સુતેલું જોઇ ચમકી ઉભી રહી.

બંનેએ થોડીક વાર તો દુદા ભગત તરફ આંગળી કરી કાંઇક ધીમેથી વાત કરી અને પછી એક દુદા ભગત પાસે આવી એમના પગનો અંગુઠો હલાવી 'દાદા, દાદા, તમે અહીં ક્યાંથી?' એમ બોલાવવા લાગી. આ સાંભળીને દુદા ભગતના અચંબાનો તો પાર જ ન રહ્યો. તે એકદમ બેઠા થઇ ગયા. આ અજાણ્યા સ્થળમાં આવી ખુબસુરત બાળા પોતાને

દાદા કહે એ વાત તેમને સ્વપ્ના જેવી લાગી અને ગાંડાની માફક તેની સામે જોઇ રહ્યા.

'કાં દાદા, તમે મને ન ઓળખી?' પેલી બાળા બોલી.

'ના રે બેન; આપ કોણ છો?' ભગતે પુછ્યું.

કન્યા બોલી, 'કેમ? તમે જ મને મોટી કરી છે, મને હમેશાં પાણી પાઓ છો, મારૂં પાન સરખું પણ કોઇને ચુંટવા દેતા નથી, ને મને ઓળખતા નથી?'

દુદા ભગતને આ વાતમાં કાંઈ સમજણ પડી નહિ એટલે બાળાને પુરી ઓળખાણ આપવા વિનંતિ કરી અને પોતે ત્યાં કેવી રીતે આવી ચડ્યા તે વાત કહી સંભળાવી.

કન્યાએ સમજણ પાડી કે 'અહીં અમારી વૃક્ષની જુદી દુનિયા જ છે. જે જે ઝાડ માનવી લોકમાં છે તે તે ઝાડ માણસ રૂપે અહીં રહે છે. તમારા ફળીમાં જે લીમડી છે તે જ હું. તમારા પાડોશીને ત્યાં જે લીંબોઇ છે તે આ મારી બેનપણી. તમારે ત્યાં દરબારગઢમાં મોટો પીપળો છે તે અહીં અમારા રાજા છે. જેટલાં તમારાં ગામ તેટલાં જ અહીં અમારાં ગામ છે, અને તેમાં જેટલાં ઝાડ છે તેટલાં અમે અહીં માણસો છીએ. તમે જો ત્યાં ઝાડને કાપો તો અમને અહીં જખમ થાય. તમે જો ત્યાં ઝાડની ડાળીઓ કાપો તો અહીં અમારા હાથપગ ભાંગી જાય. તમે જો ત્યાં વૃક્ષોને પાણી ન પાઓ તો અહીં અમારી તરશ ન જ છીપે અને અમે દુઃખી થઇએ. અને જો તમે ઝાડને મુળમાંથી કાપી નાખો તો અમારૂં અહીં મોત થાય. તમે મને ત્યાં કેવી સારી રીતે રાખો છો. મને કોઇ દિવસ અહીં દુઃખ થતું જ નથી.'

દુદો ભગત તો આ વાત સાંભળીને ચકિત જ થઇ ગયા. પોતાની વહાલી લીમડી અહીં આમ સાચી દીકરી તરીકે મળી ગઇ તેથી એમને તો હર્ષનાં આંસુ આવી ગયાં. તે તેને માથે હાથ ફેરવવા લાગ્યા ને ઘણા વિયોગ પછી બાપદીકરી મળ્યાં હોય એમ તેમનું હેત ને વાતો ઉભરાતાં ચાલ્યાં. પછી પેલી કન્યા નીચે ખીણમાં જઇ ભગત માટે ખાવાનું લઇ આવી અને આ પ્રમાણે બંને રોજ કલાકોના કલાક મંદિરમાં મળવા લાગ્યાં. કોઇકોઇ દહાડો ઘર યાદ આવે ત્યારે ભગત દિલગીર થતા, પણ આ કન્યા ત્યાંના ખબર આપી તેમને આશ્વાસન આપતી અને કહેતી કે કોઈ વાર તક મળી જશે તો તમને હું ત્યાં પહોંચાડ્યા વિના નહિ રહું. નહિતર પણ તમને અહીં શું દુઃખ છે? મારી સાથે રહો છો ને આનંદ કરો છો. અને ત્યાં ગયા પછી ફરી પાછા અહીં નહિ અવાય.' આવું આશ્વાસન સાંભળી તે મન વાળતા ને બધી વાતે સુખી હતા તેથી ધીમેધીમે ઘર વિસારે પડવા લાગ્યું.

એવામાં એક દિવસ બાળા ભગતને મળવા આવી. તે દિવસે તેની ટચલી આંગળી ઉપર પાટો બાંધેલો હતો અને મોઢા ઉપર ઉદાસી હતી.

'કેમ બેન, આ હાથે શું વાગ્યું છે? આજે કેમ ચહેરો ઉદાસ છે?' ભગતે પુછ્યું.

'એ તો કાંઈ નહિ. આજ સહેજ મારી બાએ દાતણ કરવા માટે મારી નાની ડાંખળી કાપી, તેથી મને અહીં જખમ થયો છે. પણ મારે તમને એક ખાસ કામ સોંપવાનું છે.' તે બોલી.

'તું મને હવે જલદી ઘેર મોકલી દે. તેમને કોઇને ખબર નથી કે ડાળી કાપવાથી અહીં તને કેટલું દુઃખ થશે. ભગવાન ન કરે ને કોઇ તને કાપી નાખે તો બેટા, અહીં તને શું થાય? માટે મને હવે ઘેર મોક-લવાનો ઝટ રસ્તો કર. આ જોઇને મારો જીવ તો અદ્ધર થઇ ગયો છે!' ભગતે ઉતાવળ કરી.

'હું પણ તમને ઘેર મોકલવા માટે જ અહીં આવી છું. વાત એમ છે કે તમારા રાજા બહુ જ માંદા છે. તે મરી જશે અને તેમના અગ્નિસંસ્કારમાં પીપળાનાં લાકડાં જોઇશે. તે માટે ત્યાંના લોકો દરબારગઢનો પીપળો કાપવા વિચાર કરે છે. અને જો તેઓ એ પીપળો પાડી નાખે તો અહીં અમારા રાજાનું મૃત્યુ થાય. આ હકીકતથી અમારે ત્યાં બધે ઉચાટ ફેલાઈ રહ્યો છે ને સૌ વિચાર કરે છે કે શું કરવાથી રાજા બચે. મને લાગે છે કે તમે ત્યાં જાઓ અને ગમે તેમ કરી સૌને સમજાવી એ પીપળો પાડતા અટકાવો; જો તમે આટલું કરો તો અમારા રાજાની જીંદગી બચે. મેં મારા રાજાને આ ઉપાય બતાવ્યો છે. તેઓ બહુ જ ખુશ થયા છે ને અમારા મંત્રબળથી તમને કાલે સવારે ત્યાં પહોંચાડવા વિચાર કરે છે. તમારાથી જુદા પડવું તો મને નથી ગમતું, પણ અમારા રાજા ખાતર એટલું દુઃખ સહન કરવા હું તૈયાર છું.' કન્યાએ બધી વાત માંડીને કરી અને ભગતે હા પાડી.

અહીં દુદા ભગતની સ્ત્રી વૈધવ્યમાં દુઃખના દહાડા કાઢે છે. પાનાચંદ શેઠે જે થોડાઘણા પૈસા આપ્યા હતા તે તો ભગતની ઉત્તરક્રિયામાં ખર્ચાઇ ગયા હતા, એટલે ભગતનાં વહુ આડોશીપાડોશીનાં વૈતરાં કરી બે પૈસા કમાઈ પોતાનું ગુજરાન ચલાવતાં હતાં. એક દિવસ સવારે વહેલાં ઉઠી ભગતનાં સ્ત્રી જુએ તો ફળીમાં લીમડી નીચે ખાટલામાં કોઇને સુતેલું જોયું. પાસે જઇને જુએ ત્યાં તો તેણે ભગતને ઘસ-ઘસાટ ઉંઘતા જોયા! પ્રથમ તો તેને બીક લાગી, પણ પછી હીમત લાવી સાદ પાડ્યો; ત્યાં તો ભગત બેઠા થયા. તેમણે પોતાની સ્ત્રીને બધી વાત પહેલેથી છેલ્લે સુધી કહી સંભળાવી અને આશ્વાસન આપ્યું.

થોડા વખતમાં તો ભગત આવ્યાના સમાચાર આખા ગામમાં ફેલાઇ ગયા અને સૌ ભગતને મળવા આવ્યા. પાનાચંદ શેઠ પણ આવ્યા અને ભગતને બહુ જ સારૂં મનાવ્યું. ભગતે પણ જાણે કાંઇ જ ન બન્યું હોય એમ તેમની સાથે વાત કરી અને રાજાની તબિયતના સમાચાર પુછ્યા. રાજાની બીમારીની વાત સાંભળી ભગત દરબારમાં ગયા અને જે જે કાંઇ બન્યું હતું તથા પોતે જોયું હતું તે બધી વાત પ્રધાનને કરી. એમાં જો કાંઇ શંકા જેવું લાગે તો પાનાચંદ શેઠને પુછવા કહ્યું અને ગમે તેમ થાય પણ પીપળો ન કાપવા વિનંતિ કરી.

બે ત્રણ દિવસમાં તો ગામના રાજાએ દેહ છોડ્યો, પણ દુદા ભગતની વાત ઉપરથી પીપળાને અણીશુદ્ધ રાખવામાં આવ્યો. આખા ગામમાં દુદા ભગતના બલિદાનની અને તેમણે જોએલી વૃક્ષયોનિની વાતો ચાલી રહી.

ગજાનન ભટ્ટ

આબાદ ફટકો

એક નાની ચિત્રકથા : આલેખનાર શ્રી ધુરંધર



કનુ માને છે કે પોતે બહુ અચ્છો બૅટ્સમૅન છે. પોતાનો ફટકો એટલે બાઉન્ડરીનો ઘા. અને ખરેખર—



—તડાક! કરતોક ને દડો વંડીની બાઉન્ડરી કુદાવીને બહાર કામ કરતા એક મજુરના વાંસામાં!



પાછળ શું થયું તે જાણ્યા વિના ભાઇ મલકાય છે, 'કેમ, કેવો આબાદ ફટકો?' પણ—



ત્યાં તો ખબર પડી કે પોતાની પીઠ પર પણ આબાદ ફટકો પડવાની તૈયારી છે.--પોબારા!

નવું સાહિત્ય

સૌદામિનીના ચમકાર જેવો પોતાની બુદ્ધિ-પ્રતિભાનો ચમકાર અલ્પ સમય ચમકાવી એક જુવાન આજથી એક વર્ષ પર (૧૯૨૭ના નવેમ્બરની ૧૩મીએ) વિલીન થઇ ગયો ત્યારે એને પિછાનનારાઓમાં જે ક્લેશ ફેલાઇ રહ્યો હતો એનું કરુણ સ્મરણ આ વર્ષે એનો બહાર પડેલો લેખસંગ્રહ જોતાં થાય છે. અનેક સ્નેહીઓનો લાડકો, મિત્રોનો મોંઘો ને વિદ્યાર્થીઓનો માનીતો એ સ્નેહી, મિત્ર ને અધ્યાપક, બીજની ઇંદુલેખા જેવો અલ્પાયુ પણ આદરણીય ને રમણીય બની ગયો. ૨૫ વર્ષની ઉગતી વયે ઉડી ગએલા એ જુવાન પ્રો. ગજેન્દ્રરાય બુચે 'વિદ્યાર્થી તરીકે, અધ્યાપક તરીકે, સ્નેહી કે મિત્ર તરીકે, વિવાદશાસ્ત્રી, કવિ, વક્તા ને ગુજરાતી તથા અંગ્રેજી લેખક તરીકે વિવિધ વિસંવાદી તત્ત્વો ઉપર વિજય પ્રાપ્ત કરી જે મધુર સુરીલો મેળ પોતાના જીવન ને કવનમાં એટલી નાની ઉમરમાં રચ્યો છે તેનો જોટો ગુજરાતમાં નથી.' એને નહિ પિછાનનારાઓને એની એ શક્તિઓનો પરિચય કરાવે એવો એનાં ગદ્ય ને પદ્ય લખાણો તથા પત્રોનો સંગ્રહ પ્રો. રમણલાલ યાજ્ઞિકે સંપાદિત કરીને સ્વર્ગસ્થના જીવન ને કવન ઉપર એક વિસ્તૃત નોંધ સાથે હમણાં પ્રગટ કર્યો છે. પોતાના પ્રાંતની આથમેલી પ્રતિભાનાં સ્મરણ સાચવવા, હાજીમહમ્મદના સ્મારક-ગ્રંથ ને કાન્તની કાન્તમાળાની જેમ ગુજરાત આ **ગજેન્દ્રનાં મૌક્તિકો** સંઘરી રાખે અને ખીલતાં જ કરમાઇ ગએલા પોતાના એ કુસુમના પરિમલ એના સ્મરણમાં સાચવી રાખે એવી અમારી ભલામણ છે. બે રૂપિયાની કીમતે પ્રત્યેક જાણીતા બુકસેલર પાસેથી અથવા ગુલાબરાય બુચ, નાગરશેરી ગોંડલ એ સરનામેથી એ પુસ્તક મળશે.

કાઠિયાવાડની સંસ્કારગાથાઓ વીણી સંઘરીને આપણને આપવાના શ્રી ઝવેરચંદ મેઘાણીના એકધારા વહ્યા જતા પ્રયત્નનું એક વધુ ને નવું દર્શન, સૌરાષ્ટ્ર કાર્યાલયે હમણાં બહાર પાડેલા **સોરઠી સંતો** (ભા. ૧)માં આપણને થાય છે. વીરકથાઓ ને વ્રતકથાઓ તથા લગ્નગીતો ને લોકગીતો આપ્યા પછી આ સંતકથાઓમાં એમણે, કાઠિયાવાડમાં ઠેરઠેર થઇ ગએલા, જનતાના નીચામાં નીચા પડ સુધી ઉતરેલા ઈશ્વરપ્રેમી ને સેવાભાવી લોક-સંતોનાં બયાનો આપ્યાં છે. સૌરાષ્ટ્રની આ સાહિત્યશ્રેણીનો વધુ પરિચય કરાવવાપણું હોય નહિ. કાચા પુંઠાના આઠ આના; પાકાના બાર આના.

કુમારના છેલ્લા પાનામાં દરેક વાંચનાર રસ લે છે, કેમકે એમાં સર્વદેશી જ્ઞાન હોય છે. એવી માહીતીઓનો એક સંગ્રહ સુરતના ગાંડીવ કાર્યાલયે 'કચુંબર'ના નામથી અગાઉ પ્રગટ કર્યો હતો; પાછો બીજો હમણાં **મેઘધનુષ**ના નામથી પ્રગટ કર્યો છે. સૌને રસ પડે એવો હોય એમાં તો નવાઇ જ નહિ. સપ્તરંગી પુઠું ને ચાર આના કીમત.

આ અંકના છેલ્લા પાનામાં જે પહેલી ટુંકી વાત આપી છે એ ગાંડીવે હમણાં બહાર પાડેલા **નવનીત** નામના નાનકડા પુસ્તકમાંથી છે. જીવનના નવનીત જેવા ટુંકા ચરિત્ર-પ્રસંગોનો એ નાનકડો સંગ્રહ ત્રણ આનામાં ચિત્રો સાથે મળે છે તે દીવાળીએ કોઇને ભેટ મોકલવા જેવો છે.

વિસરાતા જતા લોકધનને સંઘરવાના શ્રી મેઘાણીના પ્રયાસે અનેક દિશામાં જે પ્રેરણા પ્રસારી તેનું એક ફળ તે **ખાયણાં.** લોકનારીની હૃદયવેલ પરથી સુકાઈ–કરમાઈ જતાં કવિતાનાં અંકુરોનો પરિચય કરાવતા આ નાનકડા સંગ્રહમાં ગુજરાત તરફનાં લોકગીતો શ્રી ઈશ્વરલાલ વીમાવાળાએ સંઘર્યાં છે શ્રી મેઘાણીએ એનો પ્રવેશક લખી પરિચય કરાવ્યો છે. સુરતના ગાંડીવ કાર્યાલયમાંથી મળશે.

'જૈન ધર્મવીરોનાં તપ અને સંયમની, અથાગ ક્ષમા અને અપાર કરુણાની, પરમ ઔદાર્ય ને અજોડ અર્પણની દસ કથાઓને વિવેકપૂર્વક વીણી,' નવા સ્વરૂપે, ઠરેલી અને સાદી છતાં સંસ્કારી અને અસરકારક ભાષામાં ભાઇ સુશીલે **અર્પણ** નામના પુસ્તકમાં ઉતારી છે. એના ઉપોદ્ઘાતમાં કહ્યું છે તેમ એ 'જૈનોના વીતરાગધર્મનું નવનીત' છે. સમસ્ત કુમારકુમારીઓના વાંચન માટે અમે ભલામણ કરીએ એવી સંપ્રદાયના રંગ વિનાની ને રસભર એ છે. ભાવનગર જૈન પત્રની ઑફિસમાંથી સવા રૂપિયાની કીમતે ઉંચા ફેધરવેઇટ કાગળ પર મહેનત કરીને છાપેલા પુસ્તકરૂપે એ મળે છે.

આનંદધારા (ભાગ ૧): બાળકો માટે રસમય વાર્તાઓનો આ સચિત્ર સંગ્રહ જુદાજુદા લેખકોની વાર્તાઓ એકઠી કરીને બાલજીવનના તંત્રી રમણલાલ શાહે યોજેલો તેની બીજી આવૃત્તિ બહાર પડી છે. પ્રકાશક, કરસનદાસ બુકસેલર, નાણાવટ, સુરત. ૦-૬-૦

સાદી શીખામણ (પુસ્તક પમું) સંગ્રહકર્તા અને પ્રકાશક, મગનલાલ શંકરભાઇ પટેલ, ગુગડી દરવાજે પાટણ; કીમત રૂા. ૩

પુનર્લગ્નનિષેધ અને **સ્પૃશ્યાસ્પૃશ્ય વિવેક:** પ્રકાશક શ્રી સનાતનધર્મપ્રવર્તક મંડળ, ભાવનગર; ૦-૩-૦

હું, સુંદરલાલ અને મિત્રમંડળ અને **શ્રી નિર્મળ કાવ્યમાળા:** લેખક, વાડીલાલ જીવાભાઈ ચોકસી; પ્રકાશક, યંગમેન્સ જૈન સોસાએટી ઓફ ગુજરાત, અમદાવાદ; ૦-૨-૦

શ્રી ભગિનિસમાજ (મુંબાઇ)નો પરિચય (તેના ૧૨મા વાર્ષિક વૃત્તાંત સાથે)



માધુકરી

આવી યુવા, અમર લોકની એક દેવી,
લાવી ઉજાસ ઉડતાં નિજ અંબરોમાં;
એ આંખના સુસવતા પવનો અડયા ત્યાં
જાણે કંઇ ઝણઝણ્યા ઉર તાર ઝીણું.
એ ચંદ્રિકા કર થકી કદાચ ઉછાળે,
એ મોહિની અમર ને અસુરો રમાડે:
એ વિજળી કયમ વસે ઉર માનવીને?
એ જાહ્નવી જીરવશે જન કો જટામાં?

—સ્વ. ગજેન્દ્રરાય બુચ

રંગીનોનો રાષ્ટ્રનાયક

ગોરી કાળી જાતિઓનો વિગ્રહ એ કંઇ એકલા દક્ષિણ આફ્રિકામાં જ પ્રધાન નથી. સંસ્કૃતિ, સમાનતા અને પ્રગતિનો દાવો કરનાર અમેરિકામાં પણ એ અનિષ્ટ આજે એટલું જ ઉગ્ર છે. થોડા વખત પહેલાં મારા હાથમાં અમેરિકાનું 'ક્રાઇસિસ' નામે માસિક પત્ર આવ્યું. ડૉ. દુબ્વા નામે સેવાવ્રતધારી સદ્‌ગૃહસ્થ તેનું તંત્ર ચલાવે છે. તેઓશ્રી મારા મિત્ર છે. એની નસોમાં ફ્રેન્ચ લોહી વળકે છે, છતાં એને બાલે અમેરિકાએ 'રંગીન જાતિ'નો બિલ્લો ચોડયો છે, કારણકે માતૃપક્ષે તેનામાં દક્ષિણ અમેરિકાના હબસીનું લોહી વહે છે. એનામાં છલોછલ વિદ્વત્તા ભરી છે. એની લેખિનીમાં સૌદામિનીના ચમકાર છે. અર્થશાસ્ત્રનાં જાદુનો તે પાવરધો જાણકાર છે. માનસશાસ્ત્રનું એનું મંથન અજોડ છે. અંગ્રેજી ભાષા ઉપર એને કુદરતી પ્રભુત્વ છે. મારે એની સાથે અમેરિકામાં ઓળખાણ થયું. હું પણ રંગીન જાતિનો, પરાધીન પ્રજાનો અને દુઃખી દેશનો માણસ રહ્યો. અમારી એટલી સમાનતાએ અમને એકબીજા પ્રત્યે આકર્ષ્યા.

અમેરિકાની રંગીન પ્રજા વચ્ચે ડૉ. દુબ્વા રાષ્ટ્રવિધાયક છે: પોતાની જાતિની આખી કરુણ જનતાને એણે અંત્તારણીય લડતની તાલીમ આપી છે. સ્વાશ્રય અને સ્વમાનની ભાવના એણે સુધરેલા હબસીઓને આંગણે આંગણે પ્રદીપ્ત કરી છે. એની જ કોમનો એક મહા નર બુકર ટી. વૉશિંગ્ટન હતો. એણે પોતાની અજબ શક્તિ અને પ્રતિભા વડે આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા મેળવી હતી. પણ એના જાતીય સ્વાધીનતાના વિગ્રહના વિજયનું રહસ્ય તેને સફેદ અમેરિકનોએ આપેલી સહાયમાં હતું. શ્વેત કોમને એની મધુર વાણી ને મૃદુ વર્તન પ્રત્યે મોહ ઉપજ્યો, અને એની કોમના ઉદ્ધારકાર્યમાં હાથ દીધો. બુકર ટી. વૉશિંગટન પોતાની કાર્યપદ્ધતિમાં અમેરિકાનો ગોખલે હતો. વિરોધ વિના કામ લેવાની તેનામાં કુનેહ હતી.

પણ ડૉ. દુબ્વા તો જન્મે જ કોઇ અનોખી પ્રકૃતિનો આદમી છે. એનું પાણી અનેરા પ્રકારનું છે. જન્મથી જ એ બંડખોર પુરુષવર અન્યાય અને અનિષ્ટ સામે પ્રચંડ રણજંગ મચાવવામાં જ માને છે. બુકર ટી. વૉશિંગ્ટનની કાર્યપદ્ધતિમાં એને રંચ પણ શ્રદ્ધા નથી. વૉશિંગ્ટના અવિરોધી વલણ સામે એણે બળવો ઉઠાવ્યો. વૉશિંગ્ટને સ્વીકારેલું ગોરાઓનું વાલીપણું ને રક્ષણ એના હૃદયને સાલ્યું. એણે તો એના જાતભાઇઓને બુલંદ અવાજે સંદેશ સંભળાવ્યો કે તમે તમારા અધિકારો માટે અડગ ઉભા રહો અને ગોરાઓએ ફેંકેલા ટુકડાને ઠોકરે મારો. એણે સ્વમાનપૂર્ણ, પ્રામાણિક, ધૈર્ય અને મર્દાનગીભરી સીધી લડાઇનાં પડઘમ બજાવ્યાં. સ્વજાતિ ઉપર સ્વાર્થી દાંતાવાળું હળ ખેડનાર ગોરાઓ સામે પરબારા મોરચા માંડવા એણે તરુણોને હાકલ દીધી. સિદ્ધાન્ત અને સ્વમાનને ભોગે મળતા ક્ષણિક લાભોને એણે તુચ્છકાર્યા. વિનીતતા એના સ્વભાવમાં નહોતી. એના નેજા નીચે, એની ઉદ્દામ, માદક ને પ્રેરણાવતી વાણીના પ્રવાહનાં ઘસડયાં તરુણ નરનારીઓ ટોળે મળ્યાં.


જીવન અર્પણ કરવા એક પગે ખડા થનાર એવા કાળા-રંગીન-તરુણોનું એણે જાતિઉદ્ધારક મંડળ સ્થાપ્યું. તુરત જ એણે લોકમતને કેળવવા 'ક્રાઇસિસ' નામે પત્ર શરૂ કર્યું. એની કટારોમાંથી ડૉ. દુબ્વાએ આઝાદીના ગેબી સંદેશો સુણાવવા માંડયા. પોતે નિયત કરેલી નીતિ ઉપર કામ કરવા એણે આખી કોમનું સંગઠન કર્યું. આજે ત્રીસ વર્ષથી એ માસિક પત્ર પરતંત્રતા અને રંગ-જહાંગીરી ઉપર કારમા ઘણપ્રહાર કર્યે જાય છે અને એ સ્વાધીનતાની સંસ્થા ડૉ. દુબ્વાની સરદારી નીચે સંગીન કાર્ય કર્યે જાય છે.

(લાલા લજપતરાયના લેખને આધારે) —સૌરાષ્ટ્ર

ઑન. વિઠ્ઠલભાઇ પટેલ

કરમસદના બે પટેલ ભાઇઓ વલ્લભભાઈ ને વિઠ્ઠલભાઇએ રાજકીય ક્ષેત્રમાંનાં પોતાનાં પરાક્રમોથી લગભગ જગત-નામના મેળવી છે. બંનેના માર્ગ જોકે જુદા છે, છતાં કર્તવ્યની ઉગ્રતા, નિશ્ચયાત્મક બુદ્ધિ અને અણનમ કાર્યસિદ્ધિમાં બંને એક-બીજાથી ચડે એવા છે. સત્યાગ્રહના સરદાર તરીકે વલ્લભભાઇનું નામ તો ગુજરાત અને હિંદની જીભને ટેરવે રમતું થઇ ગયું છે, અને શ્રી મહાદેવભાઇએ એમનું રેખાચિત્ર દોરી હમણાં જ ગુજરાતી જનતાને એમની જીવનરેખાનો વધુ નિકટનો પરિચય આપ્યો છે. પણ મોટાભાઇનાં પરાક્રમો એથી કોઇ રીતે ઉતરતાં નથી. બૅરિસ્ટર થયા પછી મુંબાઇમાં રાજકીય ક્ષેત્રમાં અગ્રણી, મ્યૂનિસિપલ કૉરપોરેશનના અધ્યક્ષ ને મુંબાઇ ધારાસભામાં મોવડી થઇ ત્યાંથી સમસ્ત હિંદની વડી ધારાસભાના પ્રમુખપદે એ કેવાંકેવાં પરાક્રમો કરી પહોંચ્યા છે અને કેટલી નીડર, અડગ અને સમર્થ કાર્યપ્રણાલિથી એમણે આ બધી જગ્યાએ સરકારી તંત્ર સામે બાથ ભીડી તેને હેરાનપરેશાન કરી મુક્યું છે એનો ઇતિહાસ રસમય છે. બીજા કોઇ જાગૃત દેશમાં તો પ્રજાના આવા શક્તિશાળી લોકનેતાની જીવનકથા ક્યારની લોકોનાં અંતરમાં પેસી ગઈ હોય; પણ આપણે ત્યાં તો જનતા હજી એમને પુરી પિછાનતી પણ નથી. આવી અંગ્રેજ સરકારની રાજરમત સામે થઇને હિંદની વડી ધારાસભાના પ્રમુખપદે પહોંચવું, ત્યાં ટકી રહેવું, તેને હંફાવવી અને થથરાવવી એ રમતવાત નથી. અત્યાર સુધી જે પદે અંગ્રેજો જ બિરાજતા, અંગ્રેજોનો જ જે ઈજારો ગણાતો એ પદ સર કરનાર એ પહેલા હિંદી છે. એ પદધારી તરીકેનો એમનો થોડો પરિચય શ્રી મહાદેવ દેસાઇએ 'નવજીવન'માં આપ્યો છે તે જ આ નીચે ઉતારીને હમણાં તો સંતોષ માનીએ છીએ

'સીમલાની વડી ધારાસભા જોવાથી ઉપજેલી આ બધી નિરાશામાં કાંઇ આશા જોવાની મળતી હોય તો તે વડી ધારાસભાનું સુકાન આજે ચલાવી રહેલા પ્રમુખ વિઠ્ઠલભાઇનાં પરાક્રમો આપે છે. જાડી, છ આઠ નંબરના સુતરની ખાદીનું ઘુંટણ સુધી પહોંચતું પહેરણ, દૂરથી જોનારને પણ શુદ્ધતા વિષે શંકા ન આવે એવું જાડુ ખાદીનું ધોતિયું અને મોજાં વિનાના ખુલ્લા પગ ઉપર ધોળાં સ્લિપર પહેરીને પ્રમુખ સાહેબ ઍસેમ્બ્લીમાં જાય છે, વાઇસરૉયને ત્યાં જાય છે, ડિનર પાર્ટીઓમાં જાય છે. 'સ્પીકર' (પ્ર–મુખ) તરીકે ચાલતાં ચાલતાં આમની સભાની રૂઢિઓ, ધારાધોરણો અને શિષ્ટાચારોનો ઉલ્લેખ કરતા, મોટમોટા મહારથીઓને પણ આ કાયદાઓ અને 'શરિયતો'ના અભ્યાસથી દલીલમાં મહાત કરતા પોતે પ્રચલિત રૂઢિઓની—એટલે કે સીમલાના વાતાવરણમાં સ્વીકારાએલી રૂઢિઓની—આગ્રહપૂર્વક અવગણના કરે છે. એ ખાદીધારી પ્રમુખ સાહેબને જોઇને હૉટેલના નોકરો પણ ખુશ થાય છે: 'હાં, સાહેબોની પાસે પણ સલામ કરાવનારા આ સાહેબ સારા.' અને તેમની પહોંચ, અભ્યાસ,



અગમચેતી અને સમયસૂચકતા જોઇને પંડિત મોતીલાલજી જેવા નિષ્ણાત નેતા પણ ઘણી વાર આશ્ચર્યમાં ગરક થાય છે. આ એમની શક્તિ, ચતુરાઈ અને કાર્યસિદ્ધિના મુળમાં એક જ વસ્તુ રહેલી છે—એમને આ દુનિયા ઉપર એકે પ્રકારનો સ્વાર્થ નથી; એમને ચોવીસે કલાક પોતાના કાર્યથી દેશહિત કેવી રીતે સાધવું એ જ ધ્યાન હોય છે. પરિણામે એમણે સૌનો અસાધારણ વિશ્વાસ પ્રાપ્ત કરેલો છે. સરકારી સભ્યો એમના સ્વતંત્ર મિજાજની આગળ ઘણી વાર પહોંચાં કરડે છે, અને ક્યારે કેવી રીતે પ્રમુખ સાહેબના વાંકમાં આવી જઇશું ને કદાચ માફી માગવી પડશે એવા ડરથી થથરે છે. એક બે છાપાંવાળાઓએ એમના નિષ્પક્ષપણા વિષે એમના ઉપર અણછાજતા હુમલા કર્યા, તેમની એમણે સખત ઝાટકણી કાઢી, અમુક હુમલામાં સરકારી સભ્યોનો હાથ હોય તો સરકારે અફસોસ દર્શાવવો જોઇએ એવો આગ્રહ ધર્યો, ને યોગ્ય કરાવ્યું પણ ખરૂં. છાપાનો એક અંગ્રેજ પ્રતિનિધિ એક સજ્જન સાથે વાત કરવા ઇચ્છતો હતો. એ સજ્જન પ્રમુખ સાહેબના અતિથિ તરીકે તેમની ગૅલેરીમાં બેઠા હતા. પેલા પ્રતિનિધિને એ સજ્જને કહ્યું, 'અહીં આવોને, આપણે વાતો કરીએ.' પ્રતિનિધિએ ભડકીને કહ્યું, 'ના, ભાઈ; પ્રમુખ સાહેબની આંખો કેવળ ધારાસભાના સભ્યો ઉપર જ હોય છે એમ ન સમજશો. એમની આંખ તો દશે દિશામાં ફરે છે. અને મારા નિયત સ્થાનથી ખસીને હું તમારી ગૅલેરીમાં આવું તો પ્રમુખ સાહેબ મારી ધુળ કાઢી નાખે!' અયોગ્ય વર્તન—વાણી અને આચાર બંનેનું—કરતા દરેક સભ્યને થથરવું પડે એવું વાતાવરણ ઉત્પન્ન કરનાર પ્રમુખ વિરલા હોય છે. પોતાની કર્તવ્યનિષ્ઠાથી એ સ્થિતિ લાવી મુકીને, ભારે નીડરતાથી આ પ્રમુખે પોતાની ખુરશીને અજબ રીતે શોભાવી છે.'

જમીનની તાણાતાણી

હિંદુસ્તાનમાં માણસ મજુરી કરીકરીને મરી જાય તોયે મહિનામાં સરાસરી ત્રણ રૂપિયા તે ભાગ્યે જ કમાઈ શકે છે; ત્યારે અમેરિકા, કેનેડા, ઑસ્ટ્રેલિયા કે ઇગ્લંડમાં રહેનારા રોજના બેત્રણ રૂપિયા સહેજે પાડી શકે છે.

કાઠિયાવાડીઓ અને મારવાડીઓ, જોડિયા (યૂ.પી.) પ્રાંતના ભૈયાઓ અને પંજાબના શીખો, મહારાષ્ટ્રના ઘાટીઓ અને તામીલ નાડના સ્વામીઓ પેટગુજારો કરવા સારૂ દેશ છોડી હિંદુસ્તાનનાં મોટાંમોટાં શહેરોમાં યા દરિયાપાર જઇ વસવા લાગ્યા છે. તેમ છતાં તેમની ભુખ ભાંગતી નથી; કારણકે માણસજાતની મોટામાં મોટી જરૂરિયાત જે જમીન તે જ ગોરાઓએ પચાવી લીધી છે. આપણે જરા આંકડા તપાસીએ.

આપણી દુનિયાનો—એટલે પાંચે ખંડોનો—વિસ્તાર ૫ કરોડ ૩૦ લાખ (સવાપાંચ કરોડ) ચોરસ માઇલ છે. આ સવાપાંચ કરોડ ચોરસ માઇલ પર આશરે ૧૯૦ કરોડ માણસો મુખ્ય પાંચ પ્રજાઓમાં નીચે પ્રમાણે વહેંચાઇ ગએલાં છે: ૭૦ કરોડ પીળી પ્રજા; ૬૦ કરોડ ગોરી પ્રજા; ૪૦ કરોડ ઘઉંવર્ણી પ્રજા; ૨૦ કરોડ કાળી પ્રજા. આ આંકડાઓ પરથી એ જોઈ શકાય છે કે દુનિયામાં માનવ વસ્તીનો ત્રીજો ભાગ તો પીળી પ્રજાનો બનેલો છે. પણ તેની સત્તા દુનિયાના દસમા ભાગમાં યે ચાલતી નથી.

દુનિયાના ૫ કરોડ ૩૦ લાખ ચોરસ માઇલના વિસ્તામાંથી ૪ કરોડ ૭૦ લાખ ચોરસ માઇલ પર તો ગોરાઓનો વાવટો ફરકે છે. બીજી રીતે કહીએ તો દુનિયાનો $\frac{9}{10}$ ભાગ ગોરાઓ પોતાનો બાપીકો મુલક કરીને બેસી ગયા છે. ગોરા મુલકના દરવાજા પીળી, ઘઉંવર્ણી કે કાળી પ્રજાને માટે સદંતર બંધ છે. પણ અત્રે બધા ય ગોરા મુલકોની વાત બાજુએ મુકી, આપણા બ્રિટિશ રાજ્યનો જ વિચાર કરીએ

બ્રિટિશ રાજ્યમાં કોઇ દહાડો સૂર્ય આથમતો નથી. પૃથ્વીના ચોથા ભાગમાં બ્રિટિશ રાજ્યની આણ વર્તે છે અને બ્રિટિશ રાજ્યની વસ્તી પણ દુનિયાના ચોથા ભાગ જેટલી–૪૬ કરોડ–છે. પણ આ ૪૬ કરોડમાંથી ૩૨ કરોડ હિંદીઓ, અને આફ્રિકા તથા બીજી વસાહતોના ૬ કરોડ કાળા લોકોને બાદ કરીએ તો ગોરા માત્ર ૬ કરોડ ૬૦ લાખ (સાડા છ કરોડ) રહી જાય છે. અને આમાંથી પણ બ્રિટિશ રાજ્યમાં વસતા બીજા ૭૦ લાખ ગોરાઓ બાદ કરીએ તો માત્ર ૫૯૦ લાખ જ અંગ્રેજો બ્રિટિશ રાજ્યમાં વસે છે. હવે ગ્રેટ બ્રિટનમાં રહેતા ૪૭૦ લાખ બાદ કરો અને પછી જુઓ કેટલા અંગ્રેજો દુનિયાના એ ચોથા ભાગ પર હકુમત ચલાવે છે? માત્ર સવા કરોડ. એટલા માણસો ભેગા થઇને ચોથા ભાગની દુનિયાનું રાજ્ય જમાવીને બેસી ગયા છે.

ફીજી, મોરિશિયસ કે ન્યૂ ગીની જેવા ગરમ મુલકમાં તો ગોરાઓ વસવાનું પસંદ કરતા નથી. તેથી આવા દેશોમાં તેઓ પ્રથમ દેશીઓને ગીરમીટ તરીકે વસાવે છે અને દેશ ફળદ્રુપ બને, રોગમુક્ત બને એટલે ત્યાં પણ દેશીઓને કનડવામાં આવે છે. બ્રિટિશ રાજ્યના સોનાના કટકા જેવા ફળદ્રુપ મુલકો—કેનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅંડ કે ન્યૂ ફાઉન્ડલૅન્ડ—માં દેશીઓને વસવાટ કરવાની સખ્ત મનાઇ છે. ઉપરના દેશોનો કુલ વિસ્તાર લગભગ ૮૦ લાખ ચોરસ માઈલ છે અને તેમાં માત્ર ૧૭૦ લાખ ગોરાઓ જ વસે છે. એટલે દુનિયાના સાતમા ભાગમાં દુનિયાની વસ્તીનો સોમો ભાગ જ રહે છે.

એકલો ઑસ્ટ્રેલિયા ખંડ જ એટલો બધો વિશાળ ને ફળદ્રુપ છે કે તેમાં સહેલાઇથી ૨૦ કરોડ માણસો સુખેથી રહી શકે. ત્યાં ઑસ્ટ્રેલિયામાં માત્ર ૬૦ લાખ માણસો—લંડન કરતાં યે ઓછાં રહે છે. અને જો સિડની જેવાં બેચાર શહેરોની વસ્તી ન ગણીએ તો ત્યાં દર ચોરસ માઇલે ૧ માણસ યા તો ૫ ચોરસ માઇલે ૧ કુટુંબનું વસ્તીપ્રમાણ આવે છે.

જ્યારે ઑસ્ટ્રેલિયાથી ૮૦૦ માઇલને અંતરે આવેલ ૫૦ હજાર ચોરસ માઇલના વિસ્તારવાળા જાવા ટાપુમાં દર ચોરસ માઇલે ૭૦૦ માણસ રહે છે! જાવા જેવડા નાના ટાપુમાં ૩॥ કરોડ એટલે ઑસ્ટ્રેલિયા ખંડ કરતાં છ ગણી વસ્તી વધારે રહે છે.

પીળી પ્રજા ચોરસ માઇલે ૧૩૦ના દરે વસેલી છે. ટુંકમાં જ્યારે પીળા ને ઘઉંવર્ણા લોકો જમીનના અભાવે ભુખે મરતા હોવાથી જમીન માટે ટળવળવા લાગ્યા છે ત્યારે મુઠ્ઠીભર ગોરાઓ સામ્રાજ્યના મદમાં છકી જઇને ગોરા સિવાય બીજા કોઇને ફળદ્રુપ પ્રદેશમાં ઘુસવા દેતા નથી.

ગોરાઓ પોતાના મુલકમાં સ્વતંત્ર અને સુખી છે. તેથી તેઓ ઑસ્ટ્રેલિયા કે કૅનેડા જેવા દેશમાં જવા ખુશી નથી. તેથી એ ફળદ્રુપ મુલકો આબાદ થઇ શકતા નથી. જેમ કુતરો ઘાસ ખાય નહિ અને ગાયને ય ખાવા દે નહિ તેમ સંસ્કૃતિનું ભડકામણું નામ આપીને ગોરાઓ અને ખાસ કરીને અંગ્રેજો માણસજાતને જમીનથી વંચિત રાખી રહ્યા છે.

આજે પીળી પ્રજા જોરમાં આવવા લાગી છે, કાળી પ્રજામાં યે રાષ્ટ્રીય જાગૃતિના ફણગા ફુટવા લાગ્યા છે અને જ્યારે ઘઉંવર્ણી પ્રજામાં—આપણામાં યે—ખરો પ્રાણ રેડાશે, આપણે સ્વતંત્ર થશું, ત્યારે સર્વ પ્રજાઓ એક થઈ, જે સૈકાઓ થયાં તેમના પર અણઘટતો અન્યાય અને જુલમ ગુજરવામાં આવ્યો છે તેનો હિસાબ લીધા વિના નહિ છોડે.

(હસ્તલિખિત મધપૂડામાંથી) છગનલાલ ન. જોષી

ભમતો વિદ્વાન

રશિયા અને જર્મનીની વચ્ચે લેટ્વિયા નામનો મુલક આવેલો છે. તેની રાજધાની રીગા છે. એ મુલકના આ મિ. ઘૅંકી દેશની એક દમડી પણ બગાડ્યા વિના દુનિયાની મુસાફરીએ નીકળ્યા છે. પોતાની પાસે પાંચ ભાષામાં છાપેલી પત્રિકા રાખે છે તે જ્યાં જરૂર પડે ત્યાં બતાવે છે. તેમાં આમ લખેલું છે: '૧૯૨૫ના મેની ૫મી તારીખે મારા દેશ

લેટ્વિયાની 'ભૂગોળ-જ્ઞાન-સભા' તરફથી દુનિયાભરમાં એક ચક્કર મારવા નીકળ્યો છું. ભૂગોળ સંબંધે કેટલીક ઉપયોગી વિગતો ને વર્ણનો ભેગાં કરી એ વિષયના જ્ઞાનમાં વૃદ્ધિ કરવાના ઇરાદાથી મેં આ પ્રવાસ આદર્યો છે. તેમાં જે જે પ્રજાઓને હું મળું તેમના ફોટોગ્રાફો ને તેમને વિષે સત્ય હકીકત પ્રાપ્ત કરવાનો આશય પણ છે. આ યોજના પાર પાડવાને મારા પ્રબળ સંકલ્પ સિવાય કંઇ જ આધાર મારી પાસે નથી; એટલે આ પત્રિકાથી હું આપને વિનંતિ કરું છું કે મારી સાધનોની મુશ્કેલીઓ ઓછી કરી આપી મને મદદ કરશો.'

આ ઉપરાંત તેની પાસે તેના દેશના કૉન્સલનું સર્ટિફિકેટ છે. ખાસ નવાઈની વાત તો એ છે કે ઘેરથી એક પાઇ પણ સાથે લીધી નથી.

જાન પૅકી જે દેશમાં જાય છે ત્યાંથી પૈસા મેળવતો લાગે છે. કોઇ મળે તો પોતાની નોટમાં તેના હસ્તાક્ષર પડાવી લે છે અને માલદાર હોય તો થોડી મદદ પણ મેળવી લે છે. કાઠિયાવાડમાં રાજા મહારાજાઓને પણ મળી તેમના ફોટોગ્રાફો, મોનોગ્રામો વગેરે હાથ કરી ઘણું સુંદર આલ્બમ કરતો જાય છે. ૧૯૩૦માં પોતાના મુલકમાં પહોંચવાનો તેનો વિચાર છે. ત્યાં સુધીમાં તે આખી દુનિયાની ઉપયોગી માહીતી તથા તેના વિવિધ ફોટોગ્રાફ વગેરે ઘણું મેળવી શકશે. છેવટે તેની સોસાએટી પણ તેની કદર કરશે. અને આ બધામાં જોવાનું એ કે તે પોતાના દેશનું એક પાવલું સરખું યે ખર્ચશે નહિ. આપણો શ્રીમાન વર્ગ લાખોનાં આંધણ કરી પરદેશોમાં મહાલી આવે છે પણ ત્યાંથી આ દેશને લાભકારક કશું જ લાવતા નથી, તેમ જ્ઞાનવૃદ્ધિ પણ કરતા નથી; બલ્કે પરદેશના ખર્ચાળ ફૅશનફિશિયારીઓની નકલ કરી પોતાના ગરીબ દેશવાસીઓમાં અસંતોષ અને ભેદ ફેલાવે છે.

પૅકી પાસે સાધનમાં એક કારબાઇન કૅમેરા છે. તે વડે એ ફોટાઓ લે છે. ક્યાંક સારો ફોટોગ્રાફર મળે તો તૈયાર ફોટોગ્રાફો પણ રાખી લે છે. દરેકને પોતાની ઓળખ અને પેલી પત્રિકા બતાવી બને તેટલાં ઓછાં દોઢિયાં ખર્ચે છે.



દુનિયા આખી ભમેલો એટલે તેનામાં આવડત તો ઘણી હોય જ; વળી તે રમુજી પણ બહુ છે. મુસાફરી કરતાં કરતાં દસ નવી ભાષા તે શીખી ગયો છે. અમારે ત્યાં તેની ફિલ્મો ધોવડાવવા તે આવ્યો હતો ત્યારે કોઇને રામરામ, કોઇને સલામ કોઇને જયજય ને કોઇને આમીન એમ હિંદુસ્તાની બોલીને હસાવતો. અમે તેની છબી પાડી પણ તેનો કાચ તો એ સાથે લઇ ગયો અને બદલામાં પોતાની સહીવાળો આ ફોટોગ્રાફ આપતો ગયો. —પંચાણભાઇ વારા (જામનગર)

દાતણ

મનુષ્યજીવનની ઉંચી વાતો કરવાનો જેમને અભ્યાસ થઈ જાય છે તેઓ ઘણી વાર નાનીનાની વાતો પર લક્ષ આપી શકતા નથી. છતાં યે બને છે એવું કે આવી નાનીનાની વાતો જ સરવાળે જીવન પર ભારે અસર કરે છે.

આવી એક નાની વાત દાતણની છે. દાંતના આરોગ્ય પર આખા યે શરીરના આરોગ્યનો મોટો આધાર છે એ હવે તો સિદ્ધ થઈ ચુક્યું છે. જેમના દાંત બગડ્યા અથવા ગયા તેમનું આરોગ્ય અમુક રીતે બગડ્યું અથવા ગયું જ સમજવું. દાંતને સારી સ્થિતિમાં જાળવી રાખવા માટે દાતણ કરવાનો રિવાજ ઘણો સુંદર ઉપાય છે. દરરોજ સવારે ઉઠીને સૌએ દાતણથી દાંત, પેઢાં વગેરે સાફ કરવાં જ જોઇએ.

પણ બને છે એવું કે આપણાં ઘરોમાં છોકરાંને દાતણ કરવાની ટેવ નાનપણથી પાડવામાં આવતી જ નથી, એટલે રીતસર દાતણ કરવાનું તો ઘણી વાર બહુ મોટી ઉમરે આવે છે. હું નાનો હતો ત્યારે દાતણને આડુંઅવળું ચાવી ઉળ પણ ઉતાર્યો વિના ફેંકી દેતો. દરેક જણ સવારમાં દાતણ કરે જ કરે એવું થવાની સૌથી પહેલી જરૂર છે. ઘરમાં માબાપોએ આ બાબત પર ખાસ ધ્યાન આપવું જોઇએ.

પણ દાતણ કરવાનો હેતુ ન સરે તો દબાણ કર્યું શા કામનું? દાંત બધા બરાબર સાફ થાય, દાંતોની વચ્ચે ભરાઇ રહેલા પદાર્થો નીકળી જાય, દાંતનાં પેઢાં વગેરે અંગુઠા ને આંગળીથી બરાબર ઘસાય, ઉળ ઉતારતી વખતે ગળાની અંદરનો કફ વગેરે નીકળી જાય: આ રીતે દાતણ કરતાં શીખવવાની જરૂર છે. આરોગ્યપાલનના આવા પ્રશ્નોમાં નાનપણની સારી ટેવ ભારે મદદગાર બને છે. પણ એ ટેવો એકલી જ ચાલુ રહે ને યોગ્ય ઉમરે પણ એ ટેવોની પાછળ રહેલો શાસ્ત્રીય વિચાર આપવામાં ન આવે તો મુળિયાંમાં પાણી ન જવાથી ઝાડનાં ડાળપાન સુકાઈ જાય તેમ એ ટેવો ટકી શકતી નથી, યા તો પ્રતિકૂળ સંયોગોમાં તણાઇ જાય છે.

આપણે ત્યાં દાતણ સંબંધે કેટલીક રીતિઓ ચાલે છે. મારા નાનપણની એક વાત મને યાદ આવે છે. અમારા ઘરમાં દરરોજ તાજાં દાતણ લાવવાનો રિવાજ ન હતો. સુકાં દાતણને બેત્રણ દિવસ સુધી પલાળીને અમે ચલાવતા. કરકસરની દૃષ્ટિથી આ વસ્તુ ગમે તેવી હશે, પણ દાંતના આરોગ્યની દૃષ્ટિથી તો નુકસાનકર્તા જ હતી એમાં શક નથી. એક તો નાનાં છોકરાંને દાતણ કરવા બેસતાં જ ટાઢ વાય, અને તેમાં વળી આ રસહીન દાતણ! પછી તો કોનું દાતણ વહારે ઉંચું જાય છે એ હરીફાઈ જ ઉભી થાય ના? આવાં સુકાં દાતણ વાપરી લેવાની પ્રથા ઘરમાંથી દૂર કરવી જોઇએ.

વળી સારાંનરસાં દાતણોનો પ્રશ્ન પણ ઉભો થાય છે.

સાગટાં દાતણો હોય તેમાંથી કોઇને જરા જાડું આવે, કોઇને પુંછડિયું આવે. બધાને સુંદર દુધપાકિયાં દાતણ જોઇએ. દાતણ દાંતો વચ્ચે ઠીકઠીક માય તો જ દાતણ કરવાની લિજ્જત છે. મને લાગે છે કે કરકસરના પ્રશ્નને બાજુએ મુકીને પણ આ શોખ પોષવા જેવો છે ને ઘરમાં તેનો અમલ થવો ઘટે છે.

આટલો તો દાંતના આરોગ્ય પરત્વે દાતણનો વિચાર થયો. પરંતુ આજે આપણે જે રીતે દાતણ કરીએ છીએ તે રીતનો થોડોક વિચાર પણ કરી લઇએ, અને તે સામાજિક આરોગ્યની દૃષ્ટિથી મોઢામાં દાતણનો ડોચો લઇને ફરતા, મરજીમાં આવે ત્યાં થુ થુ થુંકતા, ગમે ત્યાં કુળ ઉતારતા અને દાતણની ચીરીને ગમે ત્યાં ફેંકતા આપણે સૌ આપણી આ રીતોથી સમાજના આરોગ્યને કેટલું નુકસાન કરીએ છીએ તેનો જરા યે વિચાર કરતા નથી. સુધરેલા દેશોમાં આજે જ્યાંત્યાં થુંકવાની મનાઈ થતી આવે છે ત્યારે આપણે ત્યાં તો આરસ જડેલા ઓરડાનો ખુણો પણ ભાગ્યે જ ચોક્ખો હોય! મુંબાઇના મોટામોટા માળાઓની સીડીઓ જોઇ આવો; ટ્રેનોના ડબ્બા તપાસો; રિચર્ડસન અને ક્રુડાસનાં સુંદર બાજરૂઓમાં જાઓ;–બધે થુંક, શેડા અને બીડીઓનાં ઠુઠાં! ગામડાંઓમાં જાઓ તો ત્યાં પણ નદીને કાંઠે કે કુવાની આસપાસ જ્યાંત્યાં દાતણની ચીરો રખડતી જ હોય. આ બધી નાનીનાની વાતો સામાજિક આરોગ્યનો કેટલો બધો વિઘાત કરે છે તે આપણે સમજી લેવું જોઇએ; દાતણ કરતી વખતે ઝાઝી હરફર કરવાને બદલે એક જગ્યાએ બેસીને થુંક, બડખા વગેરે યોગ્ય સ્થળે જાય એવો પ્રબંધ દરેક ઘરમાં થવો જોઇએ; ચીરોને જ્યાંત્યાં ન ફેંકતાં અમુક ચોક્સ સ્થળે વિદાય કરવી જોઇએ. દાંતના આરોગ્યનો વિચાર કરવાની સાથેસાથે સામાજિક આરોગ્યનો આટલો વિચાર ન કરીએ તો આપણાં ધર્મશાસ્ત્રોની ભાષામાં આપણે પાપી ઠરીએ.

(છાત્રાલય) —નાનાભાઇ

સ્વતંત્રતા

મેળો મળ્યો હતો. સંસારભરની વિવિધ વસ્તુઓ ત્યાં વેચવા મુકી હતી. એક છેડે સ્વતંત્રતાને પણ મુકી હતી. એનો માલિક વિકટ રૂપવાળો હતો. તેના મુખ પર ભયંકરતા હતી છતાં તેમાંથી તેજ, દૃઢતા ને વીરત્વ ઝળકી રહ્યાં હતાં.

એક બાજુ દાસત્વને પણ રાખ્યું હતું. એનો માલિક અતિ સુંદર હતો. તેની વાતોમાં મિઠાશ હતી, પણ તેમાં તે તેજ, તે દૃઢતા, તે વીરત્વ નહોતાં. પહેલામાં મરદાનગી હતી, આ બીજામાં સ્રીપણું હતું.

અહીંતહીંની વસ્તુઓ ખરીદીને સર્વ જણ આ બે ચીજ પાસે પણ જતાં. સ્વતંત્રતાના સ્વામીનું મુખ જોઇને સર્વ દૂર નાસી જતાં. દાસત્વના સ્વામીને જોઇને સર્વ તેની આગળ મલકાતાં આવતાં. સૌ સાથે તે મીઠીમીઠી વાતો કરતો. લોકો પુછતા 'કેમ ભાઈ, તમારો માલ વેચશો ? એની કીમત કહેશો ?' એ હસી પડતો, 'રે ભોળા લોકો, એનું મૂલ્ય જ નથી. એની સાથે તો મોટીમોટી ચીજ, ઓહ્દા ને ખિતાબો મળે છે.' ગ્રાહકો તે ખુશીથી ખરીદતા.

સ્વતંત્રતાનો માલિક બાપડો બેસી રહ્યો હતો. કોઈ ત્યાં જતું નહિ. ભુલેચુકે કોઈ ચડતો તો એનું મૂલ્ય સાંભળીને ભડકી જઈ પાછો હઠતો. એનું મૂલ્ય હતું, માથું. સ્વતંત્રતા લેનાર ગ્રાહકે પોતાનું શિર આપવાનું હતું! એ કોણ આપે?

આમ આ ચીજ મેળામાં વેચાઈ નહિ. મેળો ઘણા દિવસ ચાલ્યો. દરરોજ સ્વતંત્રતાનો માલિક બાપડો એકલો પડી જતો. કોઇ એની પાસે પણ આવતું નહિ. એણે વિચાર્યું, 'આ દેશમાં મારા માલની કદર નથી. અહીં મારો માલ નહિ ખપે. લાવ બીજે દેશ જાઉં.'

પોતાનો માલ સમેટી લઈ એ જવા નીકળ્યો. એટલામાં એક દીનહીન કૃષકાય મનુષ્ય ત્યાં આવ્યો.

'કેમ ભાઈ, આપ ચાલ્યા જાઓ છો ?' એણે પુછ્યું.

'મારો માલ વેચાતો નથી. અહીં રહીને શું કરૂં ?' નિરાશ ઉત્તર મળ્યો.

'તમારી પાસે શું છે.'

'સ્વતંત્રતા.'

'સ્વતંત્રતા ?' તે સાનંદાશ્ચર્ય પોકારી ઉઠ્યો, 'એ તો હું આજ કેટલા દિવસ થયા માગી રહ્યો છું.'

માલિક હસ્યો, 'આપ લેશો ?'

'હા જરૂર.' એણે કહ્યું.

'પણ એનું મૂલ્ય આપ આપી શકશો ?' એણે પુછ્યું.

'બોલો, શું માગો છો ?'

'આપનું શિર. આપી શકશો ?'

હસતે ચહેરે તેણે પોતાનું માથું કાપી આપ્યું:–અમર સ્વતંત્રતા લીધી.

(હિંદી પરથી) નરીમાન સોરાબજી ગોળવાળા

ટમેટાંની તરફેણમાં

ટમેટાંમાં લોહનું પ્રમાણ દુધમાંના લોહ કરતાં બમણું ને ઇંડામાંના લોહ કરતાં પાંચગણું હોય છે. સફરજન અને કેળાં કરતાં ટમેટાંમાં 'લાઇમ' વધારે છે; માંસ ને મચ્છી કરતાં તેમાં 'લાઇમ' ત્રણ ગણો વધુ હોય છે. શરીરને પોષક એવાં ત્રણ જાતનાં વિટામિન ટમેટાંમાં સારીપેઠે હોય છે. ટમેટાંના સેવનથી ઘણો ફાયદો છે. પાકાં ટમેટાં ફળ તરીકે સ્વાદથી ખાઇ શકાય છે. તેની કચુંબર પણ સ્વાદિષ્ટ થાય છે. તેમ ન ભાવે તેને માટે શાક કરીને ખાવાની ભલામણ છે.

સૂપા ગુરુકુળનો ૧૯૮૩નો વાર્ષિક વૃત્તાન્ત અને હિસાબ

મહી-રેવા લોહાણા બોર્ડિંગ વડોદરાનો સં. ૧૯૮૨–૮૩નો ૧૭મો વાર્ષિક રીપોર્ટ.

સાર્વજનિક એજ્યુકેશન સોસાએટી-સુરતનો ૧૯૨૭-૨૮નો વાર્ષિક અહેવાલ.

❀ કહેણી મિસરી ખાંડ હય રહેણી તત્તાં લોહ ❀

ઈબ્રાહીમ વરસોથી વાડીનું માળીપણું કરતો. કોઇ દહાડો નહિ ને એક વાર શેઠ કેરીની મોસમમાં મિત્રોને લઇ વાડીએ કેરીઓ ખાવા આવ્યા અને થોડી સારી કેરીઓ મંગાવી. પણ બધી ખાટી! 'અરે ઇબ્રાહીમ, આવી કેમ લાવ્યો? સારામાં સારા આંબાની લઈ આવ?' જવાબ મળ્યો: 'જી, કયો આંબો સારો છે તેની મને ખબર નથી.' શેઠ ગુસ્સે થયા, 'એટલું પણ ભાન નથી?' માળી કહે, 'હું કેમ જાણું? કદિ કોઇ આંબાની કેરી ચાખી હોય તો ને?' શેઠ વિસ્મિત થયા: 'ખરેખર?' 'હા જી; મારૂં કામ તો રખવાળી કરવાનું. કેરી મારાથી કેમ ખવાય?' એ પ્રામાણિક માળી ઈબ્રાહીમ પોતાની પવિત્રતાથી મુસલમાનોમાં સંત ગણાયો.

સિક્કા ઉપર માણસની છબી સૌથી પહેલી પડી તે મહાન સિકંદરની.

દુનિયામાં આજ કુલ ૨,૯૬,૮૭,૪૯૯ મોટરો છે એમ કહેવાય છે.


સરખા શબ્દો: સાર=વેહ, કાણું. સાર=વાતનો બોધ, તાત્પર્ય: હેતુ, પરિણામ.

રાત્રે પ્રકાશતા આગિયા કીડામાં માત્ર નરના જ શરીર પર એવી પ્રકાશરજ હોય છે જેને લીધે તે રાત્રે દીપકની પેઠે પ્રકાશે છે; માદાને એ રજ હોતી નથી.

૧લી ઑક્ટોબર—મિસિસ બેસંટની જન્મતિથિ. ૨જી ઑક્ટો. ગાંધીજીની જન્મતિથિ. ૮મી ઑક્ટો. સ્વામી રામતીર્થની જન્મતિથિ; ૧૭મી ઑક્ટો. એમની અવસાન તિથિ. ૫મી નવે. સર ફિરોજશાહ મહેતાનું અવસાન; ૧૦મી નવે. સુરેન્દ્રનાથ બૅનરજીની જન્મતિથિ.

બાઇસિકલનો ચિત્ર-ઇતિહાસ

છોકરાંને રમવાના ઘોડા જેવી સ્થિતિમાંથી મોટર સાઇકલ ને મોટર-સ્કૂટર સુધીની સ્થિતિએ સાઈકલ જે ક્રમે પહોંચી તે બતાવતા ચિત્રો. પહેલી ઉભી હાર-મથાળેથી: (૧) ઈ. સ. ૧૮૧૮માં પહેલી શોધાએલી છોકરાંના ઘોડાના ઘાટની સાઈકલ (૨) ૧૮૪૬માં ડાલ્ઝેલે બનાવેલી ક્રૅન્ક અને લિવરથી ચાલતી સાઈકલ (૩) ૧૮૬૯ની સાલની, લાકડાનાં પૈડાંવાળી ને આગલા પૈડા પર પેડલવાળી હાડકાં ખખડાવનારી સાઇકલ (૪) અને એમાંથી વિકસીને ૧૮૭૩માં આવો ઘાટ પામેલી પ્રખ્યાત ઉંચી સાઈકલ (૫) ૧૮૭૯માં જે. એસ. લૉસને પેટન્ટ કરાવેલી સેફટી-સલામત-સાઇકલ (૬) ૧૮૮૫માં શોધાએલી બે જણ બેસે તેવી વિચિત્ર ટૅન્ડમ સાઈકલ (૭) અંતે એ જ સાલમાં શોધાએલી આજની સાઇકલની માતા રોવર સેફટી સાઇકલ. બીજી ઉભી હાર-મથાળેથી: (૮) ૧૮૯૦ની ડનલોપનાં હવા ભરવાનાં ટાયરવાળી પહેલવહેલી બાઈસિકલ (૯) પેલી ટૅન્ડમમાંથી વધીને બેને બદલે ચાર જણ બેસે તેવી આ સાઈકલ ૧૮૯૫માં બની (૧૦) ૧૯૨૦ની ફ્રીવ્હીલ અને બૉલ-બેરિંગવાળી લેડી સાઇકલ (૧૧) કલાકે સિત્તેર માઇલની ઝડપે દોડતી ૧૯૨૦ની મોટર સાઈકલ (૧૨) એ જ સાલમાં ચાલુ થએલી કલાકે ૧૫ માઇલની ઝડપે ચલાવી શકાતી ઑટો વ્હીલ વાળી પુશ બાઈક (૧૩) મોટરસાઇકલનું હલકું સ્વરૂપ-મોટર સ્કૂટર: બે હૉર્સપાવરના એન્જીન વાળી; ૧૯૨૦ની સાલની.



કનુ—વાતવાતમાં સમ ખાવાની તને બહુ ટેવ છે.
રામુ—જરા પણ નહિ; કોણે કહ્યું?
કનુ—જુઠું શા માટે બોલે છે?
રામુ—તમારા સમ; સાચું કહું છું.



૨૫૦ વરસનો!

ચીનના ઝેચુઅન પ્રાંતના શાંગ-ચુ-આન ગામનો આ ચીનો ૨૫૦ વર્ષની વયનો કહેવાય છે. લી ચિંગ-ચુન એનું નામ. હજી પણ તે શરીરે ખડતલ છે ને પોતાથી બે સૈકા નાનેરાઓની હારમાં ઉભો રહે તેવો છે. ૧૦ વરસની વયથી એને મુસાફરીએ નીકળવું પડેલું તે ૧૦૦ વરસનો થયો ત્યાં સુધી, ચીન ઉપરાંત મંચુરિયા, તિબેટ, અનામ અને સીઆમ સુધી વૈદકીય વનસ્પતિ એકઠી કરતો તથા વેચતો ફર્યો. તે પછી તેણે ચીનમાં રહીને જુદાજુદા પ્રાંતોમાં દવાની ફેરી કરવા માંડી. આ સફરમાં રોજના ૧૦૦ લી તે ચાલતો. તે ૧૪ વખત પરણ્યો, અત્યારે ૧૧ પેઢી તેની થઈ છે ને તેનાં કચ્ચાંબચ્ચાં મળીને ૧૮૦ની સંખ્યા થાય છે. એની આંખો હજી એટલી જ તેજ છે. ચિત્રમાં જણાય છે તેમ એણે એના જમણા હાથના નખ ખુબ લાંબા વધાર્યા છે; તે સિવાય નખની બીજી પેટી ભરી છે! મંચુ વંશના રાજાઓનો આખો ઇતિહાસ તે કહી શકે છે.

પાંદડાંનો લીલો રંગ કાયમ જાળવી રાખવાની એક સહેલી રીત છે. પાનને બે બ્લૉટિંગ વચ્ચે મુકી, કોઇ પુસ્તક વચ્ચે રાખી પુસ્તક પર વજન મુકો. આ સ્થિતિમાં એકબે દિવસ રાખ્યા પછી નોટમાં કે ગમે ત્યાં ગુંદ વડે ચોંટાડી દો. હમેશાં લીલું રહેશે. કરી તો જોજો.

દુનિયામાં વધારેમાં વધારે માણસો ક્યાં મરે છે? રણક્ષેત્રમાં? ના; પથારીમાં. અને છતાં લોકો પથારીથી નથી બીતા ને રણક્ષેત્રથી બીએ છે!

લાકડામાં કટાઇ ચોંટી રહેલા ખીલા અથવા સ્ક્રુ બહાર કાઢવા માટે તેની આજુબાજુથી થોડું ગરમ મીણ રેડી દેવું. થોડી વારે તે અંદર ઉતરી જાય એટલે સહેલાઇથી ખેંચી શકાશે.


તુવેરના છોડની રાખનો ઉપયોગ બંદુકનો દારૂ બનાવવામાં થાય છે.

ધીરજથી વાંચીને આ કવિતા સમજો:

આપે સુખી સુજન તો દુઃખી દુઃખ કાપે,
કાપે ન કષ્ટ કદિ જો, દુઃખ દિલ વ્યાપે;
વ્યાપે ન દુઃખ વપુમાં, સ્વયસુખ શાપે,
શાપે ન તો સુખી ભલે, ભરપુર પાપે.

આંખે ત્રિફળાં, દાંતે લુણ,
પેટ ન ભરીએ ચારે ખુણ.

કરવતીથી લાકડું કાપવાની શરૂઆત કરતી વખતે મોટા દાંતાને લીધે ઘણી વાર કરવતીને લાકડામાં જમાવતાં વાર લાગે છે અને લાકડાનું મોટું છોડું ઉખડી જાય છે. આને માટે એક સહેલો ઉપાય છે. કરવતીના હાથાની પાસેના થોડાક દાંતા વચ્ચેથી કાપી એકના બે દાંતા બનાવવા. આ નાના દાંતા વડે લાકડું કાપવાની શરૂઆત કરવાથી છોડાં ઉખડશે નહિ, કરવતી જામશે અને મોટા દાંતા માટે તે જગ્યા કરી આપશે.



કોશેન (જાપાન)માં આવેલું બેઈઝબૉલની રમતનું આ રાષ્ટ્રીય મેદાન એક લાખ માણસનો સમાવેશ કરી શકે તેવડું જંગી છે. જાપાનની ઇલેક્ટ્રિક રેલવે કંપનીએ એ બંધાવ્યું છે. તેમાં પ્રેક્ષકો માટે બે વર્ગ હોય છે: એક ફી વાળો, ને બીજો મફત. બેઈઝબૉલ એ ક્રિકેટને મળતી અમેરિકન રમત છે ને જાપાનમાં તે ઘણી લોકપ્રિય છે. દેશનો અદનામાં અદનો માણસ પણ તેમાં રસ લે છે. આ રમતો ચાલતી હોય છે ત્યારે વેપારરોજગાર, કામધંધા વગેરે બધું અરધું બંધ જેવું. પહોંચી શકે તે સૌ એ મેદાનમાં રમતો જોવા જવાના. જેમને કમભાગ્યે ઑફિસે રહેવું પડે તેઓ પણ રેડિયો મારફત દરેક સ્ટ્રોકથી માહિતગાર રહે, ને ઑફિસમાંના પાટિયા પર પણ રમતના માર્કસ (રન) મિનિટેમિનિટે લખાતા હોય. બુઢ્ઢા જુવાન, ગરીબ તવંગર સૌ રમત પાછળ જાણે ગાંડાંતુર!
રમતોમાં એટલો રસ એ પ્રજાના તેજસ્વી પ્રાણનું સૂચક છે.